Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૮૬
તા.૨૫-૧૧-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૧ સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન			
ડીસા	૧૩.૮	વડોદરા	૧૫.૬
અમદાવાદ	૧૩.૦	સુરત	૧૮.૦
ગાંધીનગર	૧૧.૦	નલિયા	૧૦.૨

ચાંદી : ૪૦,૪૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

દલિતો માટે ભાજપ અને મોદીજીએ શું કર્યું કહો : રાહુલ

ન ખાઉંગા, ન ખાને દૂંગાની વાતો કરનાર મોદી જય શાહના મુદ્દે કેમ ચૂપ છે : નોટબંધીમાં તમામ ચોરોનું કાળુ નાણું સરકારે સફેદ કરાવી આપ્યુ છે

અમદાવાદ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ફરી ગુજરાતની મુલાકાત દરમ્યાન પોરબંદર, સાણંદ, અમદાવાદ સહિતના સ્થળોએ નોટબંધી અને જીએસટીને લઇ મોદી સરકાર અને ભાજપ પર ફરી એકવાર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ ગુજરાતની જનતાને આશ્વાસન આપ્યું હતું કે, ગુજરાતનો વિકાસ મોદી કે ભાજપના લીધે નથી થયો પરંતુ ગુજરાતની જનતા, ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને સામાન્ય નાગરિકના કારણે થયો છે. ગુજરાતની જનતામાં ભરપૂર શકિતઓ છે. ભાજપના શાસનમાં તમારી શકિતઓનો ઉપયોગ થયો નથી. કોંગ્રેસની સરકાર આવશે તો, દરેક ગુજરાતીની શકિતનો પ્રયોગ અમે કરીશું. અમે તમામ લોકોને સાથે લઈને ચાલીશું અને અમારી સરકાર એ તમારી પોતાની સરકાર હશે.

રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડા હાથે લેતાં જણાવ્યું કે, નોટબંધીએ ભારતીય લોકતંત્રના ઈતિહાસમાં સૌથી મોટી ભૂલ હતી અને સ્વયં મોદીજીએ હિન્દુસ્તાનના ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ, નાના દુકાનદારો, વેપારીઓ, મહિલાઓ, બહેનો બધાને લાઇનમાં લગાવી દીધા અને બેંકોના પાછલા દરવાજેથી હિન્દુસ્તાનના તમામ ચોરોએ પોતાનું કાળુ નાણું સફેદ કરાવી દીધું. આ બહુ આઘાતજનક અને લોકશાહીના ઈતિહાસમાં કાળા દિવસ સમાન ઘટના છે. કારણ કે, નોટબંધી દરમ્યાન ૧૦૦થી વધુ નિર્દોષ નાગરિકો મોતને ભેટયા અને લાખો લોકો બેરોજગાર થઇ ગયા.

ભાજપની ૫ મી યાદી ૧૩ નામો જાહેર કરાયા

નવી દિલ્હી-અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે આજે તેની પાંચમી યાદી જાહેર કરી હતી. આની સાથે જ ભાજપે મોટાભાગના ઉમેદવાર વિધાનસભાની ચૂંટણી માટે જાહેર કરી દીધા છે. ઉમેદવારો જાહેર કરવાનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે. ૧૩ ઉમેદવારોની પાંચમી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં ભાજપે ધાનેરા, વડગામ, પાટણ, ઊંઝા અને અન્ય કેટલાક સ્થળો માટે ઉમેદવાર જાહેર કર્યા હતા. કડી એસસીમાંથી કરસનભાઈ સોલંકીને ટિકિટ આપવામાં આવી છે જ્યારે વિજાપુરમાંથી રમણભાઇ પટેલ અને ઇડર એસસી પરથી હિતેશભાઈ કનોડિયાને ટિકિટ આપવામાં આવી છે. મંગળવારના દિવસે ભાજપે વિધાનસભા ચૂંટણી માટે તેની ચોથી યાદી જાહેર કરી હતી. ગયા સોમવારે ૨૮ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી હતી. ગુજરાતમાં ભાજપે આક્રમક જીત મેળવવાના ઈરાદા સાથે ઉમેદવારોની યાદી જારી કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. ભાજપે જે તેની પાંચમી યાદી જારી કરી છે તેમાં કોઇ મુસ્લિમ ચહેરાને તક આપવામાં આવી નથી. માણસામાંથી અમિત ચૌધરીને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. કાલોલમાંથી સુમનબેન પ્રવિણસિંહને ટિકિટ અપાઈ છે. જ્યારે ઠક્કરબાપુ નગરમાંથી વલ્લભ કાકડિયાને ટિકિટ આપવામાં આવી છે. ભાજપે ગુજરાત વિધાન સભાની ચૂંટણી માટે ઉમેદવારોની પ્રથમ યાદી ૧૭મી નવેમ્બરના દિવસેજારી કરી દીધી હતી. જેમાં ૭૦ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૮મીએ ૩૬ ઉમેદવારોની બીજી યાદી, ૨૦મી નવેમ્બરે ૨૦ ઉમેદવારોની ત્રીજી યાદી અને ૨૧મી નવેમ્બરે એક ઉમેદવારનું નામ જાહેર કરાયું હતું ત્યારબાદ આજે ભાજપે પાંચમી યાદી જાહેર કરી હતી. ભાજપે તેના ૭૦ ઉમેદવારોની જે પ્રથમ યાદી જાહેર કરી હતી તેમાં ચાર મહિલાઓનો પણ સમાવેશ હતો. ઉમેદવારોની યાદી જાહેર કરતી વેળા તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી.

ભાજપ ઉમેદવારોની યાદી

ધાનેરા	માવજીભાઈ દેસાઈ (રબારી)
વડગામ એસસી	વિજયભાઈ હરખભાઈ ચક્રવર્તી
પાટણ	રણછોડભાઈ રબારી
ઊંઝા	નારણભાઈ એલ પટેલ
કડી (એસસી)	કરસનભાઈ પૂંજાભાઈ સોલંકી
વિજાપુર	રમણભાઈ પટેલ (સ્ટારલાઈન)
ઈડર (એસસી)	હિતેશભાઈ કનોડિયા
દહેગામ	બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ
માણસા	અમિતભાઈ ચૌધરી
ઠક્કરબાપાનગર	વલ્લભભાઈ કાકડિયા
ધંધુકા	કાળુભાઈ ડાભી
નડિયા	પંકજભાઈ દેસાઈ
કાલોલ	સુમનબેન પ્રવિણસિંહ ચૌહાણ

વાવમાં વિકાસનાં વાવેતર થયાં

૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં વાવ વિસ્તારમાંથી રાજયમંત્રી અને સહકારી આગેવાન શંકરભાઈ ચોધરીએ આજે તેમનું ઉમેદવારી પત્ર ભર્યું હતું.

તા.પ્રતિનિધિ વાવ

વિધાનસભાની ચૂંટણીમાં વાવ બેઠક પર ભારતીય જનતા પાર્ટીએ પુનઃ શંકરભાઈ ચૌધરીને ટીકીટ આપતાં ગતરોજ પ્રચંડ જનમેદનીના સમર્થન વચ્ચે શંકરભાઈએ સુઈગામ પ્રાંત કચેરી ખાતે પોતાનું ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતું. ગતરોજ વાવ ખાતે યોજાયેલ વિશાળ જાહેર સભાને સંબોધતા રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, દરેક સમાજમાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત આપ સહુ વિકાસને વધાવવા આવ્યા છો, આ વિસ્તાર સરહદી વિસ્તાર છે. એક તરફ રાજસ્થાન અને બીજી તરફ પાકિસ્તાન છે. આ વિસ્તારને ૫૦ કરતાં વધુ વર્ષ સુધી પછાત રાખવાનું કામ કોંગ્રેસની સરકારોએ કર્યુ છે તે કલંક ભુસવાનો, ખેડૂતોને ખુશાલી આપવાનો શક્ય પ્રયાસ આપણે કર્યો છે. પાંચ વર્ષમાં નર્મદાનું કામ ૯૫% પુરૂ થયુ છે. ખેડૂતો ત્રણ વર્ષથી બબ્બે સીઝન લઈ રહ્યા છે. પુરની સ્થિતીમાં વડાપ્રધાન, મુખ્યમંત્રી સહિત ભારતીય જનતા પાર્ટીએ ઘણીજ મદદ કરી છે. હજુ પણ જે કાંઈ કમી રહી ગઈ હોય તે પુર્ણ કરવા ભારતીય જનતા પાર્ટીની સરકાર તૈયાર છે. વાવ, સુઈગામ અને ભાભર ત્રણેય તાલુકામાં કોલેજો, આરોગ્ય ધામો, સ્કૂલો રોડ રસ્તા સહિત અનેક કામો આ વિસ્તારમાં સાકાર થયા છે. આજે આ ચૂંટણી હું નહી આપ સહુ લડો છો. તમારા આર્શીવાદ સાથે આજે ફોર્મ ભરૂ છું, દરેકનું ભલુ થાય તેવું કામ આપણે કરવુ છે. તેમણે સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને જનતા જંગી બહુમતીથી જીતાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય કૃષિ મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ પ્રમુખ પુરૂષોત્તમ રૂપાલાએ તેમની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે, આટલી વિશાળ સંખ્યા જોતા મને પહેલીવાર એવું લાગે છે કે, આ ફોર્મ ભરવાની સભા અને વિજયી સભા સાથે હોય તેવું લાગે છે, કોંગ્રેસ આ સભા જોઈને ચૂંટણી લડવાનું કદાચ માંડી વાળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મારૂ સદ્ભાગ્ય છે કે આ વિસ્તારમાં મને ઢીમા ધરણીધરના સાનિધ્યમાં આવવા મળ્યુ. જેમ ગંગા નદીના પ્રવાહ માટે ભોલેનાથે જટા ફેલાવી તેમ આ વિસ્તારને શંકરભાઈ મળતા આ વિસ્તારની રોનક બદલાઈ છે. કોઈને વિકાસ ન દેખાતો હોય તો તે તેમની આંખનો પ્રોબ્લેમ છે. વિકાસનું કામ કરવા માટે ભારતીય જનતા પાર્ટીના કુળમાજ જનમ લેવો પડે તમે આ વિસ્તારના ૯૫% નર્મદા યોજનાના કામ માટે શંકરભાઈને વોટ આપજો અને ૧૦ વર્ષ સુધી નર્મદા યોજનાની પરવાનગી ન આપી તેમને સજા કરજો અને તેમની ડીપોઝીટ જપ્ત કરવાની સજા આપજો. કોંગ્રેસના વડાપ્રધાન એવું કહે છે કે નમદાના કામ માટે ગુજરાતના મુખ્યમંત્રી અમને કહેવા નહોતા આવ્યા તેવું કહેલું કેટલે અંશે યોગ્ય છે ? જો કોઈ ગામમાં વિકાસ ન થાય તો શંકરભાઈ એવું કહે કે

અનુસંધાન પાના નં.૬

શંકરભાઈની ઉમેદવારી સાથે...

- ✱ મેઘવાળ અને દલીત સમાજે શંકરભાઈની ડીપોઝીટ ભરીને આશીર્વાદ આપ્યા.
- ✱ ઢીમા ધરણીધર મંદિરના મહંત શ્રી પૂજ્ય જાનકીદાસ મહારાજે શંકરભાઈને વિજય તિલક કર્યુ.
- ✱ સમગ્ર સરહદી વિસ્તારની જનમેદનીએ સમર્થન આપ્યુ.
- ✱ વિવિધ સમાજોના અગ્રણીઓએ સામાજીક ટેકો આપ્યો.
- ✱ "શંકરભાઈ તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ" ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું.
- ✱ શંકરભાઈના આગમન ટાણે "દેખો દેખો કૌન આયા, સરહદ કા શેર આયા" ના નારા ગુંજ્યાં,
- ✱ હજારોની સંખ્યામાં સમર્થકો ઉમટી પડતાં શામીયાણો નાનો પડ્યો.
- ✱ કૃષિમંત્રી રૂપાલાજીએ ડાયરાની જમાવટ રૂપે સભાને મંત્ર મુગ્ધ કરી હતી.
- ✱ સરહદી વિસ્તારના અનેક સંતો મહંતોએ ઉપસ્થિત રહી શંકરભાઈને આશીર્વાદ આપ્યા.

સંસદનું શિયાળુ સત્ર ૧૫મી ડિસેમ્બરથી શરૂ થશે

નવીદિલ્હી

સંસદનું શિયાળુ સત્ર ૧૫મી ડિસેમ્બરથી શરૂ થશે. ચૂંટણીના કારણે આ સંસદનું શિયાળુ સત્ર વિલંબમાં શરૂ થઇ રહ્યું છે. તમામ અટકળો અને વિપક્ષની માંગ વચ્ચે સરકારે સંસદના શિયાળુ સત્રની જાહેરાત કરી દીધી છે. શિયાળુ સત્ર ૧૫મી ડિસેમ્બરથી શરૂ થશે અને પાંચમી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થશે જેમાં ૧૪ કામકાજના દિવસ રહેશે. શિયાળુ સત્ર શરૂ થવામાં વિલંબ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈ પ્રાથમિકરીતે વિલંબ જોવા મળે છે. સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે આજે આ મુજબની વાત કરી હતી. સત્રમાં વિલંબ પ્રથમ વખત નથી.

કોંગ્રેસની ફોર્મ્યુલા પાટીદારોને ગેરમાર્ગે દોરે છે : નીતિન પટેલ

અમદાવાદ

પાટીદાર નેતા હાર્દિક પટેલ દ્વારા પાટીદાર અનામતની ફોર્મયુલાનો સ્વીકાર કરવામા આવ્યા બાદ આજે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે અનામતના મામલે કોંગ્રેસ અને કપિલ સિબ્બલ ઉપર આકરા પ્રહારો કરતા કહ્યુ કે,૫૦ ટકાથી વધારે અનામત આપવી શકય જ નથી અને આ બાબતે ખુદ કપિલ સિબ્બલ દ્વારા વર્ષ-૧૯૯૮માં સુપ્રિમ કોર્ટમાં દલીલ કરી હતી.તેમણે કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યુ કે,કોંગ્રેસે માત્ર અને માત્ર ચૂંટણીમાં લાભ લેવા પાસ અને પાટીદારોને છેતર્યા છે.આજે એક પત્રકાર પરિષદને સંબોધતા રાજયના

અનુસંધાન પાના નં.૬

થરાદમાં ભાજપના ઉમેદવાર પરબતભાઇ પટેલે વાજતે ગાજતે વિજય મુહૂર્તે ઉમેદવારીપત્ર ભર્યું

હેકડેઠઠ જનમેદની વચ્ચે પુરૂષોત્તમ રૂપાલા અને હરીભાઇ ચૌધરીની વિશેષ ઉપસ્થિતી : જીતની હાકલ

થરાદ

થરાદ બેઠકના ભાજપના ઉમેદવાર શુક્રવારે વિજયમુહર્તે વાજતે ગાજતે પોતાનું છઠ્ઠી વખત ધારાસભ્ય તરીકેનું ઉમેદવારી પત્ર રજુ કર્યું હતું. આ પ્રસંગે હેકડેઠઠ જનમેદની વચ્ચે પુરૂષોત્તમ રૂપાલા અને હરીભાઇ ચૌધરીએ પણ ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી જીતાડવાની તથા કૉંગ્રેસની ડિપોઝીટ ડૂલ કરાવવાની હાકલ કરી હતી. પરબતભાઇના ફોર્મ ભરવાના કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહેતાં ચુંટણી જંગનો સળવળાટ શરૂ થવા પામ્યો હતો.

અગાઉ કૉંગ્રેસ,અપક્ષ અને ભાજપમાં ધારાસભ્ય તરીકે સતત બે ટર્મથી ચુંટાઇ આવેલા થરાદના પરબતભાઇ પટેલની પક્ષ પ્રત્યેની વફાદારી, વિશ્વસનીયતા અને લોકચાહનાના કારણે ફરીથી પસંદગીની મહોર મારતાં તેમણે શુક્રવારે છઠ્ઠી વખત ૧૨.૩૯ મિનીટે વાજતે ગાજતે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું.આ વખતે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમંત્રી શંકરભાઇ ચૌધરી (વાવ) અને દિયોદરના કેશાજી ચૌહાણે પણ

અનુસંધાન પાના નં.૬

ગતકડું....

- દેવન વ્યાસ



હે ઈશ્વર, મોંઘવારીથી બચાવી મારૂં રક્ષણ કરો...!!

ધાનેરા અને વડગામના ભાજપના ઉમેદવારો જાહેર

ડીસા અને પાલનપુર બેઠકનું કોકડુ ગુંચવાયેલું

ડીસા

ગઈકાલે શુક્રવારે ભાજપની જાહેર કરાયેલી ચોથી યાદીમાં બનાસકાંઠા જિલ્લાની વધુ બે બેઠક ધાનેરા અને વડગામના ઉમેદવારો જાહેર કરાયા હતા. પરંતુ બાકીની બે ડીસા અને પાલનપુર બેઠકમાં ગૂંચવાડો અકબંધ રહ્યો છે. જ્યારે કોંગ્રેસે તો હજુ સુધી એક પણ ઉમેદવાર જાહેર કર્યા નથી. તેથી હવે ફોર્મ ભરવાનો માત્ર એક દિવસ બાકી રહ્યો છે. જેના કારણે પસંદ કરાયેલ ઉમેદવારોને સીધુ 'મેન્ડેટ' અપાય તેમ છે.

નવ વિધાનસભા બેઠક ધરાવતા બનાસકાંઠા જિલ્લાની પ્રજા ચૂંટણીમાં અણધાર્યા પરિણામો આપે છે. તેથી ઉમેદવારોની પસંદગી મુદ્દે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પ્રારંભથી જ મડાગાંઠ પડેલી છે. પરંતુ ભાજપે પ્રથમ યાદીમાં જ જિલ્લાના ત્રણેય ધારાસભ્યો (વાવ- થરાદ અને દિયોદર) ને રીપીટ કર્યા હતા. એ પછી બીજી યાદીમાં કાંકરેજ અને દાંતા (અનુ.જનજાતિ) બેઠકના ઉમેદવારે જાહેર કર્યા હતા. ત્યારબાદ ગઈકાલે ચોથી રજૂ કરેલી યાદીમાં ધાનેરા માવજીભાઈ દેસાઈ અને વડગામ (અનુ.જાતિ) વિજયભાઈ ચક્રવર્તી બેઠકના ઉમેદવાર જાહેર કર્યા હતા. તેથી હવે માત્ર ડીસા અને પાલનપુરની બે બેઠકના ઉમેદવારો બાકી છે.

તેથી આ બંને બેઠક ઉપર ગૂંચવાડો યથાવત રહ્યો છે. પરંતુ તેમાં એક બેઠક બ્રાહ્મણ ઉમેદવારને જ્યારે એક બેઠક ઈત્તર સમાજને ફાળવાય તેવી શક્યતા છે. જો કે શનિ- રવિવારની રજાઓને બાદ કરતા હવે ફોર્મ ભરવા માટે માત્ર એક દિવસ સોમવાર બાકી બચ્યો છે. તેમ છતાં કોંગ્રેસમાં હજુ સુધી એક પણ ઉમેદવારનું નામ જાહેર થયું નથી. તેથી પસંદ કરાયેલ ઉમેદાવરોને આગોતરી સુચના બાદ સીધા'મેન્ડેટ' ફાળવાય તેવી શક્યતા છે.

કોંગ્રેસ ઉમેદવારોને સીધુ 'મેન્ડેટ' આપે તેવી શક્યતા

સૂર્યોદય - ૭.૦૧ સૂર્યાસ્ત - ૫.૫૩

તિથિદર્શન

માગસર સુદ-૬ શનિવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :છ૬ શનિવાર નક્ષત્રઃ શ્રવણ બપોરે ૧૨.૪૯ પછી ઘનીષ્ઠા યોગ : ધ્રુવ કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) રાત્રે ૨.૦૧ પછી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

ન રમ્યં નારમ્યં પ્રકૃતિ ગુણતો વસ્તુ કિમપિ
પ્રિયત્વં યત્ર સ્યાદિ તરદપિ તન્દ્રા હકવશાત
રહ્યાંગાંહ્યાં ના નાં ભવતિ વિદ્યુરડગારશ કટી
પટીરામ્ભઃ કુંભઃ સ ભવતિ ચકોરી નયનયોઃ

કોઈ પણ વસ્તુ- બાબત- ઘટના તેના પોતાના ગુણ-સ્વભાવની દૃષ્ટિએ નથી રમ્ય કે નથી અરમ્ય , એટલે કે પોતાની રીતે સારી કે ખરાબ નથી જ પરંતુ તેમ છતાં કોઈને એ સારી લાગે કે ખરાબ દેખાય છે, એટલે કે કોઈને ગમે કે કોઈને ન ગમે, કોઈને પ્રિય લાગે કે કોઈને અપ્રિય લાગે, એ વસ્તુને વ્યક્તિ પોતાના સ્વભાવ અને અપેક્ષાઓની દૃષ્ટિએ જ મૂલવે છે.દાખલા તરીકે ચંદ્ર અને ચાંદની પોતાના સ્વભાવથી શીતળ જ છે, ચકોરીનાં નેત્રોને ચંદ્ર જળથી ભરેલા અમૃતના ઘડા જેવો લાગે છે, એ જ ચંદ્ર ચક્રવાક યુગલને અંગારાથી ભરેલી સગડી જેવો લાગે છે.

આજના યુવાનોને 'નવરાત્રી'નો આતુર નયને ઈંતેજાર હોય છે, નવ- નવ દિવસના ડ્રેસની તૈયારી, નૃત્યની તાલીમ અને મિલન-મુલાકાતના આયોજનથી નવરાત્રી આનંદોત્સવ જેવી લાગે છે, જ્યારે પ્રૌઢોને નાહકના ઉજાગરા, ફોગટની નાચકૂદ અને ચારિત્ર્યની ચિંતા સતાવે છે. આમ,'નવરાત્રી' ભક્તો માટે આરાધનાનો ઉત્સવ પણ થઈ જાય છે. એક ઉત્સવ છે છતાં સૌ પોતાની દૃષ્ટિએ તે મૂલવે છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) બગડેલા કાર્યો સુધરે, સંતાનથી લાભ થાય..

વૃષભ : (બ.વ.ઉ.) માનસિક ચિંતા દૂર થાય, આવકમાં વૃધ્ધિ થાય.

મિથુન : (ક.છ.ઘ.)મહત્વની તક સાંપડે, સામાજિક પ્રવૃત્તિમાં વધારો થાય.

કર્ક : (ડ.હ.) વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, કાર્યક્ષેત્રમાં સફળતા મળે.

સિંહ : (મ.ટ.) સંપત્તિ સંબંધી કાર્યમાં સફળતા, માનસિક તાણ દૂર થાય.

કન્યા : (પ.ઠ.ણ.) ધાર્યા કાર્યમાં વિલંબ થાય, આર્થિક સમસ્યા હળવી બને.

તુલા : (ર.ત.) મનની ચંચળતા દૂર થાય, કર્મક્ષેત્રે સફળતા મળે, કાર્યબોઝમાં વધારો થાય.

વૃશ્ચિક :(ન.ય.) વ્યર્થ દોડા-દોડી રહે, માનસિક પ્રફુલિતતા રહે.

ધન : (ભ.ફ.ધ.)આર્થિક ચિંતા દૂર થાય, સાહસિક કાર્યોમાં સફળતા મળે.

મકર : (ખ.જ.)આકસ્મીક ધન લાભ થાય.

કુંભ : (ગ.શ.સ.) ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

મીન : (દ.ચ.જ.થ.)પ્રવાસ ટાળવું હિતાવહ, આરોગ્ય બાબતે સંભાળવું.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ નવલકથાકાર અને પત્રકાર શ્રી ગુણવંતરાય આચાર્યની પુણ્યતિથિ છે. જન્મ ૯-૯-૧૯૦૦. એમનો જન્મ સોરઠ પ્રાંતમાં જેતલસરમાં થયો હતો. પિતા સાથે જુદી જુદી જગ્યાએ નોકરીના કારણે ફરવાના લીધે ઐતિહાસિક અને દરીયાઈ કથાઓનો ભરપુર મસાલો એમને નાની ઉંમરથી જ મળ્યો હતો.ખ'પ્રજાબંધુ'ના ભેટ-પુસ્તક તરીકે એમણે આપેલી 'દરિયાલાલ' નવલકથાએ તેમને કીર્તીની ટોચ પર મુક્યા.તા.૨૫-૧૧-૧૯૬૫ના રોજ એમનું અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ધો-૧૨ એચ.એસ.સી.નું પરિણામ આજે જાહેર થશે

તા.પ્રતિ. થરા

ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ગત ઓક્ટો- ૨૦૧૭ માં લેવાયેલ ધો.૧૨ એચ.એસ.સી. સામાન્ય વ્ય.લક્ષી, ઉ.બુનિયાદી પ્રવાહનું પરિણામ આજે તાઃ ૨૫/૧૧/૨૦૧૭ ને શનિવારના રોજ જે તે જિલ્લાના વિતરણ કેન્દ્રો ખાતે સવારે ૧૧-૦૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા દરમ્યાન વિતરણ કરવામાં આવશે. આ પરીક્ષામાં નાપાસ થયેલ. પરીક્ષાર્થીઓ તાઃ ૯/૧૨/૨૦૧૭ સુધીમાં જે તે શાળામાં માર્ચ-૨૦૧૮ ની પરીક્ષા માટેનું આવેદનપત્ર ભરી શકશે તેમ બોર્ડની યાદીમાં જણાવેલ છે.

કોતરવાડામાં નિર્વાણ તિથિ ઉજવાઈ

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના કોતરવાડા ગામના ચૌહાણ મનુભાઈના ધર્મપ્રેમી પિતા સ્વ.ધારસિંહજી અજાજી ચૌહાણની ૨૦ મી નિર્વાણ તિથિ નિમિત્તે સવારે સત્ય નારાયણ ભગવાનની કથા યોજાઈ હતી. ત્યારબાદ નેજી ચઢાવવામાં આવ્યું હતું. જે પ્રસંગે રાજયમંત્રી કેશાજી ચૌહાણ, નાગજીજી ઠાકોર, સરપંચ મગનજી ઠાકોર, ડૉ.ભરતજી ઠાકોર, દશરથજી ઠાકોર, બાલારામજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ હાજર રહી ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો.

વાસ્કો ડિ ગામા-પટણા એકસપ્રેસના ૧૩ ડબ્બા પાટા ઉપરથી ઉતર્યા,ત્રણના મોત

લખનૌ

ગોવાના મડગાંવ સ્ટેશનથી પટણા જનાર વાસ્કો ડિ ગામા પટણા એકસપ્રેસના ૧૩ ડબ્બા ઉત્તરપ્રદેશના ચિત્રકુટમાં માનિકપુર રેલવે સ્ટેશનની પાસે સવારે ૪.૧૮ વાગે પાટા ઉપરથી ઉતરી ગયા જતાં ત્રણ યાત્રીઓના મોત નિપજયા હતાં જયારે ત્રીજા વ્યક્તિની ઓળખ કરવામાં આવી આવી રહી છે. ૧૩ અન્યને ઈજા થઇ હતી.સુત્રોના જણાવ્યા અનુસાર મૃતક આંક વધે તેવી સંભાવના છે. વહેલી સવાર હોવાથી યાત્રીકો નિદ્રામાં હતાં ત્યારે એકાએક ટ્રેન પાટા ઉપરથી ઉતરી ગઇ હતી જેને કારણે યાત્રીકોમાં નાસભાગ મચી ગઇ હતી.

સુત્રોના જણાવ્યા અનુસાર ઉત્તરપ્રદેશના એડીજીના જણાવ્યા અનુસાર પહેલી નજરમાં લાગી રહ્યું છે કે ટ્રેનના ડબ્બા રેલવે ટ્રેકમાં તિરાડના કારણે ઉતરી ગયા છે. આ દરમિયાન રેલવેએ મૃતકોના પરિવારવાળાઓને પાંચ લાખ અને ગંભીર રીતે ધાયલોને એક લાખ તથા ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાયતાની જાહેરાત કરી છે.રેલવે મંત્રીએ તપાસના આદેશ આપ્યા છે.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓમાં બેતિયાના પિતા પુત્રનો સમાવેશ થાય છે જેની ઓળખ દીપક અને રામસ્વરૂપ તરીકે કરવામાં આવી છે જયારે દુર્ઘટનામાં સ્લીપર ડબ્બાને સૌથી વધુ નુકસાન થયું છે. ચિત્રકુટ પોલીસ અધીક્ષક પ્રતાપ ગોપેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ગોવાથી પટણા જનારી ૧૨૭૪૧ વાસ્કો ડિ ગામા એકસપ્રેસ વહેલી સવારે લગભગ સવા ચાર વાગે માનિકપુર જકશનના પ્લેટફોર્મ નં. ૨ની હાલત ગંભીર છે જેમને જીલ્લાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જયારે અન્ય ઇજા પામેલાઓને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગોપેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ટ્રેન દુર્ઘટનાના કારણે મુંબઇ ગોવા અને પટણા જનાર ટ્રેનો ઉપરાંત અનેક ટ્રેનોની અવર-જવર પ્રભાવિત થઇ છે. હાલમાં બચાવ અને રાહત કાર્ય ચાલુ.ઘટના બાદ ઉત્તર મધ્ય રેલવેએ હેલ્પ લાઇન નંબર જારી કર્યા હતા. જો કે યુપીમાં રેલ દુર્ઘટના કોઇ નવી વાત નથી છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં અત્યાર સુધી લગભગ ૫૦૦થી વધુ રેલ દુર્ઘટનાઓ થઇ ચુકી છે. સંસદમાં રજુ એક રિપોર્ટ અનુસાર પાંચ વર્ષોમાં ૨૦૧૨-૨૦૧૭માં દેશમાં લગભગ ૫૮૬ રેલ દુર્ઘટના થઇ છે અને તેમાં ૩૦૮ વાર ટ્રેન પાટા ઉપરથી ઉતરી ગઇ છે. વર્ષ ૨૦૧૬-૧૭માં નવેમ્બર ૨૦૧૬ સુધી ૮૫ રેલ દુર્ઘટનાઓ થઇ છે. જયારે યુપીમાં છેલ્લા દોઢ વર્ષમાં ૫ મોટી રેલ દુર્ઘટના બની છે. જેમાં ૨૫૦થી વધુ લોકોના જીવ ગયા છે. આ વર્ષ યુપીમાં સાત સપ્ટેમ્બર અને ૨૦ ઓગષ્ટે રેલ દુર્ઘટનાની ઘટના બની હતી.જેમાં ૨૩ લોકોના મોત નપજયા હતાં.

હિતેશ કનોડિયાને ટિકીટ અપાતા ઉગ્ર વિરોધ થયો

અમદાવાદ

ભાજપ દ્વારા આજે રાજય વિધાનસભાની આવી રહેલી ચૂંટણી સંદર્ભમાં જારી કરવામા આવેલી પાંચમી યાદીમા ઈડર બેઠક માટે ગુજરાતી ફિલ્મોના કલાકાર હિતુ કનોડિયાની પસંદગી કરવામા આવતાની સાથે જ ઈડરમાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ જવા પામ્યા હતા.સ્થાનિક ઉમેદવાર હી ચલેગા ફિલ્મો કા નટ નહી જેવા બેનરો સાથે સ્થાનિક લોકોએ ઉમેદવારની પસંદગી મામલે વિરોધ પ્રદર્શન પણ કર્યુ હતુ.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર,ભાજપ દ્વારા રાજય વિધાનસભાની બીજા તબકકામા ૧૪ ડીસેમ્બરના રોજ યોજાનારી ૯૩ બેઠકો માટેની ચૂંટણી અંગે ૧૩ ઉમેદવારોની યાદી જાહેર કરવામા આવી હતી.આ યાદીમાં ઈડર બેઠક પરથી ગુજરાતી ફિલ્મોના કલાકાર હિતુ કનોડિયાને ઉમેદવારી કરાવવાનો નિર્ણય કરવામા આવતાની સાથે જ સ્થાનિક રહીશોમાં ઉગ્ર વિરોધનો સુર શરૂ થઈ ગયો હતો.હિતુના નામની જાહેરાત થતાની સાથે જ દલિત સમાજના લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા.જ્યાં તેમણે સ્થાનિક ઉમેદવારનો જય હો,બહારી ઉમેદવારનો ભય હો ઉપરાંત હારે છે,હારે છે બહારના ઉમેદવારની લાયમા ભાજપ હારે છે ના બેનરો સાથે સ્થાનિક ઉમેદવાર હી ચલેગા,હિન્દી ફિલ્મો કા નટ નહીના બેનરો સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતુ.

આજે હિંમતનગર ખાતે મતદાન જાગૃતી રેલી યોજાશે

હિંમતનગર

આગામી ડિસેમ્બરમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ યોજાનાર છે જેમાં મતદારો વધુમાં વધુ મતદાન કરી મજબૂત લોકશાહિનું નિર્માણ થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર ધ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

જેમાં તા. ૨૫ નવેમ્બર ૨૦૧૭ શનિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે હિંમતનગર શહેરની હિંમત હાઈસ્કૂલ ખાતેથી બાઈક રેલીનું પ્રસ્થાન કરવામાં આવશે જેમાં વધુમાં વધુ લોકો જોડાય તેવી જિલ્લા ચૂંટણી અધિકારી ધ્વારા અપીલ કરવામાં આવી છે.

આ ઉપરાંત હિંમતનગર તાલુકાની પાણપુરની આદર્શ હાઈસકૂલ, મોતીપુરાની આદર્શ હાઈસ્કૂલ, વકતાપુર હાઈસ્કૂલ તથા સ્વસ્તિક હાઈસ્કૂલ ખાતે મતદાન જાગૃતિને લગતા ક્વીઝ, ચિત્ર સ્પર્ધા સહિતની પ્રવૃતિઓ કરવામાં આવશે એમ પ્રાંત અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ધાનેરાના સરાલ ગામે આશાપુરા માતાજીની પ્રતિષ્ઠા કરાઈ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ના સરાલ ગામે અટોસ(અટ્યા) પરીવાર ના કુળદેવી શ્રી આશાપુરી માતાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેમાં શ્રી આશાપુરી માતાજીના મુખ્ય સ્થાનક એવા રાજસ્થાન ખાતે આવેલ નાડોલ ગામે થી માતાજીની જયઓત ધાનેરાના સરાલ ગામે લાવવામાં આવી હતી અને જયોત ને સરાલ ગામે લાવતાં જયોતના વધામણા કરાયા હતા. તેમજ શ્રી આશાપુરી માતાજી તેમજ શ્રી નકળંગ ભગવાનની પ્રતિમાઓ ને વાજતે ગાજતે મંદિરે લાવવામાં આવી હતી અને ત્યાં મંત્રોચાર વચ્ચે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગે અટોસ(અટ્યા) પરીવારના લોકો તેમજ આજુબાજુના ગામમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અને હવન તેમજ મહાપ્રસાદ નો લાભ લીધો હતો. જેમાં પરીવાર ના અગ્રણી રાવતાભાઇ પટેલ, ત્રિકમાભાઇ પટેલ, સવદાનભાઇ પટેલ, રામજીભાઇ પટેલ, હમીરાભાઇ પટેલ તેમજ ગામના અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અમદાવાદમાં સામૂહિક દિક્ષા મહોત્સવ શરૂ

અમદાવાદ

૨૫ મી એ ૧૦ ભાઈઓ અને ૧૬ બહેનો દીક્ષાજીવન સ્વીકારવાના છે તે નિમિતે વિશ્વાનંદ ઉત્સવના નામે જાજરમાન ઉત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ દીક્ષાર્થીઓ જેનાચાર્ય રામચંદ્ર સુરીશ્વરજી તથા શાંતિચંદ્રસુરીશ્વરજીના સમુદાયમાં દીક્ષા લેવાના છે. દીક્ષા નિમિતે તા.૨૨ મીથી રીવરફ્રન્ટ એન.આઈ.ડી.વી. પાછળ, પાલડી ખાતે ઉત્સવ શરૂ થયેલ છે.

આ ઉત્સવ માટે ૪ લાખ ચો.ફુટ વિસ્તારમાં "વિશ્વાનંદ નગરી"બાંધવામાં આવી છે. આ દીક્ષાની સાથે સાથે ૪ મહાત્માઓને અનુયોગાચાર્યની પદવી પણ આપવામાં આવશે. આ ઉત્સવમાં ચાર દિવસના મુખ્ય કાર્યક્રમોમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાં તથા પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ વગેરે સાહિત્યકારોના હસ્તે પુસ્તક સમર્પણ મુમુક્ષુઓની પોતાના મુખે દીક્ષાની દાસ્તાન, જાજરમાન વર્ષીદાનયાત્રા હિરેન ઠક્કર જેવા જાણીતા દિગ્દર્શક દ્વારા "આનંદક્રાંતિ" નામની જીવંત દશ્યાવલી અને અંતિમ દિવસે દીક્ષા તથા પદપ્રદાન વગેરે મુખ્ય છે.

આ ઉત્સવમાં રોજના રાત્રી કાર્યક્રમો આખા અમદાવાદને આકર્ષણનું કેન્દ્ર બને તેવા હશે. દેવલોકમાંથી દેવ વિમાન અને દેવોનો કાફલો જાણે સાક્ષાત થાય એવી રચના રાત્રે ૮ કલાકે જોવા મળશે અમદાવાદની ખ્યાતનામ પાઠશાળાના બાળકો રોજ સંગીત, નૃત્ય, સંવાદ વગેરે પ્રસ્તુતિ કરશે. આ ઉત્સવમાં બંગાળી કારીગરો દ્વારા ખાસ "વિશ્વનંદ નગરી" ની રચના કરવામાં આવી છે. જેમાં "આનંદ-અંગેનો" નવો દૃષ્ટિકોણ આપણને જાણવા મળશે. "વિશ્વનંદ નગરી" ની બરાબર મધ્યમાં "વિશ્વાનંદ સ્તંભ" ની રચના કરવામાં આવશે.

નરેન્દ્ર મોદી સહિત તમામ ટોપ નેતાઓ હાજર

અમિત શાહના નેતૃત્વમાં ચૂંટણી સમિતિની મિટિંગ

અમદાવાદ-નવી દિલ્હી

ભાજપે આજે તેની પાંચમી યાદી જાહેર કરી હતી. પાંચમી યાદીમાં ૧૩ ઉમેદવારોના નામ છે. વ્યાપક વિચારણા બાદ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના નેતૃત્વમાં કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી રાજનાથસિંહ, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, કેન્દ્રીય ચૂંટણી સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ અને યાદીમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવ્યા બાદ મહત્વપૂર્ણ નિર્ણય કરાયો હતો. યાદીમાં ભાજપે તમામ સમુદાયને પુરતી તક આપવાના પ્રયાસ કર્યા છે. આ યાદીમાં જાતિગત સમીકરણો પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. પાંચમી યાદીમાં પણ પાટીદાર સમુદાયના લોકોને તક આપવામાં આવી છે. જાતિગત સમીકરણોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

ઉગ્ર વિરોધ ટાળવા કોંગ્રેસેનું પગલું

અમદાવાદ : ૪ ઉમેદવારને ફોર્મ ભરવા ફોનથી સુચના

દાણીલીમડા માટે શૈલેષ પરમાર, ખાડિયા-જમાલપુર માટે સાબીર ખેડાવાલાને ઉમેદવારી ફોર્મ ભરવા માટે કહેવાયું

અમદાવાદ

બીજા તબકકાની આગામી ૧૪ ડીસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી માટે હવે ઉમેદવારી પત્ર ભરવા માટે માત્ર ત્રણ દિવસનો સમય બાકી રહ્યો છે તેવા સમયે કોંગ્રેસ દ્વારા અમદાવાદ શહેરની બેઠકો ઉપર ઉગ્ર વિરોધને ખાળવા માટે ચાર જેટલા ઉમેદવારોને ફોર્મ ભરવા ફોનથી સુચના આપી હોવાનું વિશ્વાસપાત્ર સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરની બેઠક ઉપર બળવો શાંત કરવા જયા એક તરફ કોંગ્રેસ દ્વારા ગુલામનબી આઝાદને અમદાવાદ શહેર માટે જવાબદારી સોંપવામા આવી છે.ત્યાં બીજી તરફ અમદાવાદ શહેરની મહત્વપૂર્ણ એવી ચાર જેટલી વિધાનસભા બેઠકો ઉપર ઉમેદવારી કરવા માટે ઉમેદવારોને ફોનથી સુચના આપી દેવામા આવી હોવાનું જાણવા મળ્યુ છે.જે ચાર ઉમેદવારોને ફોન દ્વારા હાઈકમાન્ડ દ્વારા ફોર્મ ભરવા અંગેની સુચના આપવામા આવી છે તેમા અમદાવાદ શહેરના પૂર્વ મેયર હિંમતસિંહ પટેલને શહેરની બાપુનગર બેઠક પરથી,સીટીંગ ધારાસભ્ય ગ્યાસુદીન શેખને દરિયાપુર બેઠક ઉપરથી,શૈલેષ પરમારને શહેરની દાણીલીમડા બેઠક પરથી અને સાબીર ખેડાવાલાને શહેરની ખાડીયા-જમાલપુર બેઠક માટે ઉમેદવારીપત્ર ભરવાની ફોનથી સુચના આપી દેવામા આવી છે.અત્રે નોંધનીય છે કે,૧૪ ડીસેમ્બરના રોજ જયાં મતદાન યોજાવાનુ છે તેવી બેઠકો ઉપર ઉમેદવારી કરવા માટે સોમવારે અંતિમ દિવસ છે.કોંગ્રેસના કાર્યકરો દ્વારા બાપુનગરમાં પૂર્વ મેયર હિંમતસિંહને ટિકીટ આપવા સામે ઉગ્ર વિરોધ કરવામા આવ્યો હતો.આ પાછળ એવી દલીલ કરવામા આવી હતી કે તેમને બે વખત વિધાનસભા અને એક વખત લોકસભા માટે પક્ષ તરફથી ઉમેદવારી કરવાની તક આપવામા આવી હોવા છતાં તે હારી ગયા હતા.આ સાથે જ ગ્યાસુદીન શેખ ભાજપ તરફી હોવાની રજુઆત કરવામા આવી હતી.તો જમાલપુરમાં સાબીર ખેડાવાલા સામે પણ છીપા સમાજ ન હોવાની રજુઆત કરવામા આવી હતી.આમ છતાં મોવડીમંડળે આ તમામ વિરોધની વચ્ચે આ તમામને ઉમેદવારી કરવા ફોર્મ બરવા ફોનથી સુચના આપી દેવામા આવી હોવાનુ જાણવા મળે છે.

બનાસકાંઠામાં ૧૪ ફોર્મ ભરાયા

વિધાનસભા મતવિભાગનો નંબર	ઉમેદવારનું નામ	પક્ષ
૭-વાવ	ચૌધરી શંકરભાઈ લગધીરભાઈ	ભાજપ
૮-થરાદ	ભાયડીયા ખેમજીભાઈ નારણભાઈ	અપક્ષ
	પટેલ પરબતભાઈ સવાભાઈ	ભાજપ
	માળી દાંનાજી ધનાજી	ભાજપ
૯-ધાનેરા	ડાભી રૂપાભાઈ ચેનાભાઈ	બસપા
	રાજપુત નરસિંહજી બાબુજી	અપક્ષ
	રબારી તેજાભાઈ નેથીભાઈ	ઓલ ઈન્ડિયા હિંદુસ્તાન કોંગ્રેસ પાર્ટી
	તરક કાળાભાઈ ઉકાભાઈ	અપક્ષ
૧૦-દાંતા (અ.જ.જા)	નીલ	--
૧૧-વડગામ (અ.જા.)	જાદવ પુષ્પાબેન રાજેશભાઈ	બસપા
	શેખલયા વિક્રમભાઈ ડાહ્યાભાઈ	અપક્ષ
૧૨-પાલનપુર	નાભાણી રમેશકુમાર ખેમરાજભાઈ	આપ
	ચૌહાણ અમરતભાઈ કાળુભાઈ	અપક્ષ
૧૩-ડીસા	પુરોહીત શ્યામાબેન નારણભાઈ	લોક વિકાસ મંચ
૧૪-દિયોદર	નીલ	--
૧૫-કાંકરેજ	કોતરવાડીયા મેરૂજી અમથાજી	ભારતીય સામાજિક પાર્ટી

ભગવતી વિદ્યામંદિર રસાણા શાળાનું રાજયકક્ષાએ રમત - ગમતમાં ગૌરવ

ડીસા

ભારત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ભગવતી વિદ્યામંદિર રસાણા શાળાના વિદ્યાર્થીઓએ રાજયકક્ષાની સાઈકલિંગ હરીફાઈમાં ભરૂચ મુકામે ભાગ લઈ શાળાને ગૌરવ અપાવેલ છે.

તા.૧૯/૧૧/૨૦૧૭ ના રોજ અન્ડર - ૧૯ સાઈકલિંગ હરીફાઈ ૨૦ કિ.મી. ભરૂચ મુકામે યોજાઈ શાળાના વ્યાયમ શિક્ષક હરજીભાઈ એ.પટેલના માર્ગદર્શન હેઠળ શાળાની ૪ (ચાર) વિદ્યાર્થીનીએ ભાગ લીધેલ જેમાં રાઠોડ સૂર્યાબેન દાનસુંગજી ધોરણ - ૧૧ જેમને ૨૦ કિ.મી. હરીફાઈમાં રાજયકક્ષા તૃત્તિય સ્થાન અને વાઘેલા હેતલબેન અરજણજી ધોરણ - ૧૧ જેમને પાંચમો નંબર મેળવી રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામી શાળાને ગૌરવ અપાવેલ છે. આ સિધ્ધિ મેળવવા બદલ શાળાના ટ્રસ્ટી મંડળ અને શાળાના આચાર્ય દ્વારા શાળા પરિવાર વતી શાળાના ઉત્સાહીત વ્યાયમ શિક્ષક હરજીભાઈ એ.પટેલ અને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા અને ઉત્તરોતર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવી.

રોટરી ક્લબ ડીસા દ્વારા ગરમ કપડાંનું વિતરણ

ડીસા

સેવા, શિક્ષણ અને સંસ્કારમાં અગ્રેસર રોટરી ક્લબ ડીસા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને સ્વેટર, ટોપી અને સ્કાફનું વિતરણ ગઈકાલે નહેરૂનગર ટેકરા પ્રાથમિક શાળા અને "આશાકિરણ" રોટરી સ્કુલમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં રોટરી ક્લબ ડીસાના પ્રમુખ રોટે. નટુભાઈ પટેલ, સેક્રેટરી રોટે. યશવંતભાઈ ખત્રી, રોટે. હેતલબેન ગોહિલ, રોટે. ડિકેશભાઈ, રોટે. ડૉ.ભરતભાઈ શાહ, રોટે. રાજુભાઈ શાહ, રોટે.ઓમપ્રકાશભાઈ વારડે તથા સ્વેટરના દાતા રોટે. ડૉ. પ્રિયદર્શી આસનાની હાજર રહ્યા હતા. ટોપી અ ને સ્કૉફનું સૌજન્ય રોટે. છગનભાઈ સોની દ્વારા આપવામાં આવ્યું હતું. તથા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન રોટે. ડૉ.નવિનકાકાએ આશિર્વચન પાઠવ્યા હતા.

ભારતીય ઉદ્યોગ જગત માટે ખર્ચ વ્યવસ્થાપન પ્રાથમિકતાઃ અમેરિકન એક્સપ્રેસ-આઈએમએ અભ્યાસ

નવી દિલ્હી

અમેરિકન એક્સપ્રેસ દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વે અનુસાર ભારતમાં કારોબારીઓ દ્વારા આવકમાં વૃદ્ધિ પછી ખર્ચ વ્યવસ્થાપનને અગ્રતા આપવામાં આવે છે. આઈએમએ દ્વારા અમેરિકન એક્સપ્રેસ માટે - ટ્રાવેલ એક્સપેન્સ મેનેજમેન્ટઃ રાઈઝિંગ ફોકસ - ટાઈટલ હેઠળ કરાયેલા અભ્યાસ મૂજબ આશરે ૮૯ ટકા કંપનીઓ આવકમાં વૃદ્ધિની અપેક્ષાઓની સાથે-સાથે ખર્ચ વ્યવસ્થાપનને પણ પ્રાપ્થમિકતા આપે છે, જે માટે તેઓ ટ્રાવેલ જેવા નિયંત્રણમાં રાખી શકાય તેવા ખર્ચનું અસરકારક વ્યવસ્થાપન કરે છે. આ ઉપરાંત ઓટોમેટેડ એક્સપેમેન્ટ મેનેજમેન્ટ સોલ્યુશન્સ અને કોર્પોરેટ કાર્ડ્સના એકીકરણ સાથે બિઝનેસ ટ્રાવેલમાં ક્રમિક વધારો થવાની અપેક્ષા છે અને પરિણામે લાંબાગાળા બિઝનેસ એડવાન્સમેન્ટને બળ મળશે. કારોબાર અને આવકમાં વૃદ્ધિની સાથે ઈન્ટરવ્યૂ કરાયેલા ૬૪ ટકા સીએફઓએ કારોબારી ખર્ચમાં ૧૦ ટકા વૃદ્ધિની શક્યતા વ્યક્ત કરી હતી અને તેથી જ આ ખર્ચ ઉપર નિયંત્રણ લાવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

"સ્પર્ધાત્મક કારોબારી માહોલમાં કંપનીઓ નિયંત્રણમાં લઈ શકાય તેવા ખર્ચ ઉપર આરઓઆઈ વધારવા માટે જથ્થાબંધ ખરીદીના સંજોગોમાં નીતિ, પ્રક્રિયાઓ અને વેન્ડર્સ સાથે વાટાઘાટો જેવા સ્તરે સક્રિય પગલા ભરે તે આવશ્યક છે. દેશના અગ્રણી કોર્પોરેશન્સ અસરકારક ખર્ચ કાર્યક્ષમ મેનેજમેન્ટ સિસ્ટમ તૈયાર કરીને ટ્રાવેલ સંબંધિત ખર્ચ ઉપર મહત્તમ નિયંત્રણ રાખવાનું સુનિશ્ચિત કરે છે."

ટ્રાવેલ એન્ડ એક્સપેન્સ (ટીએન્ડઈ) મેનેજમેન્ટ સર્વિસ સેક્ટરમાં બીજો અને મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે ત્રીજા ક્રમનો સૌથી મોટો નિયંત્રણમાં રાખી શકાય તેવો ખર્ચ છે. ભારતના કોર્પોરિટમાં નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે ત્યારે કંપનીઓ ટ્રાવેલ એન્ડ એક્સપેન્સ મેનેજમેન્ટ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે તથા નિયંત્રણમાં લઈ શકાય તેવા ખર્ચની ઓળખ પણ કરશે. કુલ ૭.૪ બિલિયન યુએસ ડોલરના ખર્ચ અને કંપની દીઠ ટ્રાવેલ ઉપર સરેરાશ ૦.૪ મિલિયન યુએસ ડોલરના ખર્ચ સાથે લોજીંગ અને એન્ટરટેઈનમેન્ટ ખર્ચ (વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના ૧૦,૦૦૦ કંપનઓ માટે આઈએમએના ઉપલબ્ધ આંકડા મૂજબ) પ્રમાણે કંપનીઓ બચત કરવાની વિશાળ તકો છે.

ભીલડી પોલીસે ૧૦.૩૮ લાખનો વિદેશી દારૂ ભરેલી ટ્રક પકડી

બારદાન હેઠળ દારૂ સંતાડ્યો હતો : ટ્રક ચાલકની અટકાયત

પ્રતિ. ભીલડી

ભીલડી પોલીસ સ્ટેશનના ટ્રાફીક કોન્સ્ટેબલ અર્જુનભાઈ ચૌધરી પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળેલ કે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરીને ટ્રક નં. (એચ.આર. ૩૯.એ.૪૦૩૮) આવી રહી છે. દરમિયાન ટ્રક આવી પહોંચતા ટ્રકને ઉભી રાખી અંદર તપાસ કરતા બારદાન નીચે સંતાડેલ અલગ અલગ માર્કાની વિદેશી દારૂની ૨૧૧ પેટી (કિંમત રૂા.૧૦,૩૮૦૦૦) તેમજ (કિંમત રૂા.૧૫,૦૦,૦૦૦) સાથે ટ્રક ચાલક જાટ ગગનદીપસીંગ મંગાસીંગ (શીખ) રહે ઠગશી તા.જી. ફાજલકા (પંજાબ) વાળાને પકડી કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ ભીલડી પોલીસ કરે છે.

એક બાજુ ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાંની સાથે બુટલેગરો પણ સક્રીય થયા છે. પરંતુ પોલીસે સજાગ થઈ દારૂ બંધીનો કડક અમલ થાય તેમ પ્રજાજનોની માંગ છે.

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની સાધારણ સભા મળશે

પ્રતિનિધિ સીસરાણા

બ.કાં.જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘની સભા તા. ૧૭/૧૨/૨૦૧૭ ને રવિવારના રોજ બપોરે ૧૩-૦૦ કલાકે ‘‘સાંદિપનિ આશ્રમ’ શિક્ષક ભવન ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ગત સભાના અહેવાલોનું વાંચન, હિસાબોની બહાલી તેમજ ૨૦૧૭-૨૦૧૯ ના (બે વર્ષ માટે) બિનહરીફ થયેલ હોદ્દેદારોને બહાલી આપવા અંગે અને શૈક્ષણિક સેમિનારની વિગતોથી વાકેફ કરીને શિક્ષક સંઘના પ્રશ્નોની ચર્ચા હેતુથી સાધારણ સભા યોજવામાં આવનાર છે. તેમ જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ નાગજીભાઈ રાજપુત અને ગિરીશભાઈ રાવલે સંયુક્ત નિવેદનમાં જણાવેલ છે. તે હકીકતથી મિડિયા કન્વીનર સુભાષભાઈ વ્યાસે અખબારી યાદીમાં જણાવેલ છે. તો સૌ માધ્યમિક શિક્ષક મિત્રોએ હાજર રહેવા જણાવેલ છે.

કાંકરેજના થરા ખાતે ભાજપના સીડી રથનું આકર્ષણ

પ્રતિનિધિ થરા

કાંકરેજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલાના સમર્થકો દ્વારા ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દેવામાં આવ્યા છે. ત્યારે તેમના પ્રચાર અર્થે ગઈકાલે શુક્રવારે થરા ખાતે ભાજપનો સીડી રથ આવી પહોંચ્યો હતો. જેમાં ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સંદેશ સાંભળવા જનમેદની ઉમટી પડી હતી. જેમાં મંગલસિંહ ઝાલા, ચંદુભાઈ રાવળ, સુખદેવસિંહ ઝાલા અને સંગીતાબેન લિબાચીયા જેવા ખ્યાતનામ કલાકારોએ ગીતોને રમઝટ જમાવી ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. જેના કારણે કેસરીયો માહોલ છવાયો હતો. આ કાર્યક્રમમાં પૃથ્વીરાજસિંહ વાઘેલા, ફકુભાઈ સાંચોરા, નિરંજનભાઈ ઠક્કર, હર્ષદભાઈ ઠક્કર, ઝેણુભા વાઘેલા, રાજુભાઈ ઠક્કર, યોગેશભાઈ જોષી, સેમાભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, ભુપતભાઈ પરમાર, રાઘવેન્દ્રભાઈ જોષી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાની વિધાનસભા બેઠકોમાં અગાઉની ચૂંટણીઓમાં થયેલ મતદાન

પાલનપુર

ચૂંટણીઓ અન્વયે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ મતદારોની જાગૃતિમાં વધારો કરવા સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ માટે તંત્ર દ્વારા સક્રિય પ્રયાસો કરવામાં આવે છે. પરિણામે અગાઉની ચુંટણીઓમાં ક્રમશઃ મતદાનમાં સારો વધારો જોવા મળે છે. બનાસકાંઠા જિલ્લાની વિધાનસભાની બેઠકો ઉપર અગાઉની ચૂંટણીઓમાં થયેલ મતદાનની વિગત નીચે પ્રમાણે છે:

બેઠકનું નામ	થયેલ મતદાનની ટકાવારી		
	વર્ષ ૨૦૦૨	વર્ષ ૨૦૦૭	વર્ષ ૨૦૧૨
વાવ	૬૯.૬૧	૭૦.૫૩	૭૭.૦૧
દિયોદર	૭૨.૮૮	૬૫.૬૭	૮૧.૬૫
કાંકરેજ	૬૨.૨૨	૫૮.૦૨	૭૧.૨૯
ડીસા	૭૦.૫૮	૬૩.૨૭	૬૯.૭૦
ધાનેરા	૬૮.૦૧	૬૨.૭૭	૭૬.૪૪
પાલનપુર	૬૩.૩૮	૫૯.૮૨	૭૦.૧૭
વડગામ	૬૮.૨૯	૫૮.૮૦	૭૧.૩૪
દાંતા	૬૫.૬૫	૬૦.૭૩	૭૪.૨૪
થરાદ	---	---	૮૪.૯૬

ડીસામાં આધારકાર્ડ અને ગુણોત્સવની સમીક્ષા બેઠક

નાયબ નિયામકશ્રી અને ડીપીઈઓ હાજર રહ્યા

ડીસા

આધારકાર્ડ અને ગુણોત્સવની સમીક્ષા બેઠક તા.૨૩/૧૧/૨૦૧૭ ના રોજ બીઆરસી ભવન, ડીસા ખાતે આયોજીત થઈ. આ બેઠકમાં નાયબ નિયામક એમ.કે.રાવલ ડીપીઈઓ બ.કાં ડો.દિપકભાઈ દરજી, નાયબ ડીપીઈઓ ચાવડા, ટીપીઈઓ ડીસા, જાગૃતિબેન દેસાઈ, લિએઝન ઓફિસર વર્ષાબેન પ્રજાપતિ, બી.આર.સી ડો.ઓડિનેટર્સ, સી.આર.સી કો.ઓડિનેટર્સ ડીસા હાજર રહ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓ દ્વારા શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોના આધારકાર્ડ નીકળે તેમજ શાળાની શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો થાય, ગુણોત્સવ જેવા શૈક્ષણિક કાર્યક્રમમાં તમામ શાળાઓ ઉત્તમ પ્રદર્શન કરે તે માટે મૂલ્યવાન સૂચનો અને સમીક્ષા કરવામાં આવી. સરકારી પ્રાથમિક શાળામાં થતી સારી પ્રવૃત્તિઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી. નાયબ નિયામકની હાજરીમાં સમગ્ર ટીમ બનાસકાંઠા દ્વારા જિલ્લાની શૈક્ષણિક ગુણવત્તા માટે કટિબંધ્ધ થવાનો સંકલ્પ કર્યો.

કાલોલ બેઠકને લઇ સાંસદ પ્રભાતસિંહના ઘરમાં ડખો

સાસુ ટિકિટ ઇચ્છતા હતા, ને પૂત્રવધુને ટિકિટ

અમદાવાદ

ભાજપે આજે તેના ઉમેદવારોની પાંચમી યાદી જાહેર કરી છે, જેમાં પંચમહાલના કાલોલ વિધાનસભા બેઠક પરથી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના પૂત્રવધુ સુમનબહેન ચૌહાણને ટિકિટ ફાળવી છે. આજે જાહેર કરેલી ૧૩ ઉમેદવારોની યાદીમાં ભાજપ હાઈકમાન્ડે એક માત્ર મહિલા ઉમેદવાર સુમનબહેન ચૌહાણને કાલોલ વિધાનસભા બેઠકની આ ટિકિટ ફાળવી છે પરંતુ આ ટિકિટને લઈ હવે પ્રભાતસિંહના પત્ની અને પૂત્રવધુ વચ્ચે ડખો ઉભો થયો છે. કારણ કે, આ બેઠક પરથી પ્રભાતસિંહના પત્ની રંગેશ્વરી ચૌહાણ ચૂંટણી લડવા માંગતા હતા.સાંસદ પ્રભાતસિંહ ચૌહાણે પણ આ અંગેની માંગણી કરી હતી. બીજીબાજુ, ભાજપ દ્વારા કાલોલ બેઠક માટે સુમનબહેન ચૌહાણનું નામ જાહેર થતાં સાસુ રંગેશ્વરી ચૌહાણે ભારે નારાજગી વ્યકત કરી છે અને તેમણે પોતાના એફબી પેજ પર કાલોલમાં પ્રચાર કરીને બતાવી તો જુઓ એ મતલબની ખુલ્લી ધમકી આપી હતી. આમ, પ્રભાતસિંહ ચૌહાણની પત્નીએ સોશ્યલ મીડિયા મારફતે પોતાનો ગુસ્સો વ્યકત કર્યો હતો. દરમ્યાન પૂત્રવધુ સુમનબહેન ચૌહાણે તેમના પરિવારમાં કોઇ વિખવાદ હોવાની વાતનો છેદ ઉડાડયો હતો અને જણાવ્યું હતું કે, જો મારા સાસુ નારાજ હશે તો પણ તેમને અમે મનાવી લઈશું. અમે સાસુ-વહુ સાથે જ આ બેઠક માટે પ્રચાર કરીશું. કાલોલની બેઠક પર અમે જંગી બહુમતીથી વિજયી થઈશું એવી આશા પણ તેમણે વ્યકત કરી હતી.

બોગસ યાદી ફરતી કરવાના કેસમાં સાયબર સેલને તપાસ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસના ઉમેદવારોની અધિકૃત અને સત્તાવાર યાદી જાહેર થાય તે પહેલાં કોંગ્રેસના લેટરપેડ પર ઉમેદવારોની બોગસ યાદી સોશ્યલ મીડિયામાં વાયરલ કરી ફરતી કરવાના પ્રકરણમાં ચૂંટણી પંચ દ્વારા આખરે શહેર ક્રાઈમબ્રાંચના સાયબર સેલને તપાસ સોંપવામાં આવી છે. સાયબર સેલને તપાસ સોંપાતા કોંગ્રેસની ચૂંટણી સમિતિના અધ્યક્ષ બાલુભાઇ પટેલે કોંગ્રેસના વકીલો સાથે આજે સાંજે સાયબર સેલ પહોંચ્યા હતા અને વિગતવાર રજૂઆત કરી હતી. ક્રાઈમબ્રાંચના સાયબર સેલે પણ આ સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ સઘન અને ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. કોંગ્રેસની ચૂંટણી સમિતિના અધ્યક્ષ બાલુભાઇ પટેલે લીગલ સેલના કન્વીનર અને ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ નિકુંજ બલ્લર મારફતે ચૂંટણી પંચ અને શહેર પોલીસ કમિશનર સમક્ષ ફરિયાદ કરી રજૂઆત કરી હતી કે, ગઇકાલે કોંગ્રેસ પક્ષના ઉમેદવારોની સત્તાવાર કે અધિકૃત યાદી જાહેર થાય તે પહેલાં જ કોંગ્રેસના લેટરપેડ પર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની બોગસ સહી સાથે ઉમેદવારોની બોગસ યાદી સોશ્યલ મીડિયામાં ફરતી કરી દેવાઇ હતી. પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે અને રાજયના નિર્દોષ નાગરિકો તેમ જ મતદારોને ગેરમાર્ગે દોરવાના બદઈરાદાથી કોંગ્રેસના ઉમેદવારોની આ બોગસ યાદી ફરતી કરવામાં આવી હતી. લીગલ સેલના કન્વીનર નિકુંજ બલ્લરે માંગણી કરી હતી કે, એક તો કોંગ્રેસપક્ષના લેટરપેડનો ખોટો દૂરપયોગ થયો છે, બીજુ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની બોગસ અને બનાવટી સહી કરવામાં આવી છે કે જે દેખીતી રીતે જ ખબર પડી જાય છે કે, બોગસ સહી છે કારણ કે, આ સહી ભરતસિંહ સોલંકીની અસલ સહીથી અલગ તરી આવે છે. આમ, ચૂંટણી આચારસંહિતાનો ભંગ કરી રાજયના લાખો નિર્દોષ મતદારોને ગેરમાર્ગે દોરવા, ભ્રમિત કરવા અને કોંગ્રેસ તરફી લોકજુવાળમાંથી અન્યત્ર વાળવાના બદઈરાદા સાથે કોંગ્રેસના ઉમેદવારોની આ બોગસ યાદી ફરતી કરાઇ છે. આ ખૂબ જ ગંભીર મામલો છે અને તેથી સમગ્ર પ્રકરણમાં જે કોઇ કસૂરવારો હોય તેઓની સામે તાત્કાલિક પગલા લેવામાં આવે અને તેઓની વિરૂદ્ધ કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવે.

કાંકરેજ તાલુકા ભાજપ ડોક્ટર સેલમાં નિમણુંક

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા કાંકરેજ તાલુકામાં ડૉક્ટર સેલમાં શિહોરીના વતની ડૉ.રમેશભાઈ જેસુંગભાઈ દવેની નિમણુંક કરવામાં આવેલ છે. તેમની નિમણુંક થતાં કાંકરેજ તાલુકામાં પાર્ટીના સંગઠનમાં મજબુતી આવશે.

કાંકરેજ તાલુકા ભાજપ માલધારી સેલમાં નિમણુંક

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકા ભાજપમાં માલધારી સેલમાં કાંકરેજ તાલુકાના વડા ગામના ઉત્સાહી કાર્યકર દેસાઈ ભરતભાઈ મલાભાઈને કન્વીનર તરીકે તેમજ કનુભાઈ ભરવાડ (સુદોસણ) ને વા.કન્વીનર તરીકે નિમણુંક આપવામાં આવી છે. તેમની નિમણુંક થતાં તાલુકામાં ભાજપનું સંગઠન વધુ મજબુત થશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જે રાજકીય પક્ષો

બ્રાહ્મણ સમાજને વધારે મહત્વ આપશે તેને તન-મન અને ધનથી મદદ કરશે-મહાદેવ સેના

પ્રતિનિધિ થરાદ

બ્રાહ્મણ સમાજ ની એકતા-અખંડીતતા અને સ્વાભિમાન માટે કામ કરતું સંગઠન મહાદેવ સેના એ ચિમકી ઉચ્ચારી છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જે રાજકીય પક્ષો બ્રાહ્મણ સમાજ ને વધારે મહત્વ આપશે તેની સાથે બ્રાહ્મણ સમાજ રહેશે ગુજરાતમાં દરેક રાજકીય પક્ષો બ્રાહ્મણ સમાજ ને ૧૫ ટિકિટો આપવી જોઈએ જે અમારી જનસંખ્યા પ્રમાણે વ્યાજબી છે જે રાજકીય પક્ષ બ્રાહ્મણ સમાજ ને પૂરતો ન્યાય આપશે તેની સાથે અમે ખુલ્લા મેદાનમાં આવીશું.

બનાસકાંઠા અને પાટણ જિલ્લાની ૧૩ બેઠકો પૈકી ૨ બેઠક ઉપર બ્રાહ્મણ સમાજ ને ટિકિટ મળવી જોઈએ અન્યથા બ્રાહ્મણ સમાજ ’નોટો’ માં મતદાન કરવા મજબુર બનશે અને જે પક્ષ અમારી માંગણી પ્રમાણે ટિકિટ આપશે તેને ખુલ્લા મેદાનમાં સાથ આપીશું અને જે પક્ષે બ્રાહ્મણ સમાજ ને યોગ્ય સ્થાન નથી આપ્યું તેના વિરુદ્ધ જાહેર આવવા સમાજ ને અપીલ કરશું.

ધાનેરામાં એ.ટી.એમ. તોડી ચોરી મુદ્દે પોલીસની તપાસ

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે બે દિવસ અગાઉ કોઈએ એ.ટી.એમ. તોડી રોકડ ચોરવાનો પ્રયાસ કરેલ જે બાબતે બ્રાન્ચ મેનેજરે પોલીસ ફરીયાદ નોંધાવતા ગઈકાલે પોલીસે પંચો રૂબરૂ એ.ટી.એમ.ની તપાસ શરૂ કરી હતી.

જેમાં સી.સી.ટી.વી. ફુટેજ મેળવી કેટલી કેશ હતી. અને કેટલી ચોરાઈ છે કે કેમ ? તે બાબતે ધાનેરા પી.એસ. આઈ.એ. ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી.

પાલનપુર સીટ પર "આપ"ના ઉમેદવારે નોંધાવી ઉમેદવારી

સંજય જોષી

પાલનપુર

આમ આદમી પાર્ટીના પાલનપુર વિધાનસભા ઉમેદવાર રમેશભાઈ નાભાણીએ શ્રીપાતાળેશ્વર મહાદેવના દર્શન કરી ડો.આંબેડકર ને ફુલહાર કર્યા હતા. બાદમાં મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે મતદારો તથા ટેકેદારો સાથે અને પાર્ટીના ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરીએ પાર્ટી ના મેન્ડેન્ટ સાથે ઉમેળવારીપત્ર ભર્યું હતું. "ડોર ટુ ડોર" દરમિયાન મતદારોએ આશીર્વાદ રૂપી જે પરચુરણ દાન માં આપેલ તે ઉમેદવારી ફોર્મ મા ભરવાના થતા દસ હજારમાં ચાર હજારના પરચુરણ સિક્કા અને છ હજાર નોટ રૂપી ભર્યા હતા. પાલનપુરની વિધાનસભાના ઉમેદવારે શિક્ષણ,આરોગ્ય, ખેડૂતોના પ્રાણ પ્રશ્નો, કર્મચારી, યુવાનોના કામકાજ માટે હર હંમેશા માટે તૈયાર રહેવાની સાથે વિધાનસભાને ભષ્ટાચાર મુક્ત કરી એક મોડેલ તરીકે વિકસાવવાનું કામ કરવાની ખાતરી આપી હતી.

ગુજરાતમાં છ શહેરો સ્માર્ટસિટી બન્યા : ભાજપ

મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ ગુજરાતને અનેક લાભ

અમદાવાદ

ભાજપના પ્રદેશ પ્રવકતા ડો.જગદીશ ભાવસારે એક અખબારી યાદીમા જણાવ્યુ છે કે,કેન્દ્રમા ભાજપાની ગુજરાતના ગૌરવ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર અસ્તિત્વમા આવ્યા બાદ વિકાસના અનેક નવા દ્વાર ખુલ્લા થયા છે.ગુજરાત સાથે સોનિયા મનમોહનના નેતૃત્વવાલી યુપીએ સરકાર દ્વારા કરવામા આવતા અન્યાય અને ઓરમાયા વર્તનને દેશવટો મળ્યો છે.ગુજરાતની કહેવત મોસાળમા મા પિરસનાર હોય તો કંઈજ તકલીફ ન પડે તે સાર્થક થઈ છે અને ગુજરાત વિકાસના માર્ગે ધમધમતુ આગળ વધ્યુ છે.ભાજપાની કેન્દ્રમા સરકાર બન્યા બાદ ૧૦૦ સ્માર્ટસિટી બનાવવાની જાહેરાત કરવામા આવી હતી આ સ્માર્ટસિટીમાં અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, સુરત, વડોદરા અને ગ્રામીણ જિલ્લામાં આવેલા દાહોદ શહેરનો સમાવેશ કરવામા આવ્યો હતો.આ શહેરોને ખાસ નાણાંકિય સહાય પણ આપવામા આવી છે જેના પરિણામે આંતરમાળખાકીય સેવાઓનો પણ વિસ્તાર થવા પામ્યો છે.ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર બંધ યોજના કામને પ્રધાનમંત્રી બન્યા બાદ ૧૭ દિવસમાં મંજુરી આપીને ૧૭ સપ્ટેમ્બર-૨૦૧૭ના રોજ રાષ્ટ્રને લોકાર્પણ કરવામા આવી છે જે ગુજરાત માટે ઐતિહાસિક સિધ્ધિ ગણી શકાય.કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતના સરદાર સરોવર નર્મદાબંધને વર્ષો સુધી અવરોધવાનુ કાર્ય કર્યુ હતુ.મંજુરીમા પણ ઠાગાઠૈયા કર્યા હતા અને ગુજરાતને તરસ્યુ રાખ્યુ હતુ તે ગુજરાતની જનતા ભૂલી નથી.તેમણે વધુમા કહ્યુ કે,દેશમા ગરીબોને માટે જનધન યોજના,વીમા યોજના,ઓછા પ્રિમીયમે લાભ સહિતના અનેકવિધ નવા કાર્યો શરૂ કરાયા છે.આ કાર્યોમા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૨૮૦૭૦ મકાનોનુ નિર્માણ કરવામા આવ્યુ છે.ગરીબોને પારદર્શક પધ્ધતિએ મકાન આપવામા આવ્યા છે.તેમણે કહ્યુ કે,ગુજરાતને બુલેટ ટ્રેનની ભેટ વડાપ્રધાન નરેન્દ્રભાઈએ આપી છે.

૧૬૦૦ કિ.મી.દરિયા કિનારાના પરિવહનમાર્ગ તરીકે કોલનારી અને રો -રો ફેરી સર્વિસનો આરંભ કરવામા આવ્યો છે અમદાવાદને મેટ્રો સિટી,રીવરફ્રંટની ભેટ પણ કેન્દ્ર સરકારની વિશેષ સહાય હકારાત્મ્ક નીતિને પરિણામે આપી શકાઈ છે.ભાજપા એટલે વિકાસ કોંગ્રેસ એટલે વિવાદ,ભાજપા એટલે હકારાત્મકતા કોંગ્રેસ એટલે નકારાત્મકતા એ જનતા જાણી ગઈ છે.

મોદી સરકારને રાહત : ધારણા પ્રમાણે બીબીબી રેટિંગ અકબંધ

નવી દિલ્હી

સરકારની અપેક્ષા મુજબ જ ગ્લોબલ રેટિંગ એજન્સી સ્ટાર્ડર્ડ એન્ડ પુઅર્સ (એસએન્ડપી) દ્વારા પણ ભારતના રેટિંગમાં આ વખતે કોઇ ફેરફાર કરવામાં આવ્યા નથી. એસ એન્ડ પીએ ભારતના રેટિંગને બીબીબી રાખીને આશા જગાવી છે. આઉટલુક સ્ટેબલ હોવાની વાત કરી છે. રેટિંગ એજન્સીએ આશા વ્યક્ત કરી છે કે, આવનાર સમય ભારતીય અર્થવ્યવસ્થા માટે શાનદાર રહેશે. અચ્છે દિનની વાત આમા કરવામાં આવી છે. ૨૦૧૮-૨૦ વચ્ચેના ગાળામાં અર્થવ્યવસ્થામાં સુધારની આશા દર્શાવવામાં આવી છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે, વિદેશી મૂડી ભંડોળમાં સતત વધારો થશે. ૧૩ વર્ષ બાદ મૂડી દ્વારા રેટિંગમાં સુધારો કરવામાં આવ્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતુ ંકે, એસ એન્ડ પી પણ રેટિંગ વધારશે. એસ એન્ડ પીએ છેલ્લે જાન્યુઆરી ૨૦૦૭માં ભારતના રેટિંગમાં સુધારો કર્યો હતો અને આને બીબીબી કર્યો હતો. આને બોન્ડ માટે સૌથી નિચલા સ્તરની ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ રેટિંગ ગણવામાં આવે છે. એ સમયે એજન્સીએ આઉટલુકને સ્થિર રાખવાની વાત કરી હતી. ત્યારબાદ ૨૦૦૯માં એજન્સીએ આઉટલુકને નેગેટિવ શ્રેણીમાં મુકી દેતા આની ચર્ચા રહી હતી. જે ૨૦૧૦માં સ્થિર સ્થિતિમાં રહી હતી. ૨૦૧૨માં આઉટલુકને નકારાત્મક સ્થિતિમાં મુકી દેવાઈ હતી. નરેન્દ્ર મોદી સરકાર આવવા સુધી સ્થિર સ્થિતિ હતી. જો કે તેના રેટિંગમાં કોઇ સ્થિતિ બદલાઈ ન હતી અને બીબીબીની સ્થિતિ રહી હતી. આ વર્ષે મે મહિનામાં મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે ભારતના અર્થતંત્રના પરિબળો ખુબ મજબૂત હોવા છતાં રેટિંગ ન સુધારવાને લઇને એજન્સીની ઝાટકણી કાઢી હતી.

અનુસંધાન પાના નં.૬

ભાજપ-કોંગીનો અહંકાર ઉતારી મતદારો વાઘેલાને સત્તા સોંપશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી ગઇ છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ સત્તાના મદ અને લાલચમાં છકી ગયા છે, કોંગ્રેસ અત્યારથી જ શપથવિધિના સપના જુએ છે, તો ભાજપના નેતાઓ હાર્દિક પટેલને તારા જેવા કેટલા જોઇ નાંખ્યા અને તારા જેવા કેટલાયને સીધા કરી દીધા એમ કહી અશોભનીય શબ્દો વાપરી અહંકારમાં મગ્ન બન્યા છે ત્યારે ગુજરાતના મતદારો ભાજપ-કોંગ્રેસના અહંકારને ઉતારીને લોકકલ્યાણના કાર્યો માટે હંમેશા તત્પર એવા સરળ સ્વભાવના શંકરસિંહ વાઘેલાને સત્તાનું સુકાન સોંપશે એમ જન વિકલ્પ પાર્ટીના પ્રવકતા પાર્થેશ પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હજુ તો ૧૮૨ વિધાનસભા બેઠકોના બીજા તબક્કાની બેઠકોના ઉમેદવારીપત્રો ભરાવાનો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસ જાણે કે તેની સરકાર બની ગઇ હોય એમ અત્યારથી જ શપથવિધિના સપના જોઇ રહી છે અને શપથવિધિમાં બધાને આમંત્રણ આપી રહી છે જે કોંગ્રેસનું અભિમાન દર્શાવે છે. તો આ જ પ્રકારે ભાજપના નેતાએ પણ તાજેતરમાં જ ભાજપના મંચ પરથી હાર્દિક પટેલને તુ તારી ભાષામાં તારા જેવા ઘણા જોઇ નાંખ્યા, તારા જેવા ઘણાને સીધા કરી નાંખ્યા અને કેટલાય ખોવાઇ ગયા આ પ્રકારની ભાષા પ્રયોગ કરી ભાજપના અહંકારને પ્રદર્શિત કર્યો છે. ભાજપ અને કોંગ્રેસની આવી નિમ્નસ્તરની ભાષા અને આ પ્રકારના અહંકારી વર્તન નિંદાને પાત્ર છે. કોંગ્રેસના આવા અહંકારી વલણના કારણે જ જન વિકલ્પ પાર્ટીના પ્રણેતા અને રાજપાના તત્કાલીન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસ છોડવી પડી હતી.

અનુસંધાન પાના નં.૬

રાજયભરના પક્ષકારો અને વકીલોએ નોંધ લેવી

જિલ્લા અને તાલુકા અદાલત આજે ચોથા શનિવારે ચાલુ

અમદાવાદ

ગુજરાતભરની નીચલી કોર્ટો આવતીકાલે ૪થા શનિવારે રજા હોવાછતાં રાજયભરની જિલ્લા-તાલુકા અદાલતો ચાલુ રહેશે. દિવાળી વેકેશન વખતે ગુજરાત બાર કાઉન્સીલની રજૂઆતને પગલે હાઈકોર્ટ દ્વારા ત્રણ રજા અપાઇ હતી, જેની સામે શનિવાર ભરી આપવાના હોઇ આવતીકાલે રાજભરની નીચલી કોર્ટો ચાલુ રાખવામાં આવશે, જેથી વકીલો-પક્ષકારો માટે આવતીકાલે કેસની સુનાવણી શકય બનશે એમ ગુજરાત બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન અને શિસ્ત સમિતિના ચેરમેન અનિલ સી.કેલ્લાએ જણાવ્યું હતું. બાર કાઉન્સીલની શિસ્ત સમિતિના ચેરમેન અનિલ કેલ્લાએ જણાવ્યું હતું કે, દિવાળી વેકેશન વખતે સળંગ ત્રણ રજા માટે બાર કાઉન્સીલ તરફથી ગુજરાત હાઈકોર્ટને વિનંતી કરવામાં આવી હતી, જેના અનુસંધાનમાં હાઈકોર્ટ દ્વારા તા.૧૭,૧૮ અને ૧૯ ઓકટોબરની સળંગ ત્રણ વધારાની રજા આપવામાં આવી હતી, જેની સામે નીચલી કોર્ટના વકીલ મંડળોને બીજા અને ૪થા શનિવારની ત્રણ રજાઓ ભરી આપવા તાકીદ કરાઇ હતી. જે મુજબ, આવતીકાલે ૪થા શનિવારની રજા હોવાછતાં રાજયભરની નીચલી કોર્ટો ચાલુ રહેશે. વકીલો અને પક્ષકારો તેમના કોર્ટ કેસો ચલાવી શકશે અને કોર્ટો સુનાવણી હાથ ધરશે.

તેમણે ઉમેર્યું હતું કે, હાઈકોર્ટની તાકીદ મુજબ, અગાઉ બે શનિવાર રાજયની નીચલી કોર્ટો ચાલુ રાખી ભરપાઇ કરી દેવાયા છે. હવે આવતીકાલે છેલ્લો શનિવાર છે એટલે ત્રીજી રજા જે નીચલી કોર્ટો માટે લેવાઇ હતી, તે ભરપાઇ થઇ જશે એમ કેલ્લાએ ઉમેર્યું હતું.

નામ બદલેલ છે

મે મારૂ જુનું નામ કેશાની દિપક શામનદાસ હતું જે બદલીને નવું નામ ઠકકર દિપકકુમાર શામનદાસ કરેલ છે.

સરનામું : લક્ષ્મીનારાયણ સોસાયટી, લચ્છાજી ચાલી, ડીસા તા.ડીસા, જિ.બનાસકાંઠા

તંત્રી સ્થાનેથી ...

જીવનમાં કંઈક મેળવવા માટે તપ કરવું સૌથી વધારે જરૂરી છે...

પુરતા પુરાવાના અભાવે મુંબઈ હુમલાનો માસ્ટર માઈન્ડ મુક્ત

આતંકવાદીઓને જેલ હવાલે કરવા કે પછી નજર કેદ રાખવા માટે બંધારણમાં જે તે કલમો છે તેનો ઉપયોગ પાકિસ્તાન કરતું નથી. વર્તમાન સંજોગોમાં દસથી બાર જેટલા ત્રાસવાદી સંગઠનો પાકિસ્તાનમાં કાર્યરત છે. ખાસ કરીને કરાંચી, ઈસ્લામાબાદ, પેશાવર વગેરે વિસ્તારોમાં ત્રાસવાદી સંગઠનોનું વિશેષ પ્રભુત્વ રહ્યું છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના પર્વતીય વિસ્તારોમાં લશ્કર-એ તોયબા અને તાલિબાનોનું જે નેટવર્ક ચાલે છે તેને પાકિસ્તાન પડકારી શક્યું નથી. ત્યારે મુંબઈ આતંકવાદી હુમલાનો માસ્ટર માઈન્ટ અને આતંકી સંગઠન ''જમાત - ઉલ- દાવા' નો પ્રમુખ આતંકવાદી હાફિઝ સઈદ પાકિસ્તાનમાં હવે ફરીવાર આઝાદ બની ઘુમી શકશે.

લાહોરની હાઈકોર્ટના જજીસના એક સમીક્ષા બોર્ડે હાફિઝને મુક્ત કર્યો છે. આમ પાકિસ્તાનના હાફિઝને નજરકેદ કરવાના નાટકનો અંત આવતા ભારત સહિત કેટલાક રાષ્ટ્રોમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે.

હાફિઝની નજરકેદને વધુ ત્રણ મહિના સુધી લંબાવવા માટે પંજાબ સરકારે દાખલ કરેલી અરજીને રદ કરતા બોર્ડે કહ્યું હતું કે તેને કોઈ અન્ય કેસમાં અટકાયત હેઠળ ના રાખવો હોય તો વર્તમાન અટકાયતનો સમયગાળો પુરો થતાં જ સરકાર તેને મુક્ત કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આતંકી ગતિવિધિઓમાં સામેલ હોવાને કારણે પાકિસ્તાન સરકારે આ વર્ષે ૩૧ જાન્યુઆરીએ હાફિઝ અને તેના ચાર સાથીઓને નજર કેદ કરી લીધા હતા.

પાકિસ્તાનના ગૃહ વિભાગની એવી દલીલ હતી કે હાફિઝ સઈદને મુક્ત કરવા પર પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સમુદાયના પ્રતિબંધનો સામનો કરવો પડી શકે છે. વર્તમાન સ્થિતિમાં પાકિસ્તાન હાફિઝની મુક્તિના જોખમને ઉપાડી શકે તેમ નથી. કેમ કે પાકિસ્તાનમાં કાયદો વ્યવસ્થા માત્ર કાગળ પરનું એક ચિતરારમણ જ છે. જો ખરેખર કાયદો હોત તો પાકિસ્તાન ત્રાસવાદી સંગઠનોનો સફાયો કરી શકત, પરંતુ આમ કરવું શક્ય નથી. લશ્કરી કમાન્ડો, પાક.ની ગુપ્તચર સંસ્થા આઈ.એસ.આઈ. અને પોલીસના અંદરોઅંદર મેળાપીપણાના કારણે પાક.માં આતંકી સંગઠનોને તમામ પ્રકારની આઝાદી મળી છે.

કદાચ સરકાર હવે હાફિઝને કોઈ અન્ય મામલે અટકાયતમાં લેવાની વિચારણા હેઠળ છે. આતંકીઓ અસંખ્ય ગુનાઓમાં સંડોવાયેલા હોય છે. તેમનામાં માનવીય અભિગમ જેવું કંઈ હોતું નથી.

જ્યારે મુંબઈમાં ૨૦૦૨ એન ૨૦૦૩ માં અલગ અલગ ઠેકાણે થયેલા બોમ્બ ધડાકાઓના મુખ્ય સૂત્રધાર સાકીબ નાયણનો ૧૦ વર્ષની જેલની સજા ભોગવ્યા બાદ ગત બુધવારે થાણેની સેન્ટ્રલ જેલમાંથી છુટકારો થયો છે. તેનું જેલમાં વર્તન સારું હોવાના પરિણામે સજાની મુદ્દત પુરી થવાને પાંચ મહિના અને તેર દિવસ બાકી હતા તે અગાઉ તેને છૂટકારો અદાલતના આદેશથી કરવામાં આવ્યો છે. થાણેના જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ નીતિન વાયચલે તેને સમર્થન આપ્યું હતું. ૨૦૦૨ માં મુંબઈ સેન્ટ્રલ, ૨૦૧૩ માં વિલે પાર્લે અને મુલુંડ ખાતે થયેલા કુલ ત્રણ બોમ્બ ધડાકામાં ૧૪ નાગરિકોના મોત થયા હતા અને અસંખ્ય લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ પ્રકરણે એ સમયના પ્રતિબંધ મુકવામાં આવેલા સંગઠન 'સિમી' ના સેક્રેટરી સાકીબનું નામ અગ્રેસર હતું. તેથી તેની અટકાયત કરવામાં આવી હતી.

ભારત પાકિસ્તાનને વારંવાર આતંકી હુમલાની ફરીથી તપાસ કરીને સઈદ અને લખવી સામે કેસ કરવાની અને તેઓને સજા કરવાની માંગ કરતું રહ્યું છે. કહેવાય છે કે ભારતે પુરતા પુરાવા ન આપતાં પાકિસ્તાને આફિઝને મુક્ત કરી દીધો હોવાની પણ હકીકત બહાર આવી છે.

એન્ડ પિક્ચર્સ પર રાગિની એમએમએસ ૨ નું વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિઅર દર્શકોનું મનોરંજન કરે છે

તે બોલ્ડ છે, તે થ્રિલિંગ છે અને તે ચોક્કસપણે તમારી કરોડરજ્જુને કંપાવી જશે! એકતા કપૂરના બાલાજી મોશન પિક્ચર્સ દ્વારા નિર્મિત રાગિની એમએમએસ ૨ બોલીવુડનું બેશરમ હોરર ફ્લિક છે. બોક્સ ઓફિસ પર અદ્દભુત ઓપનિંગ કર્યા પછી તથા કેટલાંક સરસ રીવ્યૂ મેળવ્યા પછી, આ વિઝ્યુઅલ થ્રિલર નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, એન્ડપિક્ચર્સ, ૨૪ મી નવેમ્બરના રોજ રાત્રે ૮.૦૦ કલાકે આનું વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિઅર કરે છે.

મુખ્ય ભૂમિકામાં સન્ની લીઓનીને ચમકાવનાર, રાગિની એમએમએસ ૨ એક ભ્રમિત સેલિબ્રિટીની કહાણી છે જે દરરોજ રાત્રે પુરુષોને લલચાવે છે. એ ભાન વગર કે રાત તયઓના માટે અંતિમ હશે. મૂવીમાં અન્ય લોકપ્રિય ચહેરાઓ સંધ્યા મૃદુલ, કરણવીર મહેરા, અનિતા હસનન્દાની અને પ્રવિણ ડાબાસ સહિત મજબુત સોપર્ટિંગ ભૂમિકા ભજવવા છે પીઢ ચરિત્ર અભિનેત્રી દિવ્યા દત્તા. ફિલ્મનું સંગીત મીત બ્રધર્સના ગીત બેબી ડોલ મેં સોને દી અને હનિ સિંઘના ચાર બોતલ વોડકા જેવા ચાર્ટબસ્ટર્સ તરીકે ગણાયેલ પાર્ટીઓમાં ખૂબ જ પસંદ કરવામાં આવેલ છે.

રાગિની એમએમએસ ૨ શરૂ થાય છે, તો ડાયરેક્ટર રોકી (પ્રવિણ ડાબાસ) સન્ની લીઓનીને મુખ્ય ભૂમિકામાં લઈ એક મૂવી એ જ ઘરમાં શૂટ કરવાનું નક્કી કરે છે. ઉત્તેજીત સન્ની વાસ્તવિક રાગિણીને મળવાનો નિર્ણય લે છે.

જે માનસિક રોગીઓના આશ્રયસ્થાનમાં રહે છે. પણ સન્નીના કમકમાટી વચ્ચે, રાગિણી સન્નીની આંખો સામે જ પોતાને ગરદનની નીચે ચક્કુ મારી લે છે. બનાવે જો કે સન્નીને ડગમગાવી નહીં અને ફિલ્મનું શૂટ શરૂ થાય છે.

આત્મચિંતન

સમય અને મનોયોગ

દેશને સશકત અને સમૃદ્ધ બનાવવા માટે ધનની નહી, સમય અને મનોયોગની જરૂરિયાત છે. ભગવાને ૨૪ કલાકનો સમય ધન કમાવવા માટે, મોજશોખ કરવા અને સંકુચિત સ્વાર્થોમાં રચ્યાં પચ્યાં રહેવા માટે જ નથી આપ્યો. એમાંનો એક અંશ પરમાર્થના કાર્યો માટે પણ કાઢવો જોઈએ. અધ્યાત્મવાદની સુનિશ્ચિત માન્યતા એ છે કે ભજનને બદલે લોકહિતના કાર્યોમાં સેવાપ્રવૃત્તિઓમાં સમય ખર્ચવો જરૂરી છે. આથી પરમાર્થ કાર્યો માટે ભજનની જેમ આપણે શ્રદ્ધાવાન બનવું જોઈએ. આપણાં દૈનિક જીવનમાં તેમનું એક નિશ્ચિત સ્થાન હોવું જોઈએ. સમયદાનનો ઉપક્રમ આપણે ઉદારતાપૂર્વક ચલાવતા રહીએ અને તેને જીવનનું એક આવશ્યક ધર્મ કર્તવ્ય માનીને અમુક સમય નક્કી કરી લઈએ. નિર્માણકાર્યો, શ્રમ, સમય અને મનોયોગ વિના થઈ શકતાં નથી.

ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

સિંહગઢ કૉલેજની ટીમ 'કર્મ' રોબોવોર્સમાં ઈન્ટરનેશલન વર્લ્ડ કપ જીતનારી પ્રથમ ભારતીય ટીમ બની

ફોટો : શાંતી શાહ

સિંહગઢ ટેકનિકલ એજ્યુકેશનલ સોસાયટીની ટીમ કર્મ ચીનમાં એફએમબી વર્લ્ડ કપમાં જીતનારી પહેલી ભારતીય ટીમ બની ગઈ છે. સિંહગઢ ઈન્સ્ટીટ્યૂટ્સના અલગ-અલગ કોલેજોના સાત ઈન્જીનિયરિંગ વિદ્યાર્થીઓએ ઈન્ટરનેશનલ રોબોવોરમાં ભાગ લીધો. ટીમે કર્મના નામના રોબોટ સાથે ૬૦ કિગ્રા કેટેગરી અંતર્ગત ભાગ લીધો અને બ્રાઝીલના પૂર્વ ચેમ્પિયન્સને હરાવીને જીત હાંસલ કરી. રોબોવૉર્સ એક રોબોટ ડિઝાઈન સ્પર્ધા છે જ્યાં અલગ-અલગ ટીમો રિમોટ કંટ્રોલથી નિયંત્રિત રોબોટ્સને ડિઝાઈન અને નિર્મિત કરે છે. આ રોબોટ વન-ઑન-વન ટૂર્નામેન્ટમાં સંઘર્ષ કરવામાં સક્ષમ હોય છે. જો ત્રણ મિનિટની અંદર કોઈ ટીમ વિરોધી ટીમને હરાવી દે છે તો તેને વિજેતા ઘોષિત કરવામાં આવે છે.નવા વર્લ્ડ રોબોવૉર ચેમ્પિયન્સમાં ૬૦ કિગ્રાની શ્રેણીમાં સિંહગઢ કૉલેજ ઑફ ઈન્જીનિયરિંગના ઉત્કર્ષ ખોડકે, અભિષેક રાવત, નિદાન પાટિલ, નિકુંજ ચૌધરી અને યશ રંજનકર તથા શ્રીમતી કાશીબાઈ નવાલે કૉલેજ ઓફ ઈન્જીનિયરિંગના શૌનક ઠાકર તથા રાહુજ સાહૂ સામેલ હતા. આ ઈવેન્ટની મેચોનું પ્રસારણ ઑનલાઈન લાઈવ અને અલગ-અલગ ચીની મીડિયા ચેનલોના માધ્યમથી કરવામાં આવ્યું

જય સોની અને નિયા શર્માના રહસ્યો 'રસોઈ કી જંગ, મમ્મીયોં કે સંગ' પર છતાં થાય છે

ફોટો : શાંતી શાહ

કલર્સની તાજેતરની પ્રસ્તુતિ, રસોઈ કી જંગ, મમ્મીયોં કે સંગ, જે સેલિબ્રિટિઝને પોતાની વાસ્તવિક – જીવનની માતાઓ સહિત એક બીજાની સામે ભીડાવે છે પોતાના પ્રિય ટેલિવિઝન સ્ટાર્સ અંગે તેઓની માતાઓ દ્વારા તેમના અજાણ્યા રહસ્યો છતાં કરવા સાથે દર્શકોનો મનપસંદ બનેલો છે.

શોના આવી રહેલ એપિસોડમાં, નિયા શર્મા અને જય સોની પોતાની માતાઓ સહિત રાંધવાની લડાઈમાં પરસ્પરની સામે સ્પર્ધા કરતાં જોવા મળશે.જય સોનીની માતાએ એના અંગેનું એક રસપ્રદ રહસ્ય છતું કર્યું કે એની પત્ની પૂજા શાહને બેડ ટી પસંદ છે, અને વ્હાલા પતિની જેમ, જયે તેણીના માટે કરીને તે બનાવતાં શીખી લીધી. ભલે, જય સોની માત્ર પ્રેમાળ પતિ જ નથી, પણ એક માયાળુ દીકરો પણ છે.જયારે પૂછવામાં આવ્યું કે કોનું ભોજન તે પસંદ કરશે – પોતાની માતા કે પત્નીનું–તેણે ઝડપથી માતાને બાથમાં લીધી અને કહ્યું તેપોતાની માતાના હાથના ભોજનને પ્રાથમિકતા આપશે. દરમ્યાન, નિયાએ પણ છતું કર્યું કે પોતે ૧૦મા ધોરણમાં હતી ત્યારે તેણીએ રાંધતા શીખ્યું હતું. તેણીએ પણ જણાવ્યું કે તેણી અભિનેત્રી બની તે પહેલાં પોતે હંમેશા ન્યૂઝ એક્કર બનવા માંગતી હતી.રમૂજી રિત્વિક ધનજાની દ્વારા હોસ્ટ કરવામાં આવેલ અને સેલિબ્રિટી શેફ રણવીર બ્રાર જજ તરીકે હોવા સાથે રસોઈ કી જંગ, મમ્મીયોં કે સંગ પોતાના શરૂઆતના બે એપિસોડમાં રશ્મિ દેસાઈ, માહિ વિજ, કરિશ્મા તન્ના અને રાગિણી ખન્નાના શો પર મહેમાન તરીકે આવવા સાથે દર્શકોના હૈયાં જીતી ચૂકલે છે.વધુ અપડેટસ માટે, દર રવિવારે બપોરે ૧:૦૦ કલાકે રસોઈ કી જંગ, મમ્મીયોં કે સંગ જોતાં રહો

આ વીકએન્ડ પર કલર્સ પર "એન્ટરટેનમેન્ટ કી રાત"માં મહિલાઓનું શાસન

ફોટો : શાંતી શાહ

તમારું મનોરંજન કરવા અને તમને અવાક કરી દેવા આ વીકએન્ડ પર, કલર્સનું તાજેતરમાં લોન્ચ થયેલ એન્ટરટેનમેન્ટ કી રાત મહિલાઓને તમારા ટેલિવિઝનપડદા પર શાસન કરતાં જોશે. શનિવાર રાતનો એપિસોડ બોલીવુડ સેલિબ્રિટી સન્ની લિઓની, અરબાઝ ખાન, ક્રિન્જ પોપ સેન્સેશન ઢિંચક પૂજા અને કલર્સના શોઝ ની ખૂબ જ ચહેતી પોતાની મસ્તીના પ્રમાણને વધુ ઉપર લઈ જતી બહુઓનું નિરૂપણ કરે છે.અરબાઝ ખાન અને સન્ની લિઓની રેપિડ ફાયરનો હિસ્સો હશે, જયાં તેઓ એકબીજાની ખિજવનારી ટેવો સામે લાવશે અને સન્ની કરવા ચોથ બાબતના પોતાના મંતવ્યો ની આપ–લે કરશે. પોતે ડેનિયલના જીવન માટે શા માટે ઉપવાસ ન કરી શકે તે બાબતે જણાવશે, કેમ કે જો ખાલી પોતે રહી જાય, તો તેના માટે પ્રાર્થના કરી શકે છે. કલર્સની 'બહુઓ–રશ્મિ દેસાઈ, રુબિના દિલાઈક અને આલિશા પંવાર – ચેનલ પર પોતાના જે તે શ માટે ભગવાન સાથે વાત કરતી દેખાડશે.

રવિવારનો એપિસોડ બોલીવુડ અને ક્રિકેટમાંથી મહિલા સશક્તતાનું ભરપૂર સંયોજન હશે, હુમા કુરેશી પોતાના બાળપણના અનુભવો અંગે બોલે છે ત્યાં જ મિથાલી રાજ – ઈન્ડિયન વુમન્સ નેશનલ ક્રિકેટ ટીમની કેપ્ટન અને ઝૂલણ ગોસ્વામી, ઓલ–રાઉન્ડર, દેશ માટે ક્રિકેટ રમવા શકય બનવા માટે પોતે સામનો કર્યો તે સંઘર્ષો અંગે.વધુ જાણવા માટે, જોતાં રહો દર શનિવાર અને રવિવાર રાત્રે ૧૦-૦૦ કલાકે "એન્ટરટેનમેન્ટ કી રાત" ફક્ત કલર્સ પર

નોટબંધી પછી ભારતીય ગ્રાહકો દ્વારા એટીએમના ઉપયોગમાં પરિવર્તન: નવા એફઆઈએસ અધ્યયનનું તારણ

ભારતમાં ગ્રાહકો દ્વારા એટીએમના ઉપયોગ વિશે એફઆઈએસ દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના અધ્યયનમાં એવુંતારણ નીકળ્યું છે કે નોટબંધી પછી એટીએમમાંથી ઉપાડનું સરેરાશ મૂલ્ય બેગણું વધ્યું છે, જ્યારે ઉપાડની સાતત્યતા ઘટી છે. અધ્યયનમાં એવું પણ જોવા મળ્યું છે કે રોકડ એ ઘરગથ્થુ ચુકવણીઓ માટે ચુકવણીનું મુખ્ય માધ્યમરહ્યું છે ત્યારે અન્ય ડિજિટલ વિકલ્પોએ ગતિ પકડી છે. અધ્યયનમાં એવું પણ બહાર આવ્યું છે કે નોટબંધી પછીના મહિનાઓમાં એટીએમમાંથી રોકડની ઉપલબ્ધતાની સમસ્યા હતી અને એટીએમ પર લાંબી લાઈન લાગતી, જેને લીધેગ્રાહકોને બહુ ઓછો સંતોષ થતો હતો. એટીએમના ઉપયોગની પસંદગીની દૃષ્ટિથી અધ્યયનમાં એવું જોવા મળ્યું છે કે ગ્રાહકો દ્વારા તેમનું ખાતું હોય તે જ બેંક દ્વારા ચલાવાતા એટીએમનો ઉપયોગ કરવાને અગ્રતા આપવામાં આવેછે. રોકડનું સ્થળ, નિકટતા અને ઉપલબ્ધતા એ એટીએમની પસંદગી કરતી વખતે ભારતીય ગ્રાહકો માટે મહત્ત્વપૂર્ણ પરિબળો છે. ડિઝરપ્ટર ફિનટેક કંપનીઓ નાણાકીય સેવાઓના અવકાશમાં ઊભરતી જરૂરતોને ભરી કાઢી રહી છે ત્યારેબેંકો પાસે એક નાવીન્યતા દેશના દરેક ખૂણેખાંચરે સ્થાપિત કરવામાં આવેલાં એટીએમ છે. સ્પષ્ટતાથી કહીએ તો રોકડ જમા કરવી, ચેક જમા કરવા, પાસબુક અપડેટ કરવી, ચેક બુકનો ઓર્ડર આપવો, યુટિલિટી પેમેન્ટ્સ કરવા, ફંડ્સ ટ્રાન્સફર વગેરે સહિત બેંક શાખાથી બહુ કામગીરી એટીએમ સુધીની અન્ય સેવાઓ આપવાનો પૂરેપૂરો અવકાશ છે.

મેજિકબ્રિક્સે રી-પોજૈસ્ડ સંપત્તિઓની ઈ-નીલામી માટે પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની સાથે ભાગીદારી કરી

ભારતની નંબર ૧ પ્રોપર્ટી સાઈટ મેજિકબ્રિક્સે રી-પોજૈસ્ડ સંપત્તિઓની ઈ-નીલામી માટે દેશની અગ્રણી ફાઈનાન્સ સંસ્થા પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની સાથે સામરિક ભાગીદારીનું એલાન કર્યું. આ ભાગીદારી હેઠળ ૪૫ સંપત્તિઓની પહેલી ઈ-નીલામી ૨૭ નવેમ્બર ૨૦૧૭એ થશે. ૭ ઓક્ટોબરે એમની તરફથી પહેલી ઓનલાઈન પ્રોપર્ટી નીલામી અભિયાન 'માય બિડ, માય હોમ`ને મળેલી જોરદાર પ્રતિક્રિયા પછી મેજિકબ્રિક્સ હવે પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની રી-પોજૈસ્ડ સંપત્તિઓને આકર્ષક ઉપરાંત કિફાયતી દરો પર ઉપલબ્ધ કરાવશે. ઉપભોક્તાઓ માટે સંપત્તિઓ તુરંત પોજૈશન હેતુ ઉપલબ્ધ થશે. ઉપભોક્તા ૨૪ નવેમ્બર ૨૦૧૭ સુધી auctions.magicbricks.com પર લોગ-ઓન કરી પંજીકરણ કરી શકો છો. આ સંપત્તિઓ એનસીઆર(૩૫), ભિવાડી(૨), મોહાલી(૨), ઈન્દૌર(૧), જગધરી(૧), લુધિયાના(૧), સોનીપત(૧), યમુનાનગર(૧), અને જિરકપુર(૧)માં ફેલાયેલી છે.

આયર્નનુ એટોમીક સ્ટ્રકચર વેસ્ટ વોટરને થોડી જ મિનીટોમા શુદ્ધ કરી દેશે

ઓસ્ટ્રેલિયા પર્થની એડીથ કોવન યુનિવર્સીટી ના વૈજ્ઞાનીકો એ મેટાલિક ગ્લાસ બનાવવા આયર્નનુ એટોમિક સ્ટ્રકચર વિકસાવ્યુ છે જે વેસ્ટવોટરને મીનીટો મા જ શુદ્ધ કરી દેશે .

મેટાલિસ ગ્લાસ એટોમીક સ્ટ્રકચર રિસેમ્બલ ગ્લાસ છે. તેનુ ઉત્પાદન સસ્તુ છે અને તે ૨૦ વખત ફરી વાપરી શકાય છે તેવુ સંશોધકોનુ કહેવુ છે. મેટાલિક ગ્લાસની થીન સ્ટ્રીપ ડાઈસ અને હેવી મેટલ જેવી અશુદ્ધિઓ દુર કરી દે છે .ખુબ અશુદ્ધ પાણીમાંથી પણ તે મીનીટોમાં અશુદ્ધિઓ દુર કરી દે છે. ટેકસટાઈલ અને માઈનીંગ ઈન્ડસ્ટ્રીમાં ટેકનોલોજીનુ ઘણુ મહત્વ છે.માઈનીંગ અને ટેકસટાઈલ પ્રોડકશનમાં હેવી મેટલ અને ડાઈસ સાથેનુ અશુદ્ધ પાણી રહે છે. ભારતમાં વેસ્ટ વોટર જનરેશન અને ટ્રીટમેન્ટ વચ્ચે મોટો ગાળો છે. એક રિપોર્ટમુજબ ભારતમાં૧૩,૬૪૪૮ એમએલડી વેસ્ટવોટર ઉત્પન્ન થાય છે જેમાથી માત્ર ૬૦% પર જ પ્રક્રિયા થાય છે. રુઢીગત પદ્ધતિઓ મોંઘી અને જટીલ છે. જયારે આયર્ન બેઝ મેટાલિક ગ્લાસ ૨૦ વખત ફરી વપરાય છે.કોઈ પણ પ્રકારનો કચરો ઉતપન્ન થતો નથી અને પ્રતિ કિલો થોડા ડોલરમાં જ ઉપલબ્ધ છે.

મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે ૧૭ ટકાના આરઓઈવી સાથે રૂ. ૬૯૪૬ કરોડનું એમ્બેડડ વેલ્યુમાં વધારો નોંધાવ્યો

નવી દિલ્હી

ભારતની અગ્રણી જીવન વીમા કંપનીમાંથી એક મેક્સ લાઈફ ઈન્શ્યરન્સ કંપની લિ.એ ૧૭ ટકાના રિટર્ન ઓફ એમ્બેડડ વેલ્યુ (આરઓઈવી) સાથે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ રૂ. ૬૯૪૬ કરોડનું એમ્બેડડ વેલ્યુ નોંધાવ્યું છે. વ્યક્તિગત સમાયોજિત નવું પ્રીમિયમ રૂ. ૧૧૧૨ કરોડે પહોંચ્યું છે, જે નાણાકીય વર્ષ ૨૦૧૮ના પ્રથમ અર્ધવાર્ષિકમાં ૧૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે, એટલે કે, ૨૦૧૭ના પ્રથમ અર્ધવાર્ષિકની તુલનામાં ૨૦૧૭-૧૮નું પ્રથમ અર્ધવાર્ષિક. આ સમયગાળા દરમિયાન કંપનીનું ગ્રોસ રિટન પ્રીમિયમ ૧૪ ટકા વધીને રૂ. ૪૮૦૮ કરોડ થયું છે, જ્યારે નવીનીકરણ પ્રીમિયમ ૧૩ ટકા વધીને રૂ. ૩૨૩૬ કરોડ વધ્યું છે. નવા વેપારનું મૂલ્ય ૧૬ ટકા વધીને રૂ. ૨૦૪ કરોડ થયું છે, જે રક્ષણની યોજનાઓના મોટા હિસ્સા સાથેના ઉત્કૃષ્ટ યોજના સંમિશ્રણનું પરિણામ છે.મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સના બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ રૂ. ૧૬૩ કરોડનું વચગાળાનું ડિવિડંડ મંજૂર કર્યું છે. મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે ૨૦૧૭-૧૮ના પ્રથમ અર્ધવાર્ષિકમાં બધાં મુખ્ય વેપાર પરિમાણો પર ઉત્તમ કામ કર્યું છે. "મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સ તેની એકધારી વેપાર કામગીરી માટે જ્ઞાત છે. ગ્રાહકોની વફાદારી, સંવર્ધન, ફરિયાદ વ્યવસ્થાપન અને દાવા પતાવટ બધા યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છે. અમારે માટે એક વ્યૂહાત્મક અગ્રતા કક્ષામાં ઉત્તમ ગ્રાહક અનુભવ આપવા માટે અને અમારી કામગીરીમાં કાર્યક્ષમતા જાળવવા માટે જીવન વીમા મૂલ્ય શૃંખલામાં ડિજિટલ ટેકનોલોજીઓ અને વિશ્લેષણાત્મક મોડેલો કામે લગાવવાની છે. મેક્સ લાઈફના ગ્રાહકોએ કંપનીમાં તેમનો વિશ્વાસ અને શ્રદ્ધા પુનઃસ્થાપિત કર્યા છે, જે ગ્રાહકોને જાળવી રાખવામાં થયેલી નોંધનીય વૃદ્ધિ પરથી આલેખિત થાય છે.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા આયોજિત ગીતા જીવન સંહિતાનો પાંચમો દિવસ

કર્મ એ સંકલ્પ, સાધના, પુરૂષાર્થ અને પરિણામ એ ચારનો સમન્વય છે. કર્મની જંજાળમાંથી મુક્ત રહેવા ઈચ્છનારે કર્મમાં અકર્મ જોતાં શીખવું પડે. આના માટે સકામ કર્મમાં ફળની અપેક્ષાનો ત્યાગ અને નિષ્કામ કર્મમાં અહંકાર રહિતતા, આ બંનેનો અભ્યાસ આવશ્યક છે. જ્ઞાનયુક્ત કર્મયોગી શરીરથી તો સર્વ કર્તવ્યો નિભાવતો રહે છે, છતાં અંદરથી સાવ મુક્ત હોય છે. આમ, જે સર્વકર્મને યોગમાં બદલે એ પંડિત છે એમ વિશ્વપ્રસિદ્ધ પ્રખર ધર્મોપદેશક પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા યોજાયેલ ગીતા જીવન સંહિતાના પાંચમા દિવસે જણાવ્યું હતું.હોલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓને સંબોધતાં પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે સંસારમાં લોકો કામનાના વિષય અને રૂપ બદલે છે પરંતુ કામનાનો ત્યાગ કરી શકતા નથી. અહીંની સગવડ છોડી સ્વર્ગના સુખની અભિલાષા, ઘરનો ત્યાગ કરી મંદિર, મઠ કે આશ્રમનું મેનેજમેન્ટ અને પરિવાર તથા સ્વજનોનો ત્યાગ કરી ચેલા-ચેલીની જમાત ઊભી કરવી એ કેવળ કામનાનું રૂપાંતરણ છે, એનાથી મુક્તિ મળે નહીં. જે નથી તે પ્રાપ્ત કરવાની મનની વિક્ષિપ્તતા એ જ કામના છે. જે પ્રભુકૃપાથી પ્રાપ્ત થાય, એનાથી સંતુષ્ટ રહે એ જ પ્રસન્નતા પામી શકે. જે લોકોએ ઉચ્ચ સંકલ્પો કર્યા છે, તેઓ જ સફળતાને વર્યા છે. સંકલ્પમાં ઈચ્છા, દ્રઢતા અને ક્રિયાશીલતાનો ત્રિવેણી સંગમ છે. આશા અમર છે એ વાત સાચી, પરંતુ આશા આપણી દાસી બનવી જોઈએ, માલિકણ નહીં. જે આશાનો દાસ બને છે તે સૌનો દાસ બને છે જ્યારે આશાને જે દાસી બનાવે છે એના સૌ દાસ બને છે.

પ્રેમનો જાદુ ચાલવા દો કેમ કે ઝી સીનેમા શ્રદ્ધાકપુર અને અર્જુનકપુરની હાફ ગર્લફ્રેન્ડનું પ્રીમીયર કરે છે

શું મિત્રતા બાબતે બે લોકોના સામાજીક સ્ટેન્ડીંગ અલગ અલગ હોઈ શકે છ અને છતાં પણ તેઓ મિત્ર બને છે. શું કયારેય તેઓનો સંબંધ પ્રેમમાં પાંગરી સફળ પણ થઈ શકે ? મોહીત સુરી દ્વારા ડાયરેકટ કરવામાં આવેલ મુખ્ય ભૂમિકામાં શ્રદ્ધા અને અર્જુન કપુરને ચમકાવતી ફિલ્મ હાફ ગર્લફ્રેન્ડ બે મિત્રોની કહાની છે. જેઓ વિરોધાભાસી સામાજીક પાશ્ચાદભૂમાંથી આવે છે અને પોતાના સંબંધ બાબતે વિખવાદયુકત અભિપ્રાય ધરાવે છે. દેશભરમાં દર્શકોને ગમી જનાર આ રોમેન્ટીક ડ્રામા રવીવાર ૨૬ મી નવે.રોજ રાત્રે ૮ કલાકે હોમ ઓફ બ્લોક બસ્ટર્સ ઝી સીનેમા પર પ્રીમીયર કરશે.આ ફિલ્મમાં બિહારના એક સાધારણ છોકરા માધવ ઝા (અર્જુનકપુર) ની આસપાસ છે જે પોતે બાસ્કેટબોલમાં નિપુણ હોવાના લીધે ખુબ જ ચર્ચીત કોલેજમાં એડમીશન મેળવે છે એનું સ્પોર્ટસ કવોટા એડમીશન જો કે માધવ ઈંગ્લીશમાં ફલુઅન્ટ હોવાની ખાતરી નહોતી જે તેને જાણે કે તે બહારનો હોય તેમ બનાવી દેતું કેમ્પસમાં તેપરંપરાગત દિલ્હી ગર્લ જે બાસ્કેટ બોલની ઘેલી છે. રીયા સોમાણીનો મિત્ર બને છે બંન વચ્ચે સારૂં બને છે અને અવારનવાર એક સાથે જોવા મળે છે. જ્યાં જોનારને જણાઈ આવે છે કે તેઓ ખાલી મિત્ર હોવા છતાં કંઈક વધારે બની ગયેલ છે.દીલથી સરળ માધવ માટે મિત્રતા પ્રેમ જેવી હતી અને રીયાને તેણીના જન્મદિવસ પર પ્રપોઝ કરે છે. શું રીયા કયારેય પોતાના માટે માધવના પ્રેમને સમજશે અને સ્વીકારશે ? શું તેણી કયારેય માત્ર હાફ ગર્લફ્રેન્ડ હોવાથી આગળ વધશે ?

સોનીએ તેના પ્રિમિયમ નોઈસ કેન્સલેશન હેડફોન્સ લાઈન-અપનું વિસ્તરણ કર્યું

Industry Leading
Noise Cancellation

નવી દિલ્હી

ઉત્તમ ઓડિયો અનુભવ પૂરો પાડવાની નિષ્ઠાને જાળવી રાખીને સોની ઈન્ડીયાએ તેના નોઈસ કેન્સલેશન લાઈન-અપનું વિસ્તરણ કર્યું છે. ઉદ્યોગમાં અગ્રણી ગણાતી આ ટેકનોલોજીને કારણે સુધારેલી નવી સ્માર્ટ સિરીઝ ડિઝાઈન રોમાંચક પ્રિમિયમ અને રિફાઈન્ડ સાઉન્ડ પૂરો પાડવા માટે કરવામાં આવી છે ઉદ્યોગમાં મોખરાનું સ્થાન ધરાવતા ખલેલ વગરના નોઈસ કેન્સલેશન વાયરલેસ હેડફોન્સ (તમામ મોડેલ) આ નવા લાઈન-અપમાં અનોખાં ફિચર્સ આવરી લેવાયાં છે, જેને કારણે આસપાસના વાતાવરણ અને અવજની પેટર્નને ગ્રહણ થતાં ગ્રાહક નોઈસ કેન્સલેશન માણી શકે છે. નોઈસ કેન્સલેશન ટેકનોલોજીમાં ઉદ્યોગમાં મોખરાનું સ્થાન આપવા આ હેડફોન્સમાં સંખ્યાબંધ નવા સુધારાનો અમલ થયો છે.૧ વ્યક્તિગત અને વાતાવરણના પ્રેશરને એ રીતે ઉત્તમ પ્રકારે એડજેસ્ટ કરાય છે કે તે વ્યક્તિની સાંભળવાની સ્ટાઈલ અને સ્થળની ઉંચાઈ સાથે બંધ બેસી ગ્રાહક અવાજને માણવાની મજલમાં તલ્લીન થઈ શકે છે. સ્માર્ટ ફોન એપ્લિકેશન "Headphones Connect App" દ્વારા તમારા સાઉન્ડને ફાઈન-ટ્યુન કરી શકાશે.

સિટી-એનસીપીએ મ્યુઝિક સ્કોલરશિપની ૧૦મી આવૃત્તિ માટે અરજી માટે ખુલ્લી મુકાઈ

ભારતીય સંગીત માટે સિટી- એનસીપીએ સ્કોલરશિપ ૨૦૧૮-૧૯ હિંદુસ્તાની સંગીત (ગાન- ખયાલી, ધ્રુપદ, વાજિંત્રો- સિતાર, સરોદ, વાયોલિન, વાંસળી, હાર્મોનિયમ વગેરે)માં એડવાન્સ ટ્રેનિંગમાં સ્કોલરશિપ માટે ૧૮થી ૩૦ વય વર્ષ (૧લી માર્ચ, ૨૦૧૮ના રોજ) વચ્ચેના વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ (સંગીતમાં શિક્ષણનો બાયોડેટા) મગાવવામાં આવે છે. સ્કોલરશિપનું મૂલ્ય માસિક રૂ. ૭૫૦૦ (એપ્રિલ ૨૦૧૮થી માર્ચ ૨૦૧૯) રહેશે. તમારી અરજી (સંગીતમાં શિક્ષણ પર બાયો- ડેટા) પરબીડિયામાં નિમ્નલિખિત લખાણ સાથે મોકલી શકાશેઃ સિટી - એનસીપીએ સ્કોલરશિપ ફોર ઈન્ડિયન મ્યુઝિક, નેશનલ સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ- ૪૦૦ ૦૨૧ અથવા ઈમેઈલ કરો ncpascholarships @ gmail. com પર, જે ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૭ના અથવા તે પૂર્વે કરવાની રહેશે. અરજી (બાયો-ડેટા)ની વિગતોમાં વ્યક્તનું નામ, જન્મતારીખ, સરનામું, સંપર્ક નંબર, વૈકલ્પિક સંપર્ક નંબર, વ્યાવસાયિક પાત્રતા, ઈમેઈલ આઈડી, સંગીતના શિક્ષક કે ગુરુનું નામ, કુલ કેટલાં વર્ષ તાલીમ લીધી છે અને સિદ્ધિ, ઈનામ, સ્કોલરશિપ અને કામગીરીની વિગતો અને અન્ય નોંધનીય માહિતીનો સમાવેશ કરવાનો રહેશે. પસંદ કરેલા ઉમેદવારોને ઈમેઈલ અથવા ટેલિફોનથી જાણ કરાશે. તેમણે ફેબ્રુઆરી ૨૦૧૮ના મહિનામાં એનસીપીએ મુંબઈ ખાતે ઓડિશન માટે હાજરી આપવી પડશે. એનસીપીએ પસંદગી સમિતિનો નિર્ણય આખરી રહેશે. **પાત્રતા માપદંડ** એપ્રિલ ૨૦૧૮-૧૯ દરમિયાન સંગીતના ક્ષેત્રમાં કોઈ પણ અન્ય સ્કોલરશિપમાંથી લાભ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓ અરજી કરવા માટે પાત્ર નહીંમં રહેશે. અરજદારો વ્યાવસાયિક સંગીતકાર તરીકે કામ કરતા નહીં હોવા જોઈએ.

ઝી ટીવીના ભૂતુમાં નીતા શેટ્ટી ડ્રામાને વધુ ઉપર લઈ જાય છે

ઝી ટીવીના અર્લી પ્રાઈમટાઈમ શો, ભૂતુએ પોતાના સરસ પાત્રો અને સંબંધોના મહત્વ પર પ્રકાશ પાડતી કહાણી વડે દેશભરના દર્શકોના હૈયા જીતી લીધા છે. મનોરંજનનું પ્રમાણ વધુ ઉપર લઈ જતાં, પ્રતિભાશાળી અભિનેત્રી નીતા શેટ્ટી શોમાં પ્રવેશ કરવા તૈયાર છે. નીતા માનસિક રીતે અસ્થિર વ્યક્તિ- માનસી રંધાવાની ભૂમિકા ભજવતી જોવા મળશે, જેનો પ્રવેશ વર્તમાન ટ્રેકમાં કુતુહલ અને રહસ્યના તત્વનો ઉમેરો કરશે.

નીતાનું પાત્ર, માનસી રંધાવા સત્યાવીસ વર્ષની વગની માનસિક રીતે અસ્થિર છોકરી અને આરવ (કિન્શુક મહાજન) ની બહેન છે. તેણીની આવી પરિસ્થિતિના લીધે તેણીની માતા તથા ભાઈ દ્વારા માનસીને સમાજ અને સાચી (સના અમીન શેખ) થી દૂર રાખવામાં આવેલ છે. શો માં તેણીના પરિચયની સાથે, કબાટમાંથી ઘણાં બધાં ડોકિયા બહાર આવશે અને સાચી રંધાવા પરિવારને લગતાં કેટલાંક કાળાં રહસ્યો બાબતે જાણશે.

''માનસી એક ખૂબ જ જટિલ પાત્ર છે અને રંધાવા પરિવારમાં તેણીની ગેરહાજરી અને એકાએક પાછા ફરવા ફરતે પુષ્કળ રહસ્ય છે. તેણી માનસિક રીતે અસ્થિર છે અને તેણીનું વ્યક્તિત્વ ખૂબ જ ધારી ન શકાય તેવું છે શું સાચી માનસી અંગેના સત્યને જાણી શકશે? માનસીનો વાસ્તવિક હેતુ શું છે? જાણવા માટે ભૂતુ સાથે જોડાયેલા રહો, દર સોમવારથી શુક્રવાર સાંજે ૬:૩૦ કલાકે ફક્ત ઝી ટીવી પર

કિલ્લોલકુંજ
બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...
ગમ્મત સાથે જ્ઞાન પીરસે...
અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

પાંજરામાં ઉભેલા આરોપીએ કહ્યું, હું ધીમી ઝડપે કાર ચલાવી રહ્યો હતો એટલે પોલીસે મને પકડી લીધો.

જજ : ધીમી ઝડપે કદાચ તું ભુલી ગયો છે. ધીમી નહીં પણ વધુ ઝડપે કાર ચલાવવાના કારણે તને પોલીસે પકડયો છે.

આરોપી : ના જજસાહેબ હું ધીમી ઝડપે કાર ચલાવી રહ્યો હતો. હકીકતમાં મારે કાર પુરઝડપે ચલાવવી જોઈતી હતી. કારણ કે એ કાર મારી નહોતી.

૦૦૦૦

તમારા કુતરાનું નામ શું છે ?

મેં આજ દિવસ સુધી એને પુછયું નથી.

૦૦૦

ડૉકટર સાહેબ જરા ઘરે આવીને જુઓને મારી પત્નીનો અવાજ બંધ થઈ ગયો છે.. ગભરાયેલા અવાજે એક સજ્જને ડૉકટરને આવીને કહ્યું.

મારે તમારે ત્યાં આવવાની કોઈ જરૂર નથી. જો રાતે ઘરે મોડા પહોંચશો તો તમારી પત્નીનો અવાજ એની મેળે ખુલી જશે.. ડૉકટરે જવાબ આપ્યો.

૦૦૦૦

છોકરાએ એની મમ્મીનેકહ્યું, મમ્મી હું એવી યુવતી સાથે લગ્ન કરવા માગું છું જે મારી ઘરડી મમ્મીની સેવાચાકરી કરે.

છોકરાનીમમ્મીએ છોકરાને ત્રણ ચાર થપ્પડ ઝીંકી દેતાં કહ્યું, ઘરડી કોને કહે છે ? ૦૦૦૦

મધુવન

'કોનો સાથ જીવનમાં સારો, 'શુન્ય' તમે પોતે જ વિચારો,
મહેનત પાછળ બબ્બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હવેલી'

શીર્ષક શે'રમાં ગઝલ વ્યોમે ચમકતા અસંખ્ય સીતારોમાં ધ્રુવની પેઠે જેનું અવિચળ સ્થાન છે એવા શાયર સમ્રાટ સ્વ.'શૂન્ય' પાલનપુરી સાહીલ પ્રારબ્ધ કરતાં પુરૂષાર્થનું મહત્વ જીવનમાં વધારે છે એવાત વ્યકત કરે છે. ભાગ્યના ભરોસે બેસી રહેવાથી ભાગ્ય ઉંઘતું રહે છે પણ હિંમત કરી ઉભા થવાથી ભાગ્ય ઉભું થાય છે. શેકસપિયર પણ કહે છે કે ભાગ્ય ઉપર આધાર ન રાખી શકાય.

'ભટકે છે એય લઈ અને નીજ જન્મકુંડલી
ખુદ જયોતિષીને જાણ નથી જોગવાઈની'

ગઝલના સિંહ ગણાતા ગઝલસમ્રાટ સ્વ.અમૃત ઘાયલના આ શે'ર માં ખુબ સુંદર વાત છે. રાત્રીના સમયે જંગલમાંથી પસાર થતી એક વટેમાર્ગુ રસ્તામાં આવતા કુવામાં પડી ગયો અને જોરજોરથી બચાવો બચાવોની બુમો પાડતો રહ્યો. સવારે એ રસ્તેથી એક વૃધ્ધા નીકળ્યા. એમણે આ અવાજ સાંભળ્યો અને રાહગીરને બહાર કાઢયો. આ માણસે આભારવશ કહ્યું, માજી : હું મોટો જયોતિષ છું અને આપને આપનું ભવિષ્ય જાણવું હોય તો મને યાદ કરજો. વૃદ્ધા હસતાં હસતાં ત્યાંથી ચાલી નીકળ્યા. જન્મકુંડલી બનાવનાર ખુદ જયોતિષીને પણ ભવિષ્યની કોઈ ખબર નથી હોતી.

'મહેનત મને દીધી છે હવે ફેરફારની
ચાહ્યું તમે તે મારૂં મુકદ્દર લખી દીધું'

ગુજરાતના 'ગાલિબ' ગણાતા શાયર 'મરીઝ' ના આ શે'ર માં મુકદરમાં કરી શકાતા ફેરફારની વાત છે. રવિન્દ્રનાથ ટાગોર આ સ્થિતિને આ રીતે જુએ છે. એ મનુષ્ય ઘણો ભાગ્યવાન કહેવાય જેની કીર્તિ એની સત્યતાથી વધારે પ્રકાશમાન નથી હોતી. કીર્તિ ઓછી અને પ્રતિભા વધારે એ સ્થિતી વધારે ઉત્તમ' વ્યક્તિ પોતાનું પ્રારબ્ધ પુરૂષાર્થ વડે ચોક્કસ પલટાવી શકે છે.

'સુણ્યું છે જયારથી કે બે કદમ આગળ રહે છે એ
ભટકવાનું મુકી દીધું છે મેં તકદીરની પાછળ'

બરકતઅલી ગુલામહુસેન વિરાણી 'બેફામ'ના આ શે'ર માં પણ પુરૂષાર્થનો મહિમા ગવાયો છે. વર્જીલના શબ્દોમાં કહીએ તો 'ભાગ્ય સાહસિકને સહાય કરે છે' તો રામતીર્થ વાળી એમ કહે છે કે, માણસ પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. યોગેન્દ્રનાથના વિચારો પ્રમાણે 'પ્રચંડ પુરૂષાર્થ' કરનારની સફળતાને પેલો આળસુ સદ્દભાગ્યના નામે જમા કરવાનો આગ્રહ રાખે છે. આશ્ચર્ય !

ઉકેલે છે ઘણા મહેનત કરી અઘરી સમસ્યાને,
ઘણા જોતા રહે છે જીંદગીભર હસ્તરેખાને

કુતુબ 'આઝાદ' ના આ શે'ર માં મહેનતથી નસીબ બદલી નાખતા સમસ્યાનો સામનો કરી ઉકેલ લાવતા પુરૂષાર્થી મનુષ્યનો મહીમા ગવાયો છે.ભાગ્યના વિચારોમાં મનુષ્યે પોતાની જાતને બાંધી રાખવી મૂર્ખતા છે.

'એ છાલાંઓની ઓળખ આપવા હું માગતો નહોતો
તમે જેને કહો છો હસ્તરેખા ભાગ્યશાળીની'

મુકુલ ચોકસીના આ શે'ર માં પણ આજ વાત વ્યકત થઈ છે. સફળતાના ઉચ્ચ સોપાનો સર કરવા માટે પુરૂષાર્થ રૂપી પગથિયાં ચડવાં જરૂરી છે અને ઉપર ચડવા માટે પ્રત્યેક પગથિયે સાવધાની રાખવાની જરૂર છે. નીચે પડવા માટે એક કાંકરી પુરતી છે એવું માનવાનું કોઈ કારણ નથી કે નસીબમાં લખેલું જ થાય છે. ઘણીવાર નાનકડો સતત પ્રયત્ન પણ આપણને મોટી સિદ્ધિના શિખરે પહોંચાડી દેતો હોય છે. છેલ્લે એક વ્હોટસપમાં આવેલો શે'ર

'કૌન કેતા હૈ કી કિસ્મત હાથો કી લકીર હોતી હૈ,
જિનકે હાથ નહીં હોતે ઉનકી ભી તકદીર હોતી હૈ'

ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)
મો. ૯૪૨૭૬૪૪૬૧૧

ચૂંટણી કાવ્ય-કથા ખુરશીની

ભીંતે ટેકવી ઘરખુણે, એકલી એ ઉભી હતી
દેહ એનો દુર્બળ હતો, યાદ કરતી હતી
એ પોતાના પ્રિયતમને એ પ્રિયતમ રાજકારણી
વર્ષો પહેલાં એને ખરીદી લાવ્યો હતો એ વખતે
તો એકેય ચુંટણીય લડયો નહોતો
પ્રથમ વાર એ બિરાજયો કેવા હર્ષથી
ઉછળી પડી તી પછી તો રાતને દિન
ઉષાને સંધ્યા, વસંતને પાનખર
વર્ષોને મહીના આવ્યા ને ગયા
ઉગ્યાને આથમ્યા,એ રાજકારણી બદલાયો
સરપંચ-પ્રમુખ-ધારાસભા કરતાં
બન્યો પાક્કો રાજકારણી.
એક દા, એ રાજકારણીની પત્ની બોલી
હવે આપણે આને બાળી મુકીએ તો કેમ ?
પથ્થર હોત તો પીગળી જાત
હીમાલય હોય તો ભાગી જાત
દરીયો હોત તો ઉછળી જાત
પણ આ તો, રાજકારણીનું હૃદય
કંઈ ના થયું એ અટ્ટહાસ્ય કરીને બોલ્યો
હા ઉનું પાણી કરવા, હવે એ ખપ લાગશે
આ ખુરશી હુ વરસ ચાલી નહીં !

પ્રસિદ્ધ હાસ્યલેખક જયોતીન્દ્ર દવેના કાવ્યમાં થોડા ઘણા ફેરફારો સાથે
નાઈ પરબતકુમાર કે.(બુકણા)

શોધું તમને

ગગને વરસતા મેઘની જેમ વરસી ગયા તમે
ગાલના પડતા ખંજન સ્પર્શી ગયા અમને
સોનેરી વાળને રુપેરી વાન,કમળની કળી ની જેમ
ખીલી ગયા તમે,ચારેય રસ્તે ભમી ગયા અમે
મળી ન તમ ભાળને, તમારી ઓળખાણ મથી રહ્યા અમે
આવ્યો વંટોળને, ઉડી ગયા તમે...
તરસતે નયને શોધતા અમે રહી ગયા તમને..

સલીમભાઈકુંભાર

વેરનો બદલો

ઘોર અંધારી રાત હતી. ચારે બાજુ સુમસામ વાતાવરણ હતું.દુર દુરના વેરાન પ્રદેશોમાંથી વન્ય પશુઓનો ભયંકર અવાજ વારે વારે અશાંતિને ખળભળાવી મુકતો હતો. પવન તો જાણે કહે મારૂં કામ, શરીરને વીંધી નાખે તેવો પવન વાતો હતો.

યુસુફ નામનો એક વ્યક્તિ પોતાના તંબુમાં બેઠો બેઠો ખુદાની બંદગી કરતો હતો. થોડીવાર પછી તે ઉઠયો અને દીવો બુઝાવી સુવાની તૈયારી કરતો હતો.

ત્યાં તો એક અજાણ્યો માણસ તંબુની પાસે હાંફળો ફાંફળો આવીને ઉભો અને કરગરીને અરજ કરવા લાગ્યો, રહેમ કરો, રહેમ કરો ! હું એક તરછોડાયેલો મુસાફર છું. આપ ઉમદા અને ખાનદાન કુટુંબના નબીરા લાગો છો. મારી પાછળ દુશ્મનો પડયા છે.. મને કયાંય આશરો મળે એમ નથી. હું ભુખ્યો તરસ્યો જીવ બચાવવા દોડતો અહીં આવ્યો છું.. મને બચાવો.. ખુદા આપનું ભલું કરશે.'

યુસુફ નીચું માથું રાખી શાંત ઉભો હતો. તે બોલ્યો, 'ભાઈ ખુદા સૌનું ભલું કરો આ તંબુ મારો છે પણ મારા કરતાં તે અલ્લાહનો વધારે છે એ જ એનો સાચો માલિક છે. આવ ભાઈ, અંદર આવ અને શાંત થા. હું જેમ અહીં રહું છું એમ તું પણ ખુશીથી રહે, આરામ કર અને ખુદાનો અહેસાન માન. ખુદાએ આપણને સૌને પેદા કર્યા છે એ જ મારનાર અને તારનાર છે. આપણે એની આગળ કોણ માત્ર ? આ તંબુમાં તને આવતો રોકનાર હું કોણ ? આવ અને સુખેથી રહે.

પછી યુસુફે એ ભુખ્યા તરસ્યા મહેમાનનું સ્વાગત કર્યું. તેને પેટ ભરીને જમાડયો.. અને હુંફાળી પથારી કરી આપી. પેલો મુસાફર નિરાંતે સુઈ ગયો. પછી યુસુફ ખુદાનું નામ લઈને સુતો.

રાતનો છેલ્લો પહોર હતો ત્યારે યુસુફ ઉઠયો, પેલા અજાણ્યા માણસને પણ તેણે જગાડયો.

પછી યુસુફ બોલ્યો, ભાઈ આ સોનું લે અને આ મારો તેજીલો ઘોડો પણ તૈયાર છે. સુરજ ઉગે તે પહેલાં અહીંથી નાસી જા.. એટલે તારા દુશ્મનો તને નહીં દેખે.. ખુદા તારૂં રક્ષણ કરે.'

એવામાં તો પેલો અજાણ્યો માણસ ઘુંટણિયે પડી પોતાનું માથું યુસુફના ખોળામાં મુકીને રડતાં રડતાં બોલ્યો, અરે ભલા યુસુફ ! મને માફ કરો, માફ કરો તમને તમારા આ ભલા કામનો બદલો આપીને જ હવે હું તો જઈશ.. હું આખી રાત પથારીમાં પડયો રહ્યો પણ મને ઉંઘ જ ન આવી. મારૂં હૃદય મને સતાવી રહ્યું હતું તમને સાચી હકીકત કહી દેવા મને મજબુર કર્યા કરતું હતું. હવે તમે એ વાત સાંભળો જેણે તમારા પ્યારા બેટાને મારી નાખ્યો હતો અને જેને મારવા માટે તથા વેરનો બદલો લેવા માટે તમે તડપી રહ્યા હતા તે જ આ પાપી ઈબ્રાહીમ હું છું. હું તમારે શરણે છું. તમારે મને જે સજા કરવી હોય તે ખુશીથી કરો..'

આ સાંભળીને યુસુફ થોડી વાર સ્તબ્ધ બની ગયો. પછી તેણે મક્કમ અવાજે કહ્યું,હે મુસાફર ! તું ભલે કોઈ પણ હો,પણ હવે આ ત્રણ ગણું સોનુ લે અને હમણાંને હમણાં અહીંથી નાસી જા.. મારામાં રહેલા શેતાનને પાછો જગાડતો ના.. મેં મારા દુષ્ટ વિચારોને કાઢી નાખ્યા છે.. ઈબ્રાહીમ, હવે ભાગ ખુદા તારા ઉપર રહેમ કરો..

ઈબ્રાહીમ તરત જ મારતે ઘોડે ત્યાંથી જતો રહ્યો. યુસુફ એકીટશે એ દિશામાં જોઈ રહ્યો. જ્યારે ઈબ્રાહીમ દેખાતો બંધ થયો ત્યારે યુસુફ પાછો ફર્યો.

યુસુફ ધીમે ધીમે પગલે પોતાના પ્યારા પુત્રની કબર પાસે ગયો અને પ્રેમભર્યા આંસુ સારતો કબરને ભેટતો તે ગદગદ કંઠે બોલ્યો, મારા પ્યારા બેટા ! હું તારા ખુનીને જાનથી મારી નાંખીને તારા ખુનનો બદલો લેવા માંગતો હતો પણ બેટા, ખુદાનો ઈન્સાફ જ ન્યારો જ છે. બેટા આજે મેં તારા ખુનનું વેર લીધું ખુનીને મારીને નહીં પણ જ્યારે તે આફતમાં હતો ત્યારે તેને મદદ કરીને ! બેટા ખુદાનું એ જ ફરમાન હશે, હવે મારા પ્યારા બેટા ! તું શાંતિથી પોઢી જજે.

-કમલેશ કંસારા

બંટી અને ચંકી બાથડવા લાગ્યા..

નિશાળનો ઘંટ વાગ્યો..તરત જ ટપોટપ ટાબરિયાં પેલા મેદાનમાં હરોળબંધ બેસવા લાગ્યાં.. 'હોશિયાર' અવાજ સાથે તમામ બાળકોએ મૌન ધારણ કર્યું.. પ્રાર્થના શરૂ થઈ, ભજન-ધૂન અને સુવિચાર થઈ ગયા.. વાર્તા કથન ચાલુ હતું.. એટલામાં પેલા બે રીઢા ગુનેગાર જેવા બંટી અને ચંકીને મેદાનમાં આવી પાછલી હેરાળના ભાગે અંગૂઠા પકડીને ઉભા થઈ ગયા.. પ્રાર્થના સમેલન પૂરું થવા આવ્યું હતું.. આચાર્યશ્રીની વાણીમાં બે શબ્દો સાંભળી તમામ-બાળકો વર્ગખંડ તરફ હરોળમાં જઈ રહ્યા હતા.. આ કામ એક શિસ્ત બધ્ધ સૈનિકની જેમ શાળામાં ચાલતું જોવા મળ્યું.

આચાર્ય પેલા બે અનિયમીત, રીઢા વિદ્યાર્થીઓ પાસે આવી સવાલ કર્યો..'બન્ને ઉભા રહો.. આટલો બધો સમય મોડા આવવાનું કારણ બતાવો..'સર ઘરેથી નીકળતાં મોડું થઈ ગયું.

પણ કેમ ક્યા કારણે મોડું થયું ?

બંટી અને ચંકીએ બીજો જવાબ આપ્યો 'અરે સર અમારે દવાખાને જવાનું હતું..' જુઓ આ ચંકીના હાથે પાટો છે' આચાર્યશ્રી એ ખરેખર ચકાસણી કરવા ચંકીના હાથનો પાટો ખોલ્યાં પાટો ખોલ્યો પછી એમાં માત્ર હળદરવાળું રૂની પોતું અને પેલો પાટો હતો.. જરાય વાગેલાનું કોઈ નિશાન ન હતું.

'સાહેબ ધીમની ઠપકો આપવા આગળ વધ્યા..' જો ભાઈ બંટી આ કોઈ દવાખાનાનો પાટો નથી.. માત્ર હાથ સફાઈની જેમ તમે જાતે પાટો બાંધ્યો છે.' એટલામાં ચંકી મોટેથી બોલ્યો સાહેબ, આ બંટીડાએ મને આવું ખોટું કારણ બતાવવા પાટો બંધાવ્યો..બાકી અમે વાડીની આંબલી ઉપર રમવા ગયા હતા. આવતા મોડું થયું એટલે આ નાટક કરવાનું વિચાર્યું બસ એટલામાં બંટી અને ચંકી બાથડવા લાગ્યા .. પેલા સાહેબ દરમ્યાનગીરી કરી છોડાવ્યા..

હંસામૃત વાલમીયા-અમદાવાદ

સાચો મિત્ર

ગતાંકથી ચાલુ

તેમની બંન્નેની વાતો સાંભળતી જીતની મમ્મીએ જીતને કહ્યું, બેટા, સાચો મિત્ર એ કહેવાય જે પોતાના મિત્રને સત્ય સમજાવે. તે સત્ય ભલે ને કડવું હોય. માટે તારે કોઈપણ જાતનો ડર રાખ્યા વિના સોનુને સત્ય સમજાવવા પ્રયત્ન કરવો જોઈએ.'બધા જ સોનુને સમજાવવા માટે આગ્રહ કરે છે. એ જાણી આખરે જીતે નક્કી કર્યું કે, હું તે માટે પ્રયત્ન કરીશ. આ અંગે જીતે સોનુના પિતાજીને વચન આપી દીધું. આથી સોનુના પિતા અને જીતની મમ્મી બંન્ને ખુશખુશાલ થઈ ગયા.

ત્યાર પછી એક દિવસ કોઈ કારણસર સોનુ જીત ઉપર રાજી થઈ ગયો. વાતમાં ને વાતમાં તે બોલી ઊઠ્યો 'જીત, ખરેખર તું મારો સાચો મિત્ર છે. માટે જે હંમેશા મને મદદરૂપ બને છે. મારા સુખ - દુઃખનો સાચો સાથી છે. તારી આ મિત્રતાની કિંમત હું કઈ રીતે ચૂકવી શકીશ ??

' દોસ્ત, જો તું મિત્રતાની કિંમત ચૂકવી શકતો હોય તો મારે જોઈએ છે તે મને આપ તો મિત્રતાની કિંમત સહેલાઈથી ચૂકવાઈ જશે' જીતે સોનુને કહ્યું પછી તેની સામે જોતો જ રહ્યો.

જીતની વાત સાંભળી સોનુ મુંઝાઈ ગયો. તેને જીત શું કહેવા માંગે છે તે તેને સમજાયું નહી. તેને લાગ્યું કે, જીત આર્થિક રીતે નબળો છે તે જરૂર કંઈક આર્થિક મદદ માંગશે. પપ્પાને કહી તેને જરૂરત હશે તે મુજબ રૂપિયા અપાવી દઈશ જીત રાજી થઈ જશે. સોનુએ જીતને કહ્યું, 'કહી દે તારે મિત્રતાની કિંમત રૂપે તને શું જોઈએ છે ? તું જે કહે તે આપાવા તૈયાર છું.'

આટલું સાંભળતાં જ જીતે કહી નાખ્યું, 'તું આળસ છોડી દઈ મહેનતુ બની જા સૌ કોઈ આળસુ તરીકે ગણના કરે તે મને જરાય નથી ગમતું. તું દરેક બાબતમાં ખૂબ જ હોશિયાર છે તે હું નહી સૌ કોઈ જાણે છે. પરંતુ તારામાં રહેલી આળસને કારણે તું કોઈને માટે અપ્રિય બને તો કોઈને માટે મજાકનું પાત્ર બની જાય છે. મારાથી આ જરાય સહન નથી થતું. તારી કોઈ ટીકા કરે તે મારા માટે દુઃખ રૂપ બની જાય છે. તેથી મારી તને આગ્રહભરી વિનંતી છે કે, આ આળસુપણું તું વહેલી તકે છોડી દે...'

'જીત, તું મારો મિત્ર છે કે મારી તારી સાથેની મિત્રતા તૂટે તો મારાથી સહન નહી થાય. ખરું કહું, મને એમ હતું કે તું રૂપિયા-પૈસાની માંગણી કરશે. પરંતુ આજે તેં જ વસ્તુની માંગણી કરી છે તેમાં તને કોઈ સ્વાર્થ નથી. તારા જેવો નિસ્વાર્થ મિત્ર તો કોઈ ભાગ્યશાળી હોય તેને જ મળે. હું આજથી જ આ તું જેને નફરત કરે છે.તે આળસને છોડી ખૂબ જ મહેનત કરીશ. તને આ માટે વચન આપું છું' સોનુએ લાગણીભર્યા સ્વરમાં કહ્યું

એ દિવસથી ધીમે ધીમે આળસુ સોનુ ખૂબ જ મહેનતુ બની ગયો. સોનુ, જીતના ઘરના સભ્યો અને શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓને જ્યારે સોનુ પોતાનામાં આવેલા પરિવર્તનની વાત કરતો ત્યારે જીત જ પોતાનામાં માટું પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તે કહેવાનું ન ભૂલતો. ત્યારે સૌ કોઈ કહેતા કે સાનું - જીત જેવી મિત્રતા તો ભાગ્ય જ જોવા મળે.

સારઃ 'સાચી સલાહ આપે તે જ સાચો મિત્ર'

- દેવેન વ્યાસ
મું. અંજાર

ઉછીનું જીવન

ઘણા સમય પહેલાંની આ વાત છે. ગુર્જર પ્રદેશમાં વિક્રમસેન નામે એક રાજા રાજ્ય કરતો હતો. તે ખૂબ પરાક્રમી અને શિકારોનો શોખીન હતો. તે ખૂબ પરાક્રમી અને શિકારનો શોખીન હતો. તેને દેવદત નોમનો એક સેવક હતો. તે ખૂબ વફાદાર અને સ્વામીભક્ત હતો.

એક વખતની વાત છે. મહારાજ વિક્રમસેન અને દેવદૂત જંગલમાં શિકાર કરવા ગયા. ફરતાં ફરતાં બન્ને જંગલમાં આગળ નીકળી ગયા. આગળ જતાં ખૂબ જ ઘોર જંગલ આવ્યું તેમાં મોટાં મોટાં વૃક્ષોનાં ઝુંડો હતા. એ જંગલમાં ઝાડોની એટલી ગીચતા હતી કે ધોળે દિવસે પણ રાત્રીના અંધકાર જેવું લાગતું હતું. હિંસક પ્રાણીઓની ત્રાડોથી જંગલ ગાજતું હતું. સિંહ, વાઘ, રીંછ અને મોટા મોટા અજગરો એ આ જંગલની વિશેષતા હતી. રાજા વિક્રમસેન ને તો વન કેસરી સિંહનો શિકાર કરવાનો શોખ હતો. રાજા અને સેવક ઘોડા પર શિકારની શોધમાં આગળ ને આગળ વધી રહ્યા હતા. એવામાં અચાનક ખડ.. ખડ.. ખડ.. પાંદડાં ખખડાવાનો અવાજ આવ્યો. દેવદેતે કહ્યું.

'મહારાજ સાવધાન ! સિંહ આટલામાં જ ક્યાંક હોય તેમ લાગે છે. રાજાઓ કમાન પર તીર ચડાવ્યું, એટલામાં હીરાની જેમ ચમકતી બે આંખો દેખાઈ વિક્રમસેનને ખબર પડી ગઈ કે આ બીજું કોઈ નહી પણ વનકેસરી સિંહ જ છે. તેણે બરાબર નિશાન લઈ તીર માર્યું. તીર વાગતાં જ ઉશ્કેરાયેલા સિંહે રાજાના ઘોડા પર તરાપ મારી. સિંહનો પંજો વાગતાં રાજા ઘોડા ઉપરથી પટકાઈ પડ્યો. પણ દેવદત એમ જાય તેવો ન હતો. કમાન ખેંચી એક પછી એક તીર સિંહને મારવા લાગ્યો. પરંતુ સિંહ રાજાને છોડતો ન હતો. બન્ને વચ્ચે જીવ સટોસટનો જંગ ખેલાઈ રહ્યો. જરાક વારમાં સિંહ રાજાને પછાડે તો જરાક વારમાં રાજા સિંહને પટકી દેતો હતો.આમ કરતાં કરતાં રાજા લોહી લુહાણ થઈ ગયો. આ જોઈને દેવદતે ઘોડો ઉપરથી કૂદકો માર્યો અને સિંહનું જડબું પકડી લીધું. અને તાકાત લગાવીતેને ચીરવા લાગ્યો. છેવટે તીરના અનેક પ્રહારોથી તેમજ જડબું ફાટી જવાથી સિંહ નિર્બળ બની જમીન પર પટકાઈ પડ્યો. સેવક દેવદત રાજાને ઘોડા પર નાંખી મહેલમાં લઈ આવ્યો. રાજા ભાનમાં આવ્યો ત્યારે કહ્યું.

'દેવદતે તું મારો સેવક નથી તું તો મારો મિત્ર છે. જો તું ન હોત તો આજે મારો પ્રાણ બચ્યો ન હોત!'

દેવદતે કહ્યું, 'મહારાજ, સ્વામીનું રક્ષણ કરવું એ તો સેવકનો ધર્મ છે, ફરજ છે.'

આ સાંભળી રાજા ખુશ થયો. તેણે દેવદતને પ્રધાન બનાવ્યો અને મોટું ઈનામ આપ્યું.

દિવસો ઉપર દિવસો પસાર થવા લાગ્યા. એક દિવસ રાજા તેમના શયનખંડમાં સુતા હતા. ત્યારે અચાનક તેમને એક સપનું આવ્યું. સપનામાં તેમણે અટ્ટહાસ્ય કરતા યમદેવને જોયા તુરત વિક્રમસેને પૂછ્યું.

'કોણ છો તમે ? કેમ આવ્યા છો ?'

'વિક્રમસેન હું યમદેવ છું, તને લેવા આવ્યો છું ચાલ મારી સાથે '

પણ રાજાએ યાચના કરી ને કહ્યું:

દેવ મને માફ કરી દો, મને ન લઈ જશો. મારો ગાદી વારસ પુત્ર હજુ નાનો છે. સમુદ્રને કિનારે મારો રંગ મહેલ બને છે એ પણ અધુરો રહી જશે. મારા ઉપર દયા કરો.'

'સારું સારું પણ એ બધું કેટલા સમયમાં થાય ?' યમરાજે પૂછ્યું.

'મહારાજ ઓછામાં ઓછા પાંચેક વર્ષ તો લાગે વિક્રમસેન બોલ્યા.

'જુઓ હું મૃત્યુ લોકમાંથી અહીં આવ્યો છું એટલે મારે કોઈકને તો લઈ જવું પડે. તું જો બીજા કોઈનો જીવ આપવા તૈયાર હોય તો તેના બદલે તને પાંચ વર્ષ જીવાડી શકું,યમરાજે સ્પષ્ટતા કરી.

'તમે કહો તેને હું હાજર કરું, પરંતુ મને હમણાં ન લઈ જશો.' રાજાએ ફરીથી વિનંતી કરી.

'તો એમ કર તારા પ્રધાન દેવદતને મારી સાથે મોકલ તેનું આયુષ્ય હજી પાંચ વર્ષ બાકી છે.'

'ભલે મહારાજ ખુશીથી એને લઈ જાઓ, પણ મને જીવવા દો' વિક્રમસેને કહ્યું.

' તો સારું હું દેવદતને લઈ જાઉં છું. પરંતુ પાંચ વર્ષ બાદ ચૈત્ર માસની અમાસની રાત્રે બરાબર બાર વાગ્યે હું તને લેવા આવીશ તૈયાર રહેજે ' આ સાંભળી વિક્રમસેનને પરસેવો વળી ગયો.યમરાજ અંતર ધ્યાન થઈ ગયા.

સવારે ઉઠતાં રાજાને ખબર પડી કે તેમના પ્રધાન દેવદતનું મૃત્યુ થયું છે. રાજાને આખી વાત સમજાઈ ગઈ. હવે તેણે પાંચ વર્ષના ટૂંકા ગાળામાં ઘણું કામ કરવાનું હતું.

સમય વિતવા લાગ્યો. રાજાએ તેના નવ રંગ મહેલનું કામકાજ ખૂબ જ ઝડપથી ચાલુ કરાવ્યું. હજારો મજુરોથી રાત દિવસ કામગીરી ચાલવા લાગી. નાણાંની જરૂરીયાત ઉભી થતાં તેણે પ્રજા ઉપર જાત જાતના કરવેરા નાંખ્યાં. પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ. રંગ મહેલ દિવસે દિવસે તેના સુંદર રૂપરંગમાં નિ'ખરવા ઉભરવા લાગ્યો.

રાજાએ તેના દૂતોને મોકલી ગુરૂકુળના ગુરૂજીને જણાવ્યું કે વહેલામાં વહેલી તકે રાજકુમારને બધી વિદ્યાઓમાં પરંગત બનાવી મારી પાસે મોકલી આપો.

હવે પાંચ વર્ષના માત્ર બે જ દિવસ બાકી રહ્યા હતા. રાજાએ રાજ જ્યોતિષને બોલાવી રાજકુમારના રાજ્યભિષેકનું મુર્હત કાઢવા કહ્યું. ટીપણા આમતેમ ઉથલાવી આંગળીઓના વેડેથી ગણત્રીઓ કરતાં રાજ જ્યોતિષી બોલ્યા.

'મહારાજ રાજકુમાર રાજ્યાભિષેક માટે વૈશાખ સુદ ૧ નો પ્રાંતઃકાળનો સમય ખૂબ જ યોગ્ય છે.'

'ના,ના, ભૂદેવ, એટલું મોડું નહીં, કંઈક જલ્દી થાય તેવું કરો.'

'મહારાજ ત્યાં સુધીનો અશુભ યોગ જ છે.'જ્યોતિષી એ જણાવ્યું.

દિવસ પસાર થયા. રાજાને યમરાજની ચિંતા સતાવવા લાગી. આ તરફ રાજકુમાર રાજ્યાભિષેકની તૈયારીઓ પુરબહારમાં ચાલતી હતી. નગરમાં ઠેર ઠેર અસોપાલવનાં તોરણો ટીંગાડવામાં આવ્યાં હતાં. દિપામાલીકાઓ પ્રગટાવવામાં આવી હતી. અને રાજ મહેલને ઝળહળાટ રોશનીથી શણગારવામાં આવ્યો હતો.

રાજા વિક્રમસેનને ઉંઘ આવતી ન હતી. પરંતુ કોણ જાણે શું થયું એકદમઝોકું આવી ગયું. અને તેમની સામે યમરાજ હાજર થઈ ગયા.'કેમ રાજન તૈયાર છો ને ? ચાલો મારી સાથે' યમરાજે કહ્યું.

'મહારાજે મારે નથી આવવું, મને થોડો સાય આપો' રાજાએ ફરીથી વિનંતી કરતાં કહ્યું.

'કેમ પાંચ વર્ષ ઓછાં પડ્યાં.' અટ્ટહાસ્ય કરતાં યમરાજે કહ્યું.

નટવર હેડાઉ

કોંગ્રેસની ...

પાના નં.૧ ચાલુ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યુ કે,કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાટીદાર અનામત મામલે કોંગ્રેસને કાયદાકીય સલાહ પુરી પાડનારા કપિલ સિબ્બલ પર આકરા પ્રહારો કરતા કહ્યુ કે,સિબ્બલે આ મામલે પાટીદાર સમાજ ને છેતરવા બદલ,ગેરમાર્ગે દોરવા બદલ માફી માંગે તેવી માગ કરી હતી. તેમણે કહ્યુ કે,કપિલ સિબ્બલ પોતે વર્ષ-૧૯૯૮માં સ્વીકારી ચુકયા છે કે,૫૦ ટકાથી વધુ અનામત આપી ન શકાય.તેઓ પોતે આ અગાઉ આ પ્રકારના ચૂકાદા સુપ્રિમ કોર્ટમા આપી ચુકયા છે.આ સાથે જ તેમણે કહ્યુ કે,બે મોંઢાની વાત કરનાર કોંગ્રેસ ખુલ્લી પડી ગઈ છે અને તેમણે માત્ર અને માત્ર ચૂંટણીમાં લાભ લેવા માટે જ પાટીદાર સમાજ અને પાસને છેતર્યા છે ખોટી લાલચ આપી છે એ વાત સાબિત થાય છે.તેમણે વધુમા કહ્યુ કે,કોંગ્રેસની આ છેતરપિંડી ખુલ્લી પાડવા માટે મેં મારા વકીલ મિત્રોની મદદ અને કાયદાકીય આધાર સાથે કોંગ્રેસની આ છેરામણી લાલચ પરથી પડદો ઉચકી રહ્યો છું.કપિલ સિબ્બલે ગુજરાતમા એવી ફોર્મયુલા રજુ કરી કે,૫૦ ટકાથી વધારે અનામત આપી શકાય.તેમણે હાર્દિકને પણ એવો સમજાવ્યો અને ભણાવ્યો કે તે પત્રકાર પરિષદમાં બધી બંધારણની કલમો બોલી ગયો.એમ પણ બોલી ગયો કે, સુપ્રિમ કોર્ટના ત્રણ જજમેન્ટ છે,આદેશ નથી,બંધારણમાં કયાંય લખ્યુ નથી કે,૫૦ ટકા કરતા વધારે અનામત આપી ન શકાય.પરંતુ મારી પાસે વિગત છે કે,વર્ષ-૧૯૯૮માં સુપ્રિમ કોર્ટ સામે અરજદારોના વકીલ તરીકે કપિલ સિબ્બલ પોતે હતા.તેમણે કોર્ટમાં જે દલીલ કરી હતી તેમાં તેમણે મુખ્ય દલીલમાં કહ્યુ હતુ કે,અગાઉ સુપ્રિમ કોર્ટે જે જજમેન્ટ આપ્યા છે,સુપ્રિમ કોર્ટની બંધારણીય કોર્ટની બેન્ચ દ્વારા ૧૯૬૩મા એક સધ્ધિાંત પ્રસ્થાપિત કર્યો હતો કે,કોઈપણ સંજોગોમાં ૫૦ ટકા કરતા વધુ અનામત કોઈપણ રીતે કોઈપણ રાજયમા આપી શકાય નહીં.પ્રસિધ્ધ ઈન્દિરા સહાની કેસના જજમેન્ટમાં પણ સ્પષ્ટ છે કે,૫૦ ટકા કરતા વધુ અનામત કોઈપણ સંજોગોમાં કોઈપણ રીતે કોઈપણ રાજયમા આપી ન શકાય.

કપિલ સિબ્બલે આ બંને જજમેન્ટનો ઉલ્લેખ કરતા પોતાના અરજદાર માટે લાગુ કરવાની દલીલ કરી હતી અને તેમણે લેખિતમા અરજી પણ કરી હતી.આ દલીલોના આધારે કપિલ સિબ્બલે કેસ જીત્યો હતો.આમ પાટીદારો અને પાસને ચૂંટણીમા પાટીદારોના મત મેળવવા માટે છેતર્યા છે તેમની સાથે બનાવટ કરવામા આવી છે.સિબ્બલ અને શકિતસિંહ જેવા નેતાઓએ પાટીદારોને છેતરવાનુ બંધ કરવુ જોઈએ અને કપિલ સિબ્બલે સમાજની માફી માગી કોંગ્રેસની અનામતની દરખાસ્ત પાછી ખેંચવા પણ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે માગણી કરી કોંગ્રેસને જુઠ્ઠાણા બંધ કરવા તેમજ પાસને કોંગ્રેસની દરખાસ્ત ફગાવી દેવા પણ અપીલ કરી હતી.

થરાદમાં ભાજપના ...

પાના નં.૧ ચાલુ

હાજરી આપી હતી. સભાને સંબોધતાં કેશાજી ચૌહાણે થરાદમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને વિજેતા બનાવી નરેન્દ્ર મોદીના હાથ મજબુત બનાવવા હાકલ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી હરિભાઇ ચૌધરીએ સમર્થકોને બધુ પેક (બરાબર) છે તેવી ધારણામાં ન રહેતાં જોરદાર મહેનત કરવા જણાવ્યું હતું.ધારાસભ્ય પરબતભાઇ પટેલે પણ મતદારો પાસેથી મતની માંગણી કરી કૉંગ્રેસ હજુ સુધી ઉમેદવાર જાહેર કરી શકી નથી તેમ કહીને નરેન્દ્ર મોદી અને વિજયભાઇ રૂપાણીના હાથ મજબુત કરવા હાકલ કરી હતી.

કેન્દ્રના રાજયકક્ષાના કૃષી અને ખેડુત કલ્યાણ મંત્રી પરસોત્તમ રૂપાલા એ જવાહરલાલ નહેરુ ની યોજના નર્મદાના ડેમની મંજુરી આપવામાં ૧૦ વર્ષનો વિલંબ કરનાર કૉંગ્રેસને વિકાસ દેખાતો ન હોય તો કોઇ પણ સીમમાં જઇને કોઇ પણ થાંભલે જઇને વિજ વાયર પકડીને ચેક કરે તો ખબર પડે તેવાં ચાબખાં મારતાં પરબતભાઇ પટેલને જીતાડવાની સાથે કૉંગ્રેસના ઉમેદવારની ડિપોઝીટ ડુલ કરાવવાની હાકલ કરી હતી. સુરજની વાત વખોડી કાઢે એવાં ચામાચીડીયાં ભેગાં થાય તો તેમને વિકાસ ન દેખાય તેમ કહીને કૉંગ્રેસના નેતાઓ નિતી, સરકાર કે વિકાસની વાત નથી કરતા તેમ કહી તેમની સરખામણી ચોમાસામાં પોચી જમીનમાંથી નિકળતાં સાપોલીયાં સાથે કરી આ વખતે ભાજપ અને કમળનું એવું આરસીસી કરો કે તેમાંથી સાપોલીયાં ડોકીયું પણ ન કરી શકે તેમ કહીને સજોડે મતદાન અને ઘરનું સો ટકા મતદાન સૌ પહેલાં કરવાની શીખ આપી હતી. થરાદમાં ભાજપના ઉમેદવારના ફોર્મ ભરવાના કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના મહામંત્રી કેસી પટેલ,રાજસ્થાન (સાંચોર) ના ધારાસભ્ય જીવારામ ચૌધરી, સંજયભાઇ દેસાઇ, હરેશભાઇ જાની, ફલજીભાઇ ચૌધરી સહિત બહોળી સંખ્યામાંભાજપના સ્થાનિક હોદ્દેદારો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વાવમાં ...

પાના નં.૧ ચાલુ

તે ગામના સરપંચ મને મળવા નહોતા આવ્યા તે યોગ્ય છે ? તેમની તો ફરજ છે ગામે ગામના કામ કરવાની કોઈ કહેવા આવે કે ન આવે.

રૂપાલાજીએ શંકરભાઈએ રાજયના સહકારી અગ્રણી તરીકે કરેલ કામગીરીને પણ બીરદાવી હતી અને બનાસડેરી દ્વારા જે દૂધ સંપાદન થઈ રહ્યું છે તેટલુ તો કેટલાક આખા રાજ્યો નહી કરી શકતા હોય તેવું જણાવ્યું હતું.

આજે વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે જે વડાપ્રધાન ૧૮ કલાક સુધી કામ કરી રહ્યા છે તેને આભારી છે. જનરીક દવાના સરકારે ૩ હજાર કરતા વધુ સ્ટોર ખોલી દીધા છે. તેથી લોકોના અઢળક રૂપિયા બચી રહ્યા છે. દેશ ભરમાં ગુજરાતે સૌથી વધુ જનરીક દવાના સ્ટોર ખોલ્યા છે, તેની મહેનત શંકરભાઈને આભારી છે. અંતમાં તેમણે સભામાં ઉપિસ્થિત સહુને સવારમાંજ મતદાન કરીને શંકરભાઈને જંગી લીડથી જીતાડવા અને કોંગ્રેસની ડીપોઝીટ જપ્ત થાય તેવું મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય રાજયમંત્રી અને બનાસકાંઠા સાંસદ હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન પદે બિરાજેલ છે જે આપણા સહુનું ગૌરવ છે અને તેમના થકી આપણા ઉત્તર ગુજરાતને ખુબ મોટો ફાયદો થયો છે. તેમણે ઉપસ્થિત વિશાળ જનમેદનીને શંકરભાઈને જંગી બહુમતીથી ચુંટીને વિધાનસભામાં મોકલવા હાકલ કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય પરબતભાઈ પટેલ અને નાગરીક પુરવઠા નિગમના ડીરેક્ટર વાવ રાણા ગજેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ ભાજપના મંત્રી નૌકાબેન પ્રજાપતિ, જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ હરેશભાઈ જાની, વાવ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ધનજીભાઈ ગોહીલે પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા.

આ પ્રસંગે ઢીમા ધરણીધર ટ્રસ્ટના મહંત શ્રી જાનકીદાસ બાપુએ શંકરભાઈને વિજય તિલક કરીને આર્શીવાદ આપ્યા હતા.

વાવ વિધાનસભા મત વિસ્તારના મેઘવાળ અને દલિત સમાજના આગેવાનોએ શંકરભાઈની ઉમેદવારી માટેની ડીપોઝીટ આપીને શંકરભાઈને ફુલહાર કરીને પ્રસ્થાન કરાવ્યું હતું., વિશાળ રેલી સ્વરૂપે સુઈગામ પ્રાંત કચેરીએ પહોંચીને શંકરભાઈએ વાવ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે પોતાનું ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતું.

આ પ્રસંગે રાજયસભાના સભ્ય નારણજી પંચારીયા, ગુજરાત ભાજપ મહામંત્રી કે.સી.પટેલ, જિલ્લા પ્રભારી દુષ્યત પંડ્યા, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, પૂર્વ મંત્રી હરજીવનભાઈ પટેલ, બનાસડેરીના વા.ચેરમેન અને એ.પી.એમ.સી. ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ, બનાસબેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી, વા.ચેરમેન જીગરભાઈ દેસાઈ, વિજયભાઈ ચક્રવર્તી, ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, જિલ્લા ભાજપના માજી પ્રમુખ રાણાભાઈ દેસાઈ, મહેશભાઈ દવે, ગુજરાત જમીન વિકાસ બેંકના ચેરમેન ધીરેનભાઈ ચૌધરી, જિલ્લા ભાજપના મહામંત્રી ઉમેદદાન ગઢવી, અમૃતભાઈ દવે, જિલ્લા ભાજપના અગ્રણીઓ ગુમાનસિંહ ચૌહાણ, કિર્તીસિંહ વાઘેલા, શશીકાન્તભાઈ પંડ્યા, દોલતપુરી ગૌસ્વામી, વાવ તાલુકા ભાજપ પ્રમુખ નાગજીભાઈ પટેલ, મહામંત્રી રણજીતસિંહ ચૌહાણ, અંબારામભાઈ જોષી ભાભર તાલુકા ભાજપ પ્રમુખ જીવણગર ગૌસ્વામી, મહામંત્રીઓ શંકરભાઈ રડકીયા અને ખેમજીભાઈ, સુઈગામ તાલુકા પ્રમુખ નરસિંહભાઈ ભાટા, મહામંત્રી દુદાજી રાજપૂત, રવજીભાઈ પટેલ, ભાભર શહેર પ્રમુખ પ્રભાતસિંહ, મહામંત્રી વિનોદભાઈ ઠક્કર, અમૃતભાઈ પંચાલ, ભાભર નગરપાલિકા પ્રમુખ વૈકુઠલાલ ઠક્કર, સુઈગામ તાલુકા પંચાયત પ્રમુખ સરતાનભાઈ દેસાઈ, ભાભર તાલુકા પંચાયત પ્રમુખ ગગાજી ઠાકોર, જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ હરેશભાઈ ચૌધરી, મહામંત્રી રામસીંગભાઈ રાજપુત, વાવ શહેર યુવા ભાજપ પ્રમુખ ભરતસિંહ સોઢા, વિશાળ સંખ્યામાં યુવા મોરચા, કિસાન મોરચા, મહિલા મોરચા અને શહેર મોરચાના કાર્યકરો, પદાધિકારીઓ, પત્રકાર મિત્રો, સ્નેહીજનો, સહકારી આગેવાનો, સરપંચો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)	
ચાંદી ચોરસા	**૩૯૭૦૦-૪૦૦૦૦**
રૂપુ કાચું	૩૯૭૦૦-૪૦૦૦૦
સોનુ તોલો	૩૦૩૦૦-૩૦૫૦૦
તેલ બજાર	
રાધે પામોલીન	**૧૦૭૦**
પામોલીન	૧૦૭૦
સોયા રીફાઈન	૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.	૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી.	૧૫૫૦-૧૫૭૦
સીંગતેલ ૧૫ લી.	૧૪૨૦
સીગતેલ ૫ લી.	૪૭૫-૪૮૨
તિરૂપતી કપા.	૧૨૬૦
૫ લીટર	૪૦૦
વનસ્પતિ ઘી	૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો	૩૦૦૦-૩૧૦૦
૫ કે. કોપરેલ	૧૧૦૦
પલી. અંકુર સીંગતેલ	૪૮૦
૧૫ લીટર સનફલાય	**૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી.	૧૨૬૦
૫ લી.	૪૬૦
૨ લી.	૧૬૩
ચોખા-દાળ બજાર	
(૧૦૦ કીલોના ભાવ)	
કીચન ચેમ્પીયન કલાસીક	૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર	૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર	૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર	૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના	૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર	૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર	૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા	૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન	૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક	૯૫૦૦
દાવત સ્પેસીયલ	૭૮૦૦
દાવત	૭૭૦૦
દાવત તીબાર	૭૭૦૦
દાવત દિલખુશ	૭૮૦૦
દાવત રોજાના	૬૮૦૦
દાવત મોગરા	૪૮૦૦
દાવત મીની મોગરા	૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.	૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.	૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.	૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.	૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.	૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.	૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.	૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.	૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.	૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.	૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.	૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.	૮૦૦૦
દુન પ્રીમીયમ	૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.	૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.	૭૨૦૦
નર્મદા મગ પોલીસ	૫૬૦૦
મગદાળ નર્મદા સુપર	૬૨૦૦
નર્મદા મગ મોગર	૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી	૬૨૦૦
નર્મદા અડદદાળ	૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના	૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો	૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી	૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા	૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા	૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫	૯૦૦૦
તુવરદાળ ખીડીયાર	૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક	૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ	૮૦૦૦
લાલ કીલ્લો તીબાર	૭૦૦૦
લાલ કિલ્લો દુબાર	૫૫૦૦
લાલ કિલ્લો મોગરો	૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ	૯૦૦૦
હેરીટેજ તીબાર	૭૮૦૦
હેરીટેજ દુબાર	૬૦૦૦
હેરીટેજ મીની દુબા	૫૦૦૦
કાયનાત પી	૮૫૦૦
કાયનાત સુપર	૮૧૦૦
કાયનાત	૬૮૦૦
રાજા બાસમતી	૪૦૦૦
કુરૂક્ષેત્ર	૫૮૦૦
એપ્પલ પ્રીમીય	૪૮૦૦
ઓરેન્જ	૬૦૦૦
દાવત અપ્સરા	૫૦૦૦
જીરાસર ચંદન	૩૮૦૦
ચણાદાળ ૪૪૪	૭૧૦૦
મગદાળ સમરદીપ	૭૨૦૦
મગમોગર રીયલ	૮૦૦૦
અડદદાળ અક્ષર	૮૩૦૦૦
મગ	૫૭૦૦
અંગુર તુવેરદાળ	૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી	૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ	૬૦૦૦
કિસાન તુવેરદાળ	૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ	૬૦૦૦
પરખ સ્પેશીયલ	૫૨૦૦
લાલપરી તીબાર જુના	૪૨૦૦
લાલપરી દુબાર જુના	૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા	૪૪૦૦
લાલપરી દુબાર નવા	૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી	૪૦૦૦
લાલમંદિર બાસમતી	૩૬૦૦
ખાંડ બજાર	
(બોરીના ભાવ)	
ખાંડ એસ.	**૩૯૦૦-૩૯૫૦**
ખાંડ એમ.	**૪૦૦૦-૪૧૫૦**
ખાંડએલ.	૪૦૫૦-૪૧૦૦
ચા-બજાર	
સુરજ છાપ ચા	૩૦૦
હરણ છાપ ચા	૨૨૦
આખા મરચાં-હળદર	
હળદર આખી રાજાપુરી	૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા	૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ	૯૦
હળદર તળેલી સાંગલી	૮૦
મરચા વન્ડર હાટ	૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ	૧૭૦૦
મરચા તેજા	૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ	૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો	૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ	૧૯૦૦
કાશ્મીરી	૯૦
કાશ્મીરી મમરી	૯૦
સુપર પટની	૧૦૫
સુપર રજવાડી	૧૯૦
મરચા ડેડીકટ	૧૨૫
મરચાં	૫૮૦૦
ગોળ બજાર	
વડેચા ગોલ્ડ ૧૦ કે	૪૪૦૦
વડેચા રજી ૧૦ કે.	૪૬૦૦
વડેચા ૫ કી.	૪૮૦૦
વડેચા ૧ કી.	૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ	૫૦૦૦
સાંગલી ૧૦ કે.	૪૩૦૦
ખોળ બજાર	
દાણ ૭૦ કી.ગ્રા.	૬૫૦
મોરબી ખોળ	૧૦૫૦-૧૭૦૦
જીરાળુ	૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા.	૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા.	૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.	૫૭૦
પરચુરણ	
સોજી	૮૬૦
મેંદો	૮૬૦
શ્રીફળ એમ.	૮૮૦
નિરમા સાબુ	૫૨૫
મેદી	૬૦-૧૦૦
અજમો	૧૪૦-૧૭૦
સાકરીયા	૪૪૦૦
ખાંડ બુરૂ	૪૪૦૦
કોકમ ફુલ	૧૮૦
એલચી	૧૧૦૦-૧૪૦૦
મોરૈયો	૬૫-૯૪
તલ	૯૦-૧૦૦
ખસ-ખસ	૩૫૦-૫૮૦
સીંગદાણા	૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)	
દુધી	૨૦૦-૨૪૦
સુકી ડુંગળી	૭૦૦-૭૪૦
લસણ	૭૦૦-૮૦૦
ધાણા	૧૦૦૦-૧૨૦૦
મરચાં	૪૦૦-૫૦૦
લીબુ	૪૦૦-૫૦૦
અડવી પત્તા	૨૦૦-૩૦૦
આદુ	૬૦૦-૭૦૦
રીંગણ	૩૦૦-૪૦૦
ટામેટા	૭૦૦-૭૪૦
ભીંડા	૭૦૦-૮૦૦
કોબી	૪૦૦-૪૪૦
વટાણા	૫૦૦-૬૦૦
ટીંડસા	૫૦૦-૬૦૦
ગવાર	૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા	૧૪૦-૨૦૦
સાંગા બટાકા	૧૨૦- ૧૪૦
ચોળી	૬૦૦-૭૦૦
તુરીયા	૩૦૦-૬૦૦
તુવેર	૯૦૦-૧૦૦૫

મોદી સરકારને...

અનુસંધાન 3 નુ ચાલુ..

એસ એન્ડ પીના નામનો ઉલ્લેખ કર્યા વગર પુઅર્સ સ્ટાન્ડર્ડ ગણાવ્યા હતા. મૂડીઝે ભારતના રેટિંગને આ મહિને બીએએ-૩થી બીએએ-૨ કરવાની જાહેરાત કરી હતી. મૂડીએ નોટબંધી અને જીએસટી જેવા પગલાની પ્રશંસા કરી હતી. વૈશ્વિક રેટિંગ સંસ્થા મૂડીએ ગયા શુક્રવારના દિવસે ભારતની રેટિંગ છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમ વખત સુધારી હતી. નોમુરાએ રિસર્ચ નોટમાં કહ્યું છે કે, સીપીઆઈ ફુગાવો નવેમ્બર મહિનામાં ચાર ટકાથી ઉપર પહોંચી શકે છે અને તે વર્ષ ૨૦૧૮માં ચાર ટકાના આરબીઆઈના ટાર્ગેટથી ઉપર રહશે.

ભાજપ-કોંગીનો...

અનુસંધાન 3 નુ ચાલુ..

જન વિકલ્પ પાર્ટીના પ્રવકતા પાર્થેશ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, ભાજપ અને કોંગ્રેસના અહંકારી અને અભિમાની સ્વભાવ અને ચરિત્રથી ગુજરાતની જનતા પરિચિત થઇ ગઇ છે અને તેથી આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતના મતદારો સરળ સ્વભાવના અને પ્રજા પર પ્રેમ રાખનારા શંકરસિંહ વાઘેલાને સત્તાનું સુકાન સોંપશે. ઉલ્લેખનીય છે કે, જન વિકલ્પ પાર્ટી ટ્રેકટર ચલાવતો કિસાનના ચિહ્ન હેઠળ આ વિધાનસભા ચૂંટણી લડી રહી છે.

બટાટા નગરી...

પાના નં.૮ ચાલુ

ગોવાભાઈ દેસાઈ વીજેતા થયેલા. ૨૦૧૭ની ચુંટણી જંગમાં ભાજપ - કોંગ્રેસ બંને પક્ષ ઉમેદવાર બાબતે અવઢવમાં છે. ભાજપમાં પાટણના સાંસદને પૂર્વ ધારાસભ્ય લીલાધરભાઈ વાઘેલાનો આ બેઠક પર દબદબો રહ્યો છે. એટલે પોતાના પુત્ર દિલીપસિંહ વાઘેલાને ટીકીટ અપાવની જીદ પકડીને બેઠા છે. કોંગ્રેસ હજુ બીજી અવઢવમાં છે. બ્રાહ્મણ દેસાઈ કે અન્ય કે પછી ગોવાભાઈ દેસાઈ જ રીપીટ થશે તેવી શક્યતા છે. બટાટા નગરજનો ઓવર ફલાય બ્રીજ બનાવવાની જલદ માંગ કરી રહ્યા છે ને બ્રીજ નહી તો ચુંટણી બહિષ્કારનું હથિયાર ઉગામીને બેઠા છે. ટ્રાફિકની નાગચૂડમાં ફસાતા આ નેશનલ - શહેરી રસ્તા માટે ઓવરબ્રીજ સીવાય બીજો કોઈ વિકલ્પ નથી. ડીસા નગરજનો બૌદ્ધિકની સાથે મીડીયા સેન્ટર પણ છે જોઈએ ભાજપ - કોંગ્રસ લીલાધરભાઈ - ગોવાભાઈ દેસાઈની નાગચૂડમાં કેવો નિર્ણય કરે છે. આવતીકાલે ફરી કંઈક નવું લઈને મળીશું. ડીસામાં છેવટે તો ગોવાભાઈને લીલાધરનું જ વર્ચસ્વ રહેવાનું છે. ભાજપે ધાનેરામાં દેસાઈ ઉમેદવાર મૂક્યો છે. બ્રાહ્મણ તરફ ઝોક રહે તો ???

થરાદ તાલુકાના...

પાના નં.૮ ચાલુ

આખરે બિહારના વિકાસકુમાર અનીલગીરાય કુરમી ૨૨ વર્ષ નામના જેલમાં રહેલા એક વિધાર્થી ગુનેગાર સુધી ફિલ્મી ઢબે પહોંચવામાં મોટી સફળતા મેળવી હતી.પોલીસે તેની અટકાયત કરી થરાદના ગુનાના કામે જેલ હવાલે કર્યો હતો અને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.જોકે થરાદ પોલીસે જે પ્રકારે વિકાસ કુમાર સુધી પહોંચવામાં મહેનત કરીછે અને તેની ક્રાઈમ કુંડળી મેળવી છે તે પ્રમાણે તેની છેતરપંડીનો આંકડો કરોડો રૂપીયામાં હોવાની આશંકા પણ વ્યકત કરી હતી

વડગામ બેઠક...

પાના નં.૮ ચાલુ

મુસ્લિમ કાર્યકરો સહિત અન્ય સમાજના લોકો એ વર્તમાન ધારાભ્ય મણીભાઈ વાઘેલાના પૂતળાનું દહન કર્યુ હતું. પુતળા દહન દરમિયાન મણીભાઈ વાઘેલા વિરૂધ્ધ ભારે સુત્રો ચાર કરતાં વાતાવરણમાં ભારે ગરમી આવી ગઈ હતી.

ધાનેરામાં ભાજપના...

પાના નં.૮ ચાલુ

રહ્યા છે. ધાનેરા બેઠક માટે ભાજપે તેમની ઉપર પસંદગીનો કળશ ઢોળતા તેઓ શુક્રવારે બપોરે ધાનેરા પહોંચતા તેમનું ઠેરઠેર ભવ્યાતિભવ્ય સ્વાગત કરી કાર્યકરોએ ફટાકડા ફોડી આતશબાજી કરી હતી. જ્યારે ધાનેરા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી બેઠકમાં ધાનેરા મતવિસ્તારના તમામ ભાજપના કાર્યકરો, અગ્રણીઓ, હોદ્દેદારો ઉપસ્થિત રહી તેમનું ખેસ પહેરાવી સ્વાગત કરી જંગી બહુમતીથી જીતાડવા ની ખાતરી આપી હતી. માવજીભાઈ દેસાઈએ આ પ્રસંગે પક્ષનો આભાર વ્યક્ત કરી પોતે ધાનેરા ના વિકાસ માટે ખંતથી કામ કરશે અને પ્રજાની કોઈ પણ રજૂઆત ધ્યાને લઇ તેનું નિરાકરણ લાવશે તેવી ખાતરી આપી હતી. બેઠકમાં વસંતભાઈ પુરોહિત, કાંતિલાલ ત્રિવેદી, જગદીશભાઈ પટેલ, આશાબેન પટેલ, મુકેશભાઈ ઠકકર, યોગેશભાઈ ત્રિવેદી સહિત ધાનેરાના તમામ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ પાર્ટી દ્વારા સુશિક્ષિત અને યુવા તેમજ વેપારીને ઉમેદવાર તરીકે મુકતા ધાનેરા ની બેઠક પર ચોક્કસથી કમળને જીતાડવા સૌએ સામુહિક રીતે સંકલ્પ કર્યો હતો.

કાંકરેજ ભાજપના...

પાના નં.૮ ચાલુ

અભિયાનના શ્રીગણેશ કરી દીધા છે. જેમને ગામે ગામ લોકો ઉમળકાભેર આવકારી રહ્યાં છે. તેથી તાલુકાભરમાં કેસરીયો માહોલ છવાયો છે. ત્યારે તેઓ સોમવારે બપોરે ૧૨.૩૯ ક. ના વિજય મુહુર્તે પોતાનું ઉમેદવારી ફોર્મ રજૂ કરનાર છે. જે નિમિતે ખારીયા ખાતે ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી, રાજ્યમંત્રી, શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશાજી ચૌહાણ, દુષ્યંતભાઈ પંડ્યા વિગેરે આગેવાનોની હાજરીમાં જાહેર સભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સમ્રાટ શેરસિંહ રાણા...

પાના નં.૮ ચાલુ

રાજા પૃથ્વીરાજ ચૌહાણની અફઘાનિસ્તાન સ્થિત સમાધીમાંથી અસ્થિઓ લાવી સમગ્ર દેશનું મસ્તક ઉંચુ કરી દેનાર શેરસિંહ રાણાનો રવિવારે ધાનેરામાં તો મંગળવારે કાંકરેજના વડામાં સત્કાર સમારંભ યોજાનાર છે. જેના ભાગરૂપે શેરસિંહ રાણાના આગમન ટાણે મહેસાણાથી લઇ સિધ્ધપુર, પાલનપુર, ડીસા સહિત વિવિધ સ્થળોએ તેમને સત્કારવા માટે લોકો આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. માર્ગ ઉપર ઠેર- ઠેર વિવિધ સંસ્થાઓ અને સામાજીક સંગઠનો દ્વારા શેરસિંહ રાણનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે શેરસિંહ રાણાની સાથે ક્ષત્રિય સમાજના યુવા હ્રદય સમ્રાટ અને મહાકાલ સેનાના સંસ્થાપક સંજયસિંહ રાઠોડ, ક્રિપાલસિંહ ચાવડા સહિત મહાકાલ સેનાના ગુજરાતના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. રવિવારે ધાનેરામાં બપોરે ૨.૩૦ કલાકે રેલી દ્વારા ભવ્ય સન્માન કરી ધાનેરા આશાપુરા માતાજીના મંદિરે સભા યોજાશે. જ્યારે મંગળવારે શિહોરીથી ૨.૩૦ કલાકે રેલી સ્વરૂપે શેરસિંહ રાણાનું ભવ્ય સન્માન કરી ત્યાંથી વડા ખાતે ભવ્ય સભા યોજાશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહાકાલસેના બનાસકાંઠાના માર્ગદર્શન હેઠળ મહાકાલ સેના ધાનેરા અને મહાકાલ સેના કાંકરેજ દ્વારા કરવામાં આવ્યું છે.

વડગામ વિભાગમાંથી..

પાના નં.૮ ચાલુ

ચૂંટણી અધિકારી આર.એમ. ચાવડાની અધ્યક્ષતામાં રીસીવીંગ તથા ડિસ્પેચ સ્ટાફના ૬૫ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. કુલ ૩૦૪ બુથોમાં લિંબોઈ ગામમાં મોડેલ પોલીંગ સ્ટેશન ઉભું કરવામાં આવશે. તેવું વડગામ ચૂંટણીના સુત્રોએ જણાવ્યું હતું.

વટકે કટકે

તમે એમ કાતીલ હજુય દ્રષ્ટીથી
આ દિલેરી મલકે ઈશારે ઈશારે !
તમે કેમ તાસીર લગાવી દિલથી ?
હા નિશાની ભટકે નજારે નજારે !
ગમે તેમ ખબર લગાવી જાનીફ
આ બદન અટકે સલાખે સલાખે !
મને કેમ વાલીદ ચગાવી સીતારે
તે ખાવીંદ રીસીલે ઝટકે ઝટકે
હજુ કેમ બુર્ખે બે વજુદ શર્મીલે
આ સાનિયા રમી તે વટકે કટકે !

મશરૂ પ્રજાપતિ

મને કાલ સપનામાં

મને કાલ સપનામાં આવી કવિતા..
પ્રભાતે મેં કાગળમાં વાવી કવિતા..
મઢયો જીંદગીભર ઘણું વ્યકત કરવા
છતાં અંત સુધી ના ફાવી કવિતા
મને છેલ્લા શ્વાસે આ કોઈ વાત સુઝી
વસીયતમાં મેં તો લખાવી કવિતા
સદા પાર્થ જેવી વ્યથાઓ સહીને
હ્રદયની પણછથી અડાવી કવિતા
જગત આખું સમજી ગયું એ વ્યથાને
તમે જે રમતમાં ખપાવી કવિતા
હજુ રંગ ફિક્કો મને લાગતો તો
જરા લોહી રેડી સજાવી કવિતા
તમે યાદ આવ્યા અનેએક સાંજે,
અમે પોક મુકી રડાવી કવિતા..

સાંઈરામ દવે

શાયરી

ખુદ પે ભરોસા હૈ તો ખુદા તુમ્હારે સાથ હૈ
અપને પે ભરોસા હૈ તો હર દુઆ તુમ્હારે સાથ હૈ
જીંદગી સે ન હારે દોસ્ત અબ હમ તુમ્હારે સાથ હૈ
જીંદગીમાં લાખો દુઃખ આવે પણ મુર્ખને હસાવજે
સળગી રહેલા દિલને આંસુથી હારજે
કોઈ લાખો રૂપીયા આપે તો ઠોકરથી ઉછાળજો
પણ જેના સાથે દોસતી કરી તેને જીંદગીભર નિભાવજો
ચહેરા ભુલ જાયેંગે તો શીકાયત નહીં કરેંગે
નામ ભુલ જાયેંગે તો ગીલા નહીં કરેંગે
યેદોસ્ત દોસતી કી કસમ
દોસ્તી ભુલ જાઓગે તો માફ નહીં કરેંગે

સંકલન :સોલંકી હીતેશભાઈ એસ.
(જસરા)

પુછો છો અમોને દુઃખ છે કયું ?

જો હાથ જોડી કરૂં પ્રભુ પાસે પ્રાર્થના તો
આસ્થાના સ્વાર્થમાં થયું દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો હ્રદયની લાગણીને વાગોળું ને ઉભરાય રસ
તો થાય મને એ પ્રેમતણું દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો મસ્તક નમાવી સહન કરૂં તારા અપરાધ
તો થાય હ્રદયના મોકળાશનું દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો થાય આંખના ખુણાની ભીનાશ તો
મારા ઉરમાં ઉભરાય છે એ ભાવનાનું દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો બંધન તોડીને ઉડુ પંખીની જેમ તો
વિશાળ આકાશમાં જાણે એકલતાનું દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો છલકાયેલા આંખના આંસુ લઈએ ટેરવા પર
તો એમાં દેખાતા ખુદના પ્રતિબિંબનું દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો ચાલતા હોઈએ રસ્તામાં મસ્ત મજામાં ને
અચાનક કોઈના સાથ ન હોવાનું દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો વિરહમાં મળે એકાંત તો મારા સાથી
એ ગહન આનંદનું પણ દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...
જો હું ઘણું નથી કહેતી આ તો હ્રદય
એ અહસ્ય માયાનું પણ દુઃખ
અરે પુછો તો અમોને દુઃખ છે કયું...

ધરમાણી માયા (ડીસા)

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

રાધનપુર તાલુકા પંચાયતના પ્રમુખના પતિએ અપક્ષ ઉમેદવારી નોંધાવી

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકા પંચાયતના પ્રમુખ બધીબેન આહિરના પતિ અને દેલાણાના સરપંચ રામભાઈ આહીરે શુક્રવારે વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી,તેમણે અખિલભારતીય યદુવંશી મહાસભાના પાટણ જિલ્લા પ્રમુખ રામભાઈ આહીર,ગણેશભાઈ આહીર,ગીરીશભાઈ આહીર તેમજ વઢિયાર ગ્રુપ આહીર મંડળના યુવા કાર્યકરો સાથે પોતાનું ઉમેદવારીપત્ર ચૂંટણી અધિકારી એસ.ડી.ગિલવા સમક્ષ રજુ કર્યું હતું.

પાટણમાં અંબિકા શાક માર્કેટના દરવાજા પાસે ઊંટલારી અને રીક્ષા અથડાતા બે ને ઈજા

પાટણ

પાટણમાં વેરાઈ ચકલા નજીક આવેલ અંબિકા શાક માર્કેટના પાછળના ઝાંપા પાસે ઊંટલારી અને રીક્ષા વચ્ચે થયેલા અકસ્માતમાં ભાગે નુકસાન થયું હતું. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં જુની અંબિકા શાક માર્કેટમાં સવારે શાકભાજી લઈને આવતા વાહનોની સંખ્યા વિશેષ હોય છે. ત્યારે આ માર્કેટમાંથી અમુક શાકભાજી ઊંટલારીમાં લઈ જઈ બજારમાં આપવામાં આવતી હોય છે.

તેથી ગત શુક્રવારે સવારે અગિયાર વાગે સંખારીના મણીલાલ ગામી પોતાની ઊંટલારીમાં શાકભાજી ભરીને માર્કેટના પાછળના ઝાંપેથી નીકળવા જતા હતા ત્યારે જમણી સાઈડના રસ્તેથી ઝડપથી આવતી રીક્ષા માર્કેટમાં અંદર જતા પહેલા ઊંટલારીને અથડાતાં રીક્ષામાં બેઠેલા પૈકીમાંથી બે જણાને હાથ પગે ઈજા થઈ હતી. જ્યારે રીક્ષાના આગળના ભાગે નુકસાન થયું હતું. માર્કેટના પાછળના ઝાંપા બહાર રસ્તો સાંકડો હોવાથી વાહન નિકળતાં જ આંતરે દિવસે અકસ્માતનો બનાવ બન્યા વિના રહેતો નથી.

સાંતલપુર તાલુકાના વારાહી ગામની શ્રી.એસ.ડી.આચાર્ય પ્રાથમિક શાળા વારાહીમાં બાળદિનની ઉજવણી

વારાહી

શાળામાં લોટફૂંકણી, લિંબુચમચી, કોથળા દોડ,સંગીત ખુરશી, વોલીબોલ તથા મંડળની રમતો જેવી રમતો રમી બાળકો અનંદિત થઇ ગયા હતા. કાર્યક્રમના સંયોજક તરીકે પટેલ મુકેશભાઇ તથા સાધુ ધ્રુનિકાબેન (સ્પોર્ટ્સ ટ્રેનર) તથા S.P.C સી.પી.ઓ પ્રજાપતિ રાજેશકુમાર તથા શાળાના આચાર્યશ્રી દેવીસિંહ આર પરમાર શાળાના પ્રમુખ ફરસુભાઇ ગોકલાણી ઉપસ્થીત રહી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. સર્વ સ્ટાફ મિત્રોના સહકારથી કાર્યક્રમ સંપન્ન થવા પામેલ છે.

વિવિધ બજાર ભાવ

ડીસા

એરંડા	૮૫૫-૮૬૦
રાયડો	૬૭૦-૬૯૧
મગફળી	૬૮૦-૮૩૨
બાજરી	૨૫૦-૨૯૯
અડદ	૬૪૦-૭૭૪
ઘઉં	૩૦૦-૩૨૪
ગવાર	૬૪૦-૭૨૨
કપાસ	૮૮૦-૮૮૪
રાજગરો	૭૦૦-૭૭૦

ભીલડી

એરંડા	૮૪૭-૮૬૨
રાયડો	૫૮૦-૬૫૧
રાજગરો	૭૨૬-૭૪૧
બાજરી	૨૩૦-૨૫૮
ગવાર	૬૯૦-૭૨૮
તલ	૧૮૫૦-૧૯૭૫
ર.બાજરી	૩૯૦-૪૦૦
અડદ	૬૮૧-૮૦૧
મગફળી	૬૮૧-૮૧૧
કપાસ	૮૬૫-૮૬૮

પાલનપુર

એરંડા	૮૪૮-૮૭૦
ઘઉં	૩૦૬-૩૫૫
બાજરી	૨૧૨-૨૮૧
મગફળી	૬૫૦-૮૫૯
રાજગરો	૭૩૦-૮૨૩
રાયડો	૬૭૦-૬૯૩
મકાઈ	૨૬૦-૨૮૨

લાખણી

રાયડો	૬૭૫-૭૦૨
ર.બાજરી	૩૦૧-૪૦૪
ચીકુડી	૭૬૧
તલ	૧૮૦૦-૧૯૭૮
ગવાર	૭૦૦-૭૨૮
એરંડા	૮૩૦-૮૬૨
કપાસ	૮૭૮-૮૯૨
વરી.	૧૦૪૬

પાટણ

જીરૂ	૩૨૦૦-૩૫૭૫
વરી.	૭૫૦-૧૩૨૧
મેથી	૪૦૦-૫૪૩
સુવા	૭૫૦-૯૩૪
ઘઉં	૩૨૧-૩૫૬
બાજરી	૨૨૧-૨૮૫
બંટી	૩૨૦-૩૪૫
કપાસ	૮૯૧-૯૪૦
મગ	૬૧૦-૭૫૦
જુવાર	૩૨૫-૬૧૪
અડદ	૬૫૦-૮૭૨
ગવાર	૬૧૧-૭૩૯
મગફળી	૬૪૦-૭૪૩
અજમો	૬૪૦-૭૬૩
રાયડો	૬૩૦-૬૮૩
એરંડા	૮૪૦-૮૭૩
તલ	૧૨૫૦-૧૬૯૯

ધાનેરા

જીરૂ	૩૪૮૧-૩૮૧૯
વરી.	૧૦૪૧
એરંડા	૮૩૫-૮૫૭
મેથી	૪૯૦-૫૩૯
સુવા	૩૫૦-૮૯૫
રાયડો	૬૬૦-૭૦૨
ગવાર	૬૭૧-૭૨૮
બીજડા	૧૧૧૩-૧૩૨૧
ઘઉં	૩૨૫
મગ	૭૬૧-૮૯૯
બાજરી	૨૪૫-૩૦૦
મઠ	૬૪૧-૬૮૦
ચોળા	૬૦૦-૭૫૦
રાજગરો	૬૭૦-૭૩૫
અજમો	૯૪૫
તલ	૧૬૨૦-૧૯૦૭
અડદ	૬૫૦-૮૮૪
મગફળી	૫૭૬-૮૫૦
અન્ય	૭૨૬-૯૯૦

થરા

જીરૂ	૩૪૯૫-૩૮૦૨
એરંડા	૮૬૪-૮૬૯
રાયડો	૬૬૮-૬૭૫
વરી.	૧૦૩૦-૧૧૨૫
ગવાર	૭૦૦-૭૩૦
ઘઉં	૩૧૫-૩૪૫
બાજરી	૨૩૦-૨૬૦
અડદ	૭૦૫-૮૦૫
તલ	૧૨૦૦-૧૭૬૧
મગફળી	૯૦૦

સિદ્ધપુર

રાયડો	૬૭૯-૬૯૧
એરંડા	૮૧૮-૮૭૪
અડદ	૬૮૮-૮૩૯
ગવાર	૬૫૦-૭૪૬
ઘઉં	૩૨૮-૩૬૫
બાજરી	૨૦૪-૩૦૦
જવ	૩૧૦
કપાસ	૮૫૦-૯૫૩
જુવાર	૩૭૧-૬૧૧

રાધનપુરમાં કોંગ્રેસના કોઈપણ ઉમેદવાર આવે તેને જીતાડવા હાકલ

રાધનપુર

રાધનપુરમાં ગુરુવારે ઠાકોરસેનાના પ્રદેશ અધ્યક્ષ અલ્પેશજી ઠાકોરની બેઠક બાદ અફવાઓને હવા મળતાં આજે ફરી એકવાર કોંગ્રેસની બેઠક મળી હતી જેમાં ભાજપ દ્વારા ઠાકોર સેના અને કોંગ્રેસ વચ્ચે ભાગલા પડાવવા માટે ખોટી અફવા ફેલાવાતી હોવાની ચર્ચા થવા પામી હતી અને આવી અફવાઓથી દૂર રહીને કોંગ્રેસના ઉમેદવાર કોઈપણ આવે તેને જંગી બહુમતીથી જીતાડવાની હાકલ કરવામાં આવી હતી, પ્રદેશ કોંગ્રેસ મંત્રી રઘુભાઇ દેસાઈએ જણાવ્યું હતું કે જી.કે.ટી.એસ. હવે કોંગ્રેસની તાકાત બની ગયી છે,જેના લીધે ભાજપવાળા બંનેને અલગ કરવા માટે ખોટી અફવા ફેલાવે છે,જી.કે.ટી.એસ.હવે કોંગ્રેસ પરિવારમાં સામેલ થઇ ગયેલ છે એટલે ભાઈ ભાગ માંગે જેના તેઓ અધિકારી છે.આપણી તમામની ફરજ બને છે કે કોંગ્રેસને એક રાખીને રાધનપુર બેઠક ઉપર ઝળહળતો વિજય મેળવીએ,દિલ્હી મોવડીમંડળને ગુજરાતના તમામ નેતાઓએ ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનાવવાની બાંહેધરી આપી છે,એટલે એકતા રાખીને આ વખતે કોંગ્રેસની સરકાર બનાવવાની જ છે.ગુજરાતમાં કોંગ્રેસની ૧૨૫ સીટો આવશે તે નક્કી જ છે. આ પ્રસંગે રાધનપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ,સાંતલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મેહબૂબખાન મલેક, સમી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનસુખજી ઠાકોર, રાધનપુર શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, જિલ્લા પંચાયતના સદસ્ય કરશનભાઇ ચૌધરી,સાંતલપુર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ઝાહીદખાન મલેક,મઘાભાઈ ચૌધરી, પૂર્વ તાલુકા કોંગ્રેસ પ્રમુખ હમીરજી ઠાકોર,જોરાજી ઠાકોર, સોનાજી ઠાકોર,હકાભાઈ ભરવાડ, ભગવાનપુરી ગોસ્વામી, રામાભાઇ ચૌધરી, મેરામભાઇ ભરવાડ, શનાભાઈ ઠાકોર, યાકુબભાઈ રાઉમા સહીત અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કમલ ચક્રવર્તી

ચાણસ્મા - બહુચરાજીમાં વિધાનસભાની ચુંટણી ટાણે બેરોકટોક ચાલી રહેલ દેશી - વિદેશી દારૂનો વેપલો

ચાણસ્મા

ચાણસ્મા - બહુચરાજી વિધાનસભાની ચુંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થઈ ગયું છે અને ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ ગઈ છે અને આ બંને બેઠકની ચુંટણી ૧૪ ની ડિસેમ્બરના રોજ યોજાવા જઈ રહી છે. ત્યારે આ બંને તાલુકામાં સમાવિષ્ટ મોટાભાગના ગામોએ દેશી અને વિદેશી દારૂનો મોટેપાયે વેપલો ચાલી રહ્યો હોવા છતાં સ્થાનિક પોલીસના સૂચક મૌનના કારણે ચુંટણી સમયગાળા દ્વારા આવા અસમાજિક તત્વો દ્વારા સુલેહ શાંતિ ભંગ થાય તેવો ભય આ વિસ્તારના મતદારો વ્યક્ત કરી રહ્યા છે.

ચાણસ્મા અને બહુચરાજી બંને તાલુકા મથકોએ આજેપણ દેશી - વિદેશી દારૂનો વેપાર બેરોકટોક ચાલી રહ્યો છે. મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં પણ દેશી - વિદેશી દારૂની હાટડીઓ જોવા મળી રહી છે. ચુંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી છે અને રાજકીય પક્ષો દ્વારા ચુંટણી પ્રચારના શ્રીગણેશ અને ઠેરઠેર સભાના આયોજન સાથે પ્રચાર વેગીલો બની રહ્યો છે. પરંતુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સહેજે પણ ચિંતા કર્યા સિવાય સ્થાનિક પોલીસતંત્ર હપ્તાના જોરે દારૂના અડ્ડા બંધ કરાવવા આંખ મિચામણા કરી રહ્યું છે. ચુંટણીના સમયગાળા દરમિયાન દારૂડિયા અસામાજિક ત્તવો આજેપણ બેફામપણે જાહેરમાં તેમનો રોફ જમાવી રહ્યા છે. પરિણામે ચુંટણી દરમિયાન કાયદો - વ્યવસ્થાની સ્થિતિ જોખમાય તેવી ભીતિ લોકો વ્યક્ત કરી રહ્યા છે. ચુંટણી પર્વ દરમિયાન અસામાજિક તત્વો દ્વારા બેફામ દારૂ વહેંચાય છે અને ક્યાંક મારામારીની ઘટનાઓ બનતી હોય છે તેવા સંજોગોમાં જિલ્લા કલેકટર અને ચુંટણીપંચ દ્વારા કડકહાથે કામ લઈ આ વિસ્તારમાં ચાલતી દારૂની બદી બંધ કરાવવા આકરાં પગલાં લેવાની તાતી જરૂરિયાત છે.

ગણેશપુરાની અપહ્યત બાળકીને પોલીસે સીસીટીવીના આધારે શોધી કાઢી

મોડાસા

મોડાસાના ગણેશપુરા વિસ્તારમાંથી ગત મંગળવારે સાંજે ચાર વર્ષની બાળકીને કોઈ ઉઠાવી જતાં ચકચાર મચી જવા પામી હતી. બાળકો રમતા હતા ત્યોર કાળા કલરની એક્ટીવા ઉપર આવેલો અજાણ્યો શખ્સ બાળકીને ઉઠાવી ગયો હતો. તેવી જાણ પોલીસને થતા પોલીસ સમગ્ર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નાકાબંધી કરાવી હતી અને જુદા જુદા રૂટ પર પોલીસની ટીમો ઉતારી હતી. તથા વાહનોનું ચેકીંગ શરૂ કરી દેવામાં આવેલ. બીજી તરફ માસુમ બાળકીને બચાવી લેવા પોલીસે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કર્યો હતો અને જે વિસ્તારમાંથી બાળકીનું અપહરણ થયું હતું. તે વિસ્તારના સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા. જેમાં સાંજે ૪.૧૫ કલાકે એક યુવક બાળકીને એક્ટિવા પર બેસાડી લઈ જતો હોવાનું દેખાયું હતું. બાદમાં મોડાસા, હિંમતનગર માર્ગ, ટીટોઈ તરફનો માર્ગ વગેરે વિસ્તારમાં ચેકીંગ હાથ ધરાયું હતું. દરમ્યાન મોડી રાત્રે બાળકી ગાંભોઈ પાસેથી મળી આવી હતી. પોલીસની ઠેરઠેર નાકાબંધીથી આરોપી બાળકીને મુકી નાસી ગયો હોવાનું માનવામાં આવે છે. બાદમાં રાત્રિના બે વાગે મોડાસા પોલીસને ગાંભોઈ પોલીસ મથકમાંથી ફોન આવ્યો હતો અને અપહ્યત બાળકી ભાવપુરાથી મળી આવી હોવાનું જણાવેલ. બાળકીની ભાળ મળતાં જ પોલીસ બાળકીના પરિવારને લઈને ગાંભોઈ દોડી ગઈ હતી અને બાળકીનો કબજો લઈ તેણીના પરિવારને સુપ્રત કરેલ. માસુમ બાળકીને અપહરણકારોની ચુંગાલમાંથી બચાવી લેવા પોલીસે આખી રાત દોડધામ કરી હતી.

મેઘરજ પોલીસ સ્ટેશન પર હુમલો કરનારા ત્રણ ઝડપાયા

મોડાસા

મેઘરજમાં છ માસ અગાઉ એક યુવક યુવતીને ભગાડી જવાના કેસમાં પોલીસ સ્ટેશન પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ગુનામાં નાસતા ફરતા ત્રણ આરોપીઓની ગતરોજ મોડાસા ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. જાણવા મુજબ મેઘરજમાં છ માસ અગાઉ એક યુવક યુવતીને ભગાડી જવાના ગુના સબબ કેટલાક ઈસમો દ્વારા મેઘરજ પોલીસ સ્ટેશન પર હુમલો કરી તોડફોડ કરી હતી. આ ગુનામાં સંડોવાયેલા તમામ શખ્સો વિરૂધ્ધ સરકારી મિલ્કતને નુકસાન કરવા સહિત વિવિધ ગુનાઓ નોંધી તપાસ હાથ ધરી હતી. જો કે આ ઘટનામાં સંડોવાયેલા કેટલાક ઈસમોની પોલીસે અગાઉ ધરપકડ કરી હતી. જ્યારે આ ગુનામાં સામેલ અન્ય ત્રણ આરોપીઓ નાસતા ફરતા હતા. તેઓને એલઓજી પીઆઈ પીડીદરજી ને મળેલી બાતમીના આધારે મોડાસાની પેલેસ હોટલ પાસેથી ત્રણ જણાને ઝડપી લીધા હતા.

હારીજ તાલુકામાં જીએસટીના નામે ખાતરના ભાવ વધુ લેવાતા ખેડુતોમાં રોષ

હારીજ

હાલમાં શિયાળુ પાકની રવિ સિઝન ચાલી રહી છે. હારીજ તાલુકામાં એરંડા, જીરૂ, રાયડો, કપાસ, ઘઉં, ચણાનું મોટા પ્રમાણમાં વાવેતર થનાર છે. ગત ચોમાસામાં ભારે પૂર અને વરસાદના કારણે ચોમાસુ પાક નિષ્ફળ ગયો હતો, અને ખેડુતો દેવાદાર બની ગયા હતા. જ્યારે હવે શિયાળુ પાકનું વાવેતર કરવા ખેડુતોએ ભારે કમર કસી છે. શિયાળામાં વાવેતર માટે કુદરતી ખાતરની સાથે સાથે બિયારણ પણ નાંખશે. ત્યારે તાલુકામાં ફર્ટિલાઈઝર ખાતરનો વધુ સ્ટોક નથી. અને જે સ્ટોક છે તેમાં યુરીયા, ડી.એ.પી. ખાતરમાં પ્રિન્ટ કરતાં વધુ ભાવો લેવામાં આવતી હોવાની બુમરાડ ઉઠી છે. ખેતીવાડી વિભાગ દ્વારા તથા એજન્સી દ્વારા આવા ભાવો પર નિયંત્રણ થાય તે જોવાનું રહે છે. યુરીયા અને ડીએપી બાદ ભળતા બ્રાન્ડના પડતરનું ધૂમ વેચાણ થાય છે. ભોળા ખેડુતોને જીએસટીના નામે બીક બતાવી વધુ ભાવ લેવાય છે.

ઊંઝાના કહોડામાં ચોરીઓની ઘટનાના મામલે સરપંચે બોલાવેલી ગ્રામસભા

ઊંઝા

ઊંઝા તાલુકાના કહોડા ગામમાં છેલ્લા બે મહિનાથી ચોરીઓની વણઝાર રહેતાં તાજેતરમાં સરપંચે બોલાવેલી ગ્રામ સભામાં ગણવાડાના ડફેરો ઉપર ચોરીની આશંકા સાથે વ્યાપક રાવ ઉઠતાં ગામના અગ્રણીઓએ ડફેરો સાથે વાતચીત કરી ચોરીના મામલે તપાસનો મામલો હાથ પર લીધો છે. ગત મંગળવારની રાત્રે હાઈવે ઉપરની કરીયાણાની દુકાનમાંથી બે લાખ ઉપરાંતના સરસામાનની ચોરી થતાં ગામમાં ચકચાર મચી જવા પામી છે.

જાણવા મુજબ ઊંઝા તાલુકાના કહોડામાં હાઈવે ઉપર તાળુ તોડી અંદર પ્રવેશી તેલની દુકાનને ટાર્ગેટ બનાવી તેલના ૧૫ ડબ્બા, ગોળના મોટા રવા- ૩૦, નાના રવા ૨૦, પાંચ લિટર તેલના સિંગતેલના ૧૨- ડબા, કપાસીયાના ૧૫ ડબા, ચોખા, મગ, મરચું, હળદર સહિત દુકાનમાંથી મોટી માત્રામાં કરિયાણાનો સરસામાનની અંદાજે ૧.૭૧ લાખના મુદ્દામાલની ચોરી થવા પામી હતી. જે અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી. કહોડામાં છાશવારે થતી ચોરીઓ બાબતે કહોડાના સરપંચ નારાયણભાઈ પટેલે ગ્રામસભા બોલાવી હતી. અને તેમાં વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. તેમજ ચોરીમાં શકમંદ તેવા ગણવાડાના ડફેરો સાથે મુલાકાત કરીને તેમજ પોતાની રીતે તપાસ ચલાવીને ચોરીઓ પર નિયંત્રણ લાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

સરપંચે ગ્રામજનોને અનુરોધ કર્યો હતો કે ગામની ચોરીઓ બાબતની ફરિયાદ પોલીસમાં દાખલ થવી જ જોઈએ. પોલીસને જાણ કરવાથી વધુ બંદોબસ્ત ફાળવી શકાય છે. ગામમાં વાહનોની બેટરી, વાહનોના ટાયરો કાઢી જવા, કેબલ ચોરી, ભેંસ ચોરીના બનાવોથી લોકો ત્રાસી ઉઠ્યા છે.

બહુચરાજી ડેપો દ્વારા મહેસાણા- બહુચરાજી ઊંચા કોટડા એક્સપ્રેસ બસ શરૂ: મુસાફરોમાં આનંદ

ચાણસ્મા

બહુચરાજી એસટી ડેપો દ્વારા મુસાફરો અને વેપારીઓની માગણીને ધ્યાને લઈ મહેસાણા- બહુચરાજી- ઉંચા કોટડા ચામુંડા માતાજીના ધામ સુધી નવી એક્સપ્રેસ બસનો બુધવારથી પ્રારંભ કરાતાં ચુંવાળ પંથકની જનતામાં હર્ષની લાગણી છવાઈ છે. યાત્રાધામ બહુચરાજીથી સૌરાષ્ટ્રમાં બિરાજતાં ચામુંડા માતાજીના પાવન ધામ ઉંચા કોટડાને જોડતી એસટી બસ શરૂ કરવા સ્થાનિક વેપારીઓ તેમજ આ વિસ્તારના લોકોની માગણી હતી. જેને ધ્યાને લઈ વિભાગીય નિયામક યોગેશ પટેલની સુચના મુજબ બુધવારથી આ બસનો પ્રારંભ કરાયો છે. ડેપો મેનેજર ભાવેશ વૈધના જણાવ્યા મુજબ, આ બસ સવારે ૯/૩૦ કલાકે બહુચરાજીથી ઉપડી મહેસાણા જશે. ત્યાંથી સવારે ૧૦/૪૦ કલાકે મહેસાણાથી ઉપડી ઊંચા કોટડા જવા રવાના થશે. જે વાયા, બહુચરાજી, વિરમગામ, સુરેન્દ્રનગર, લીમડી, ધંધુકા, બરવાળા, વલભીપુર, ભાવનગર, તમાજા થઈ રાત્રે ૮/૧૦ કલાકે ઊંચા કોટડા પહોંચશે. જ્યાંથી બીજે દિવસે સવારે ૬-૧૫ કલાકે ઉપડી આજ રૂટ ઉપર થઈને બપોરે ૩/૪૫ કલાકે મહેસાણા પહોંચશે. મહેસાણાથી ૩/૫૫ કલાકે ઉપડી ૪/૫૫ કલાકે બહુચરાજી પહોંચશે. અંદાજે ૪૨૫ કિમી અંતરની આ એક્સપ્રેસ બસનું ભાડું રૂા. ૨૭૭ થાય છે. બહુચરાજી સહિત સમગ્ર પંથકની જનતામાં આ બસ શરૂ થતાં આનંદની લાગણી છવાઈ છે. આ બસ શરૂ થતાં મા બહુચરના ધામ અને મા ચામુંડાના ધામ જવા- આવવા માગતા યાત્રિકોને સીધી બસ સેવા મળી રહેશે.

બહુચરાજીમાં પાટીદાર સમાજ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ યોજાયો

ચાણસ્મા

પાટીદાર બેટી બચાવો અંતર્ગત બેચર- બહુચરાજી સમસ્ત પાટીદાર પ્રગતિ યુવક મંડળ બહુચરાજી દ્વારા છેલ્લા એક વર્ષમાં જન્મેલી ૧૧ પાટીદાર દીકરીઓને વધાવવાનો કાર્યક્રમ ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ વિક્રમભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સાથે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ દાતાઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

બેચર- બહુચરાજી ગામ પાટીદાર સમાજ દ્વારા દીકરી જન્મના વધામણા માટે છેલ્લા દોઢ દાયકાથી બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત ગુરુવારે સાંજના બહુચરાજીની ઉમિયાવાડીમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં છેલ્લા એક વર્ષ દરમિયાન બેચર- બહુચરાજીમાં ગામમા પાટીદાર પરિવારમાં જન્મેલી ૧૧ દીકરીઓને અમેરિકા સ્થિત ભારતીબેન અને દશરથભાઈ પ્રભુદાસ લાટીવાળા તરફથી ચાંદીના સિક્કા તેમજ કપિલાબેન અને હર્ષદભાઈ લાટીવાળા તરફથી રૂા. ૧ હજારનું બચતપત્ર તેમજ મંડળ દ્વારા દરેક દીકરીના માતા-પિતાને સન્માનપત્ર આપી બહુમાન કરાયું હતું. આ ઉપરાંત, ધો.૫ થી અનુસ્નાતક સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

આ પ્રસંગે ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝાના પ્રમુખ વિક્રમ દાદા, મણીભાઈ મમ્મી અને કારોબારી સભ્યો, બહુચરાજી માર્કેટયાર્ડના ચેરમેન વિઠ્ઠલભાઈ લાટીવાળા, દાતા હર્ષદભાઈ લાટીવાળા, ડૉ.માધુભાઈ પટેલ, ભોજનદાતા ડાહ્યાભાઈ પટેલ (દેવગઢ), આત્મારામ મંત્રી, દશરથભાઈ પટેલ, જી.એમ. પટેલ સહિત દાતાઓ હાજર રહ્યા હતા. એન.આર. આઈ. હર્ષદભાઈ પટેલ દ્વારા જરૂરમંદ વિદ્યાર્થીઓ માટે દર વર્ષે રૂા. ૨૧ હજારની સહાયની જાહેરાત કરાઈ હતી. કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના હોદ્દેદારો, કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

રાધનપુરની બી.જે.ગઢવી બી.એડ્. કોલેજ દ્વારા મતદાન જાગૃતિ રેલી

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર ખાતે આવેલી શ્રી કરણી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.જે. ગઢવી બી.એડ્. કોલેજ દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી પાટણ ચૂંટણી અધિકારી રાધનપુરના માર્ગદર્શન હેઠળ મતદાન જન જાગૃત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેને લીલીઝંડી આચાર્ય ડૉ.મનિષા બેન વ્યાસે આપી હતી. સૌપ્રથમ કોલેજના પ્રાંગણમાં ૧૦૦ ટકા મતદાનનો સંકલ્પ તમામ તાલીમાર્થીઓએ લીધો હતો. ત્યારબાદ મતદાન જાગૃતિના સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢવામાં આવી હતી. રેલી શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. ત્યારબાદ બસ સ્ટેશન ખાતે મતદાન જાગૃતિ નાટક ભજવવામાં આવ્યું હતું. આ રેલીમાં બી.એન.પટેલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી રાધનપુર પ્રભાતસિંહ જાડેજા (રમીસ નોડલ) હાજર રહ્યા હતા.

કોલેજના પ્રો.શૈલેષભાઈ યોગી, પ્રો. અમિતભાઈ સોલંકી, પ્રો.દિલીપભાઈ પ્રજાપતિ, પ્રો.કૌશલભાઈ વ્યાસ, પ્રો.સ્નેહલબેન કાપડીયા, પ્રો.જીજ્ઞાબેન ઠક્કર, ગ્રંથપાલ રામભાઈ પટેલ, કલાર્ક ધર્મેન્દ્રભાઈ પટેલ, પટાવાળા વિકાસભાઈ ઠાકોર વગેરે હાજર રહ્યા હતા. આ રેલીમાં બહોળી સંખ્યામાં તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

ધાનેરાના થાવર ગામે ગેરકાયદેસર બાંધકામ રોકવા ઉગ્ર રજુઆત

એન.કે.મોદી

ગ્રામ પંચાયતની રહેમ નજર હેઠળ થાય છે બાંધકામ : ઇશ્વરભાઇ પટેલ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના થાવર ગામે આર.ટી.ઓ ચેકપોસ્ટની બાજુમાં ગેરકાયદેસર બાંધકામ થતુ હોવાથી ગ્રામજનો દ્વારા ગ્રામપંચાયત તેમજ તાલુકા પંચાયતને લેખીત રજુઆતો કરવા છતાં કોઇ પગલા ભરાતા નથી. જેથી ગ્રામજનોએ આ બાબતે જીલ્લા કલેકટરને લેખીત રજુઆતો કરવામાં આવી છે. આ મામલે ગામમાં પણ ભારે વિવાદ ઉભો થવા પામ્યો છે.

થાવર ગામે આર.ટી.ઓ ચેકપોસ્ટ આવતાજ થાવરની જમીનોના ભાવો આસમાને પહાંચી ગયા છે અને લોકોએ આડેધડ દબાણો પણ કર્યા છે. જયારે ચેકપોસ્ટની બાજુમાં આવેલ સર્વે નં-૨૫૧/૬/પૈકીઉ વાળી જમીનમાં બાંધકામની કામગીરી સરુ કરવામાં આવતા ભારે વિવાદ ઉભો થવા પામ્યો છે. અને કેટલાક ગ્રામજનો દ્વારા આ બાંધકામ બંધ કરાવવા પણ ગ્રામપંચાયત તેમજ તાલુકા પંચાયતમાં લેખીત રજુઆતો કરવામાં આવી હતી તેમ છતામ ગ્રામ પંચાયત દ્વારા આ બાંધકામ બાબતે કોઇ પણ પ્રકારના પગલા લેવામાં આવ્યા ન હોવાથી ગ્રામજનોમાં પંચાયત તેમજ તાલુકા પંચાયત સામે ભારે રોષ જોવા મળ્યો હતો અને ગ્રામજનોએ જીલ્લા કલેકટરને પણ આ બાબતે લેખીત રજુઆતો કરી છે.

થાવર ગ્રામ પંચાયતમાં કોઇ પણ પ્રકારની મંજુરી લીધા સિવાય થાવર ગામના હાઇવે ઉપર કેટલાય બાંધકામો ગેરકાયદેસર થવા પામ્યા છે. અને એક તો ૧૦૦ જેટલી દુકાનો વાળુ બીલ્ડીંગ બની જવા છતાં કોઇ પ્રકારના પગલા લેવામાં આવતા નથી તેથી ગ્રામજનોમાં નારાજગી છવાઇ છે.

મારી માલીકીની જમીન : રૂડાભાઇ

થાવર આર.ટી.ઓ.જોડેની જમીન બાબતે રૂડાભાઈનો સંપર્ક સાધતાં તેઓએ જણાવેલ કે તા.૧૭-૧૦-૧૭ ના શીપુ અસરગ્રસ્ત પાસેથી ગ્રાન્ટ થયેલ જમીન વેચાણ રાખેલ છે. સદરહુ જમીન બાબતે અગાઉ કેટલાક અસંતુષ્ઠ લોકોએ હાઈકોર્ટમાં પણ કેસ કરેલ પરંતુ હાઈકોર્ટે પણ સદરહુ કેસ ફાઈલ કરેલ છે. હાલમાં કોઈ પણ કોર્ટમાં અમારા નામે કોઈપણ જાતનો કેસ ચાલતો નથી. સદરહુ જમીન ટાઈટલ કલીયર હોઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ૫-૧૦-૧૭ ના રોજ બીન ખેતીનો હુકમ કરેલ છે. જેમાં હું હાલ મારી માલીકીની જમીનમાં શોપીંગ સેન્ટર બનાવી રહ્યો છું. આ બાબતે સરપંચનો સંપર્ક સાધતાં તેઓએ જણાવેલ કે આ પ્રશ્ન વ્યકિતગત હોઈ કોઈ આચારસંહીતાનો ભંગ થતો નથી.

દાવો ચાલુ હોવા છતાં પણ કરી દેવાઇ બીન ખેતી : ઇશ્વરભાઇ પટેલ (વકીલ)

થાવરની સર્વે નં-૨૫૧/૬/પૈકીઉ અને હાલના નવા સર્વે નંબર ૧૦૮૫ વાળી જમીનમાં ડીસા કોર્ટમાં દાવા નં-૯૫/૨૦૧૦ થી દાવો ચાલી રહ્યો છે અને આ કેશ પેન્ડીગ છે તેમ છતાં આ ખેતી ની જમીન ને બીનખીતીમાં ફેરવવામાં આવી છે તેમજ આ જમીનમાં બોર બનાવી ને ૭૦૮૫૦ નુ બાંધ કામ પણ કરી દેવામાં આવેલ છે. તેમ છતાં આ લોકો ગેરકાયદેસર કામગીરી કરતા પંચાયત ના લોકો પણ આમાં સામેલ હોવાથી આ લોકો સામે જીલ્લા કલેકટર ને લેખીત રજુઆતો કરવામાં આવી છે.

બટાટા નગરી ડીસામાં વિનોદચંદ્ર પટેલ પછી ગોરધનજી, લીલાધર વાઘેલા અને ગોવાભાઈ દેસાઈનો દબદબો

કારણ વગરનું રાજકારણ
ચૂંટણી ચક્રવ્યુહ
૨૦૧૭

યશપાલસિંહ ટી.વાઘેલા

આ વખતની ચુંટણીમાં ખરાખરીનો જંગ

ગુજરાત વિધાનસભા ચુંટણી - ૨૦૧૭ ના બીજા તબક્કામાં આવેદનપત્રો રજૂ કરવાના હવે ગણ્યા ગાંઠ્યા કલાકો - દિવસ રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા ધાનેરા - વડગામ સહિત ૧૩ બેઠકોના ઉમેદવારની યાદી જાહેર કરી જેમાં ધાનેરામાં ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ યુવાનને ટીકીટ આપી છે તો વડગામમાં એસ.સી.બેઠક ઉપર વિજયભાઈ ચક્રવર્તી પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ બ.કાં.છે. હવે ડીસા - પાલનપુરમાં બ્રાહ્મણ ઉમેદવાર જાહેર થાય તેવી શકયતા રહેલી છે. બનાસકાંઠા જિલ્લાની બટાટા નગરી ડીસા વીધાનસભા મત વિસ્તારમાં ૧૯૬૨ માં કોંગ્રેસના વિનોદચંદ્ર જેઠાલાલ પટેલ પોતાના હરિફ નવનીતલાલ શેઠને ૪૭૮૦ મતથી હરાવી વિજયી થયેલ તો ૧૯૬૭ માં શાંતિલાલ એસ.શાહ કોંગ્રેસ પોતાના નજીકના હરિફ એચ.વી.રાઠોડને ૪૦૭૩ મતથી હરાવ્યા ૧૯૭૨ માં કોંગ્રેસે ભીખાજી પુંજાજી પરમારને ઉમેદવાર બનાવતા શાંતિલાલ શાહને કોં. તરફથી ચુંટણી લડતા ભીખાજી પરમાર (કોંગ્રેસ) ૪૯૩૯ મતે વીજયી થયેલ. ૧૯૭૫ માં વિનોદચંદ્ર જે.પટેલને કોંગ્રેસ ઉમેદવાર બનાવતાં કોંગ્રેસના લીલાચંદ મણીલાલ શાહને ૫૧૨૦ મતથી હરાવી વીજેતા થયા હતા. ૧૯૮૦ જનતાપક્ષ તરફથી મોહનભાઈ વિસાભાઈ દેસાઈ - ૧૯૪૯૩ જયારે કોંગ્રેસના લીલાધર ખોડાજી વાઘેલા - ૧૮૩૬૦ મત મેળવતા મોહનભાઈ દેસાઈ - ૧૧૩૩ મતે વિજેતા થયા હતા. ૧૯૮૫ માં લીલાધરભાઈ વાઘેલા - અપક્ષ તરીકે ચુંટણી લડ્યાને તેમની સામે કોંગ્રેસે મોહનભાઈ વી.દેસાઈને ટીકીટ આપતા લીલાધરભાઈ અપક્ષ તરીકે ૧૬૪૦ મતથી વિજેતા થયા હતા. ૧૯૯૦ માં લીલાધરભાઈ વાઘેલાને જનતા દળે ઉમેદવાર બનાવેલ જયારે ભાજપે હરેશભાઈ એસ.જાનીને ઉમેદવાર બનાવતા લીલાધરભાઈ વાઘેલા ૧૦,૧૨૬ મતે વિજયી થયેલ ૧૯૯૫ માં ભાજપે માળી સમાજના ગોરધનજી માળીને ઉમેદવાર મૂક્યા તો કોંગ્રેસ પક્ષના ઉમેદવાર લીલાધરભાઈ વાઘેલા જેમાં ભાજપના વંટોળમાં ગોરધનજીનો ૨૫૪૮૧ જેટલા જંગી મતોથી વિજય થયેલ. ૧૯૯૮ માં ગોરધનજી - ભાજપ સામે ગોવાભાઈ દેસાઈ કોંગ્રેસ વચ્ચે જંગ થયેલ જેમાં ગોરધનજીનો - ૧૦,૪૫૧ મતે વિજય થયો. ૨૦૦૨ માં ગોરધનજી ભાજપ - ગોવાભાઈ કોંગ્રેસ વચ્ચેની ટક્કરમાં ગોવાભાઈ દેસાઈ - ૨૦૨૧ મતે વીજેતા થયેલ. ૨૦૦૭ મા ભાજપે લીલાધરભાઈને ઉમેદવાર બનાવ્યા તો કોંગ્રેસ ગોવાભાઈ દેસાઈને જેમાં લીલાધરભાઈ વાઘેલા ૧૮૬૨૨ મતે વિજેતા.૨૦૧૨ માં ભાજપે પુનઃ લીલાધરભાઈ વાઘેલાને રીપીટ કરતાં કોંગ્રેસના રાજેન્દ્ર ડી.જોષીને ૧૭૭૦૬ મતે હરાવી લીલાધરભાઈ વાઘેલા વિજયી થયેલા.તો ૨૦૧૪ માં લીલાધરભાઈ વાઘેલા પાટણ સાંસદ તરીકે ચુંટાતા પેટા ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર

અનુસંધાન પાના નં.૬

કાંકરેજ વિધાનસભાની ચૂંટણીમાં એક ઉમેદવારી પત્ર ભરાયું

યશપાલસિંહ ટી.વાઘેલા

કુલ ૩૮ ફોર્મનું વિતરણ થયું

તા.પ્રતિ. થરા

ગુજરાત વિધાનસભા ચૂંટણી -૨૦૧૭ બીજા તબક્કાની ચૂંટણીનું જાહેરનામું બહાર પડ્યાના પાંચ દિવસ વિત્યા છતાં ભાજપ- કોંગ્રેસ દ્વારા હજુ કેટલીક બેઠકોના નામ જાહેર થયા નથી તો ૧૫, કાંકરેજ વિધાનસભા મત વિસ્તારમાં પાંચ દિવસમાં કુલ ૩૮ કોરા આવેદનપત્રો વિતરણ થયા છે. ગઈકાલે ભારતીય સામાજીક પાર્ટીના ઉમેદવાર તરીકે કોતરવાડીયા મેરૂજી અમથાજી (શિહોરી) એ પોતાનું આવેદનપત્ર ૧૫-કાંકરેજ વિધાનસભા ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કર્યું હતું. આમ કાંકરેજ તાલુકામાં ઉમેદવારીપત્રોનો શુભારંભ થયો છે. હવે આજે કે સોમવારે ભાજપ - કોંગ્રેસ દ્વારા ઉમેદવારીપત્રો ભરાશે.

વડગામ બેઠક ઉપર કોંગ્રેસના સંભવિત ઉમેદવારનું પુતળા દહન કરી ભારે સુત્રોચાર કરાયો

વડગામ બેઠક ઉપર સ્થાનિક ઉમેદવાર મુકવા મુસ્લીમ સમાજની માંગ : કોંગ્રેસમાં બળવાના એંધાણ

પ્રતિનિધિ છાપી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો માહોલ સમગ્ર ગુજરાતમાં જામ્યો છે. ચૂંટણીના બીજા તબક્કાના ઉમેદવારોની પસંદગી પ્રક્રીયા ચાલુ થતાં અને સંભવિત ઉમેદારોના નામો એક બે દિવસમાં જાહેર થવાની સંભાવના વચ્ચે વડગામ અનામત બેઠક ઉપર કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય અને ૨૦૧૭ ની ચૂંટણીના સંભવિત ઉમેદવાર મણીભાઈ વાઘેલાનો તાલુકાના મુસ્લીમ સમાજમાં તેઓની ઉમેદવારી સામે વિરોધનો સુર ઉઠવા સાથે શુક્રવારે છાપી હાઈવે ઉપર મણીલાલ વાઘેલાના પૂતળાનુ

સુરેશ અગ્રવાલ

દહન કરવા સાથે તેઓ વિરૂધ્ધ ભારે સુત્રોચ્ચાર કરવામાં આવતા ભારે ઉત્તેજના ફેલાઈ હતી.

સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ પ્રદેશ કોંગ્રેસ દ્વારા બનાસકાંઠા જિલ્લાની નવ બેઠકો પૈકી ચાર બેઠક ઉપર સંભવિત ઉમેદવારોને ટેલીફોનીક સુચના આપી ફોર્મ ભરવા જણાવવામાં આવ્યું હતું. જેથી વડગામ બેઠક ઉપર મણીભાઈ વાઘેલાને પણ ટેલીફોનીક સુચના મળી હોવાનું કાર્યકરોને જાણ થતાં વડગામ તાલુકાના મુસ્લીમ સમાજના એક જુથ દ્વારા મણીલાલ વાઘેલાની ઉમેદવારીનો ભારે વિરોધ કરાઈ રહ્યો છે. દરમિયાન શુક્રવાર બપોરે કોંગ્રેસના

અનુસંધાન પાના નં.૬

થરાદ તાલુકાના વેપારીને રૂા.૧૭.૧૨ લાખમાં નવડાવનાર વિકાસ ઝડપાયો

પતંજલીની ડીલરશીપ આપવાના બહાને ૧૭.૧૨ લાખની છેતરપીડી કરી હતી : થરાદ પોલીસને મોટી સફળતા : છેતરપીડીનો આંકડો કરોડોમાં નિકળે તેવી શક્યતાઓ

થરાદ

થરાદના લુણાવાના એક યુવા વેપારી પતંજલીના ડીલરશીપ બનવા માટે ઓનલાઈન ફોર્મ ભરવા જતાં વિકાસ નામના નકલી જનરલ મેનેજરે રૂપીયા ૧૭,૧૨,૫૮૫ની છેતરપીંડી કરી હતી.થરાદ પોલીસે દોઢ મહીનાની મહેનતના અંતે આખરે બિહારના વિકાસને ઝડપી લેવામાં મોટી સફળતા મેળવી હતી.જોકે આ શખ્સ પાસેથી કરોડોનું કૈભાંડ નિકળવાની શક્યતા પણ પોલીસ જોઈ રહી છે.

લાખણીમાં શિવશક્તિ

ઈરીગેશન નામની દુકાન ધરાવતા થરાદ તાલુકાના લુણાવા ગામના જયંતીભાઈ ધનાજી પઢીયાર (માળી)ને પતંજલીના ડીસ્ટ્રીબ્યુટર બની ધંધો કરવાની ઈચ્છા થતાં તેમણે ગત ૧૯/૦૮/૨૦૧૭ના રોજ પોતાના લેપટોપમાં નેટ પર પતંજલી આર્યુર્વેદીક નામની વેબસાઈટ સર્ચ કરી ઓનલાઈન ડીસ્ટ્રીબ્યુટર બનવાની તમામ કાર્યવાહી પુર્ણ કરતાં જનરલ મેનેજર વિકાસકુમાર નામના શખ્સે વિવિધ પ્રકારે તબક્કાવાર ૧૭,૧૨,૫૮૫ની છેતરપીડી કરી હતી. જેની ગત સપ્ટેંબરે ફરીયાદ નોંધાતાં વધુ તપાસ પીએસઆઈ ડી એન શર્મા, રાયટર નવિનભાઈ ચૌધરી અને પ્રકાશભાઈએ હાથ ધરી હતી. દોઢ મહીનાની મહેનતના અંતે થરાદ પોલીસે

અનુસંધાન પાના નં.૬

ધાનેરામાં ભાજપની ટીકીટ ફાળવાતા 'કહી ખુશી કહી ગમ' નો માહોલ

પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહીત અપક્ષ ચૂંટણી લડશે ??

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં ભાજપે માવજીભાઈ દેસાઈને ટીકીટ ફાળવતાં કાર્યકરોમાં 'કહી ખુશી કહી ગમ' નો માહોલ છવાયો છે. જેમાં પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહીત અપક્ષ ઉમેદવારી કરશે તેવા સમાચાર સોશ્યલ મીડીયામાં વાયરલ થવા પામ્યા છે.

ધાનેરામાં ભાજપના ઉમેદવારને લઈ મડાગાંઠ સર્જાઈ હતી. જેમાં આયાતી ઉમેદવાર નહીં ચાલે તેવા અગાઉ બેનરો લાગતા મામલો ગરમાયો હતો. તેમ છતાં ગઈકાલે ભાજપે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસ ડેરીના વા.ચેરમેન માવજીભાઈ દેસાઈને ટીકીટ ફાળવી હતી. જેથી પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહીતના ટેકેદારો તેમને આવકારવા પણ આવ્યા ન હતા. અને સોશ્યલ મીડીયામાં તેમને અપક્ષ દાવેદારી નોંધાવશે તેવા સમાચાર વાયરલ થયા હતા. આ બાબતે તેમનો મોબાઈલ ફોનથી સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે ભાજપે સીટ ગુમાવવા માટે આપી છે. તેવુ મારા બ્રાહ્મણ, પટેલ, દલિત, ઠાકોર, રબારી, પ્રજાપતિ વિગેરે સમાજના ટેકેદારો મને જણાવી મને ચૂંટણી લડાવવા મથી રહ્યા છે. પરંતુ હું ભાજપનો જ છું પણ પ્રજાનો સાથ મળી રહ્યો છે તેથી અપક્ષ લડીને પણ ભાજપની સીટ જાળવી રાખીશ.

કાંકરેજ ભાજપના ઉમેદવાર સોમવારે ફોર્મ ભરશે

પ્રતિનિધિ થરા

કાંકરેજ વિધાનસભા બોઠકના ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલા ટેકેદારો સાથે તા.૨૭/૧૧/૧૭ ને સોમવારે બપોરે ૧૨.૩૯ ક. ના વિજય મુહુર્તે ફોર્મ ભરશે. તે નિમિત્તે ખારીયા ખાતે વિશાળ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

કાંકરેજ વિધાનસભા બેઠકમાં ભાજપે કિર્તિસિંહ વાઘેલાને ફરી ટીકીટ ફાળવી છે. તેથી ભાજપ કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે. જેમણે દેવદરબારના મહંતના આશિર્વાદ મેળવી પ્રચાર

અનુસંધાન પાના નં.૬

બનાસકાંઠાની નવ બેઠકોમાં કુલ ૨૧,૪૦,૩૦૩ મતદારો

જિલ્લામાં ૧૩ અન્ય મતદારો પણ સામેલ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાની નવ વિધાનસભા બેઠકમાં પરંપરાગત હરીફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો ચૂંટણી જંગ જામ્યો છે. હજુ સોમવારે ફોર્મ ભરવાની છેલ્લી મુદત બાદ ફોર્મની ચકાસણી અને ફોર્મ પરત ખેંચાયા બાદ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે. પરંતુ વહીવટીતંત્રે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ બાદ મતદારોની ફાઈનલ યાદી જાહેર કરી છે. જેમાં જિલ્લાની નવ બેઠકમાં કુલ ૨૧,૪૦,૩૦૩ મતદારો નોંધાયા છે. જેમાં સૌથી વધુ વડગામ બેઠકમાં ૨,૬૦,૫૩૯ મતદારો અને થરાદ બેઠકમાં સૌથી ઓછા ૨,૦૮,૪૧૮ મતદારો નોંધાયા છે. જ્યારે થરાદમાં- એક, ધાનેરામાં -બે, વડગામમાં બે, દિયોદરમાં - એક અને કાંકરેજમાં સૌથી વધુ વાત મળી કુલ ૧૩ અન્ય મતદારો પણ નોંધાયા છે.

બેઠકનું નામ	પુરુષ મતદારો	સ્ત્રી મતદારો	કુલ મતદારો
૭-વાવ	૧,૩૪,૮૭૬	૧,૨૧,૫૪૭	૨,૫૬,૪૨૩
૮-થરા	૧,૧૦,૬૨૨	૯૭,૭૯૫	૨,૦૮,૪૧૮
૯-ધાનેરા	૧,૨૧,૪૮૮	૧,૦૭,૩૮૨	૨,૨૮,૮૭૨
૧૦-દાંતા(અ.જ.જા.)	૧,૧૨,૭૯૭	૧,૦૫,૮૬૮	૨,૧૮,૬૬૫
૧૧-વડગામ(અ.જા.)	૧,૩૩,૦૨૭	૧,૨૭,૫૧૦	૨,૬૦,૫૩૯
૧૨- પાલનપુર	૧,૩૦,૧૨૫	૧,૨૦,૪૬૦	૨,૫૦,૫૮૫
૧૩-ડીસા	૧,૩૦,૯૩૪	૧,૧૯,૦૩૩	૨,૪૯,૯૬૭
૧૪- દિયોદર	૧,૧૪,૦૦૬	૧,૦૦,૯૦૪	૨,૧૪,૯૧૧
૧૫- કાંકરેજ	૧,૩૨,૬૮૪	૧,૧૯,૨૩૨	૨,૫૧૯૨૩
કુલ મતદારો	૧૧,૨૦,૫૫૯	૧૦,૧૯૭૩૧	૨૧,૪૦,૩૦૩

ધાનેરામાં ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈનું સ્વાગત

(એન.કે.મોદી)

(તા.પ્રતિ.) ધાનેરા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે બનાસકાંઠાની ધાનેરા બેઠક પર ભાજપ દ્વારા બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ મગનભાઈ દેસાઈને ઉમેદવાર તરીકે જાહેર કરાતા ધાનેરાના કાર્યકરોમાં તેમજ મતવિસ્તારની જનતામાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. માવજીભાઈ દેસાઈ પોતાનું નામ જાહેર થયા બાદ શુક્રવારે બપોરે ધાનેરા પહોંચતા ઠેરઠેર તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું હતું અને ધાનેરાના ભાજપના તમામ હોદેદારો કાર્યકરોએ તેઓને આવકારી જંગી બહુમતીથી જીતાડવાની બાહેધરી આપી હતી.

ધાનેરા બેઠક માટે ભાજપ દ્વારા યુવા અને ઉત્સાહી તેમજ શિક્ષિત અને વેપારી એવા ઉમેદવાર માવજીભાઈ મગનભાઈ દેસાઈની જાહેરાત થતા સમગ્ર મતવિસ્તારમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે. માવજીભાઈ રબારી સુશિક્ષિત તેમજ વેપારી અને યુવા સહકારી અગ્રણી છે. તેઓ હાલમાં બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે સેવાઓ આપી

અનુસંધાન પાના નં.૬

જિલ્લાની અનેક બેઠકો પર ભાજપને ફાયદો થશે

ભાજપ દ્વારા ઘણા સમય બાદ રબારી સમાજના યુવા અગ્રણીને ધાનેરામાં ઉમેદવાર બનાવતા સમગ્ર માલધારી સમાજ માં આનંદની લહેર જોવા મળી રહી છે.ધાનેરા મા માવજીભાઈ દેસાઈ અને ભાજપે ટિકિટ આપતા તેનો ફાયદો જિલ્લાની અનેક બેઠકો પર ભાજપને થશે તેવા સ્પષ્ટ સંકેત જોવા મળી રહ્યા છે.

સમ્રાટ શેરસિંહ રાણા રવિવારે અને મંગળવારે બનાસકાંઠામાં

તેમના આગમન ટાણે બનાસકાંઠામાં ઠેર - ઠેર સ્વાગત થશે

પાલનપુર

ઉત્તરાખંડના રૂડકી ગામના વતની અને સમગ્ર હિન્દુસ્તાન ના હૃદય સમ્રાટ શેરસિંહ રાણા રવિવારે ધાનેરામાં અને મંગળવારે કાંકરેજના વડામાં પધારી રહ્યા છે. જેમનું મહેસાણા, સિધ્ધપુર, પાલનપુર, ડીસા સહિત ગામે ગામ ઠેર- ઠેર સ્વાગત કરવામાં આવશે. આ પ્રસંગે મહાકાલ

સેનાના હોદ્દેદારો સહિત કાર્યકરો ઉપસ્થિત રહેશે.

સમગ્ર હિન્દુસ્તાનને જેમના ઉપર નાજ છે એવા છેલ્લા હિંદુ

અનુસંધાન પાના નં.૬

શેરસિંહ રાણા કોણ છે ?

શેરસિંહ રાણા એવી શખ્સિયત છે કે, જેઓ ઉપર સાંસદ અને ચંબલની ડાકુ ગણાતી ફુલનદેવી કે જે આમ લોકો ઉપર અત્યાચાર કરતી હતી. તેમની હત્યાનો આરોપ શેરસિંહ રાણા ઉપર છે. ત્યારે દેશની સૌથી સુરક્ષિત ગણાતી તિહાર જેલમાંથી ફરાર થઈ પોલીસ તેમને શોધવા હવાતીયા મારી રહી હતી. ત્યારે તેઓ છેલ્લા હિન્દુરાજા પૃથ્વીરાજ ચૌહાણની સમાધિ અફઘાનિસ્તાનમાં આવી હોવાથી તેમજ તેમની સમાધિને ત્યાં જુતા મારવાનો રિવાજ હોવાના કારણે તેમની સમાધિમાંથી તેમની અસ્થિઓ ભારત પરત લાવી ભારત દેશને સ્વાભિમાન અપાવવા માટે જે કોઈ ન કરી શકે તેવું અકલ્પિનય કામ કર્યુ હતુ. તેમજ અફઘાનિસ્તાનમાંથી પરત ફરી તેઓ સામેથી પોલીસ સમક્ષ સરઅંડર થયા હતા. આ ઉપરાંત શેરસિંહ રાણા ઉપર બોલીવુડમાં એક ફિલ્મ પણ બની રહી છે.

પાલનપુરના મડાણા(ગઢ)ની નહેરમાં ટ્રેક્ટર ખાબક્યું

પાલનપુર

પાલનપુર તાલુકાના મડાણા(ગઢ) ગામની નહેર પાસેથી પસાર થતા ટ્રેક્ટરના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેક્ટર પાણી ભરેલી નહેરમાં ખાબક્યું હતું. જેને જોવા લોકો ઉમટ્યા હતા. જોકે, સદનસીબે જાનહાની ટળી હતી.

વડગામ વિભાગમાંથી ૧૧ ઉમેદવારી પત્રોનું વિતરણ

બે ઉમેદવારોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી

તા.પ્રતિનિધિ વડગામ

૧૧- વડગામ વિધાનસભા મતક્ષેત્રમાં ગઈ રકાલ તા.૨૩/૧૧/૧૭ ને ગુરૂવાર સુધી કુલ અગિયાર ઉમેદવારી પત્રો વિતરણ થયા હતા અને બે ઉમેદવારીએ ગઈકાલે ચૂંટણી અધિકારી ડી.કે. હડીયલ સમક્ષ ઉમેદવારી નોંધાવી હતી. તેવું વડગામ ચૂંટણી શાખાના ના.મામલતદાર જી.બી.પંચાલે જણાવ્યું હતું. દરમ્યાન મામલતદાર અને મદદનીશ

અનુસંધાન પાના નં.૬

શ્રધ્ધાંજલિ

સ્વ.ડાયાભાઈ ભેમાભાઈ આલ
સ્વ.તા.૨૩/૧૧/૨૦૧૭
(માગસર સુદ પાંચમ ગુરૂવાર)

હે પ્રભુ તારા ખજાને શું ખોટ પડી કે,
અમારા ખજાને ધાડ પાડી,
ધરી દિવ્ય દેહ એ તો અવતારી થયા,
હસીને હસાવનાર સૌને
રડાવી ગયા, અનંત બ્રહ્માંડના
નાથ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ આપે એજ
માં લિંબજને પ્રાર્થના....

લિ.

સ્વ.વશરામભાઈ ભેમાભાઈ આલ - ભાઈ
સ્વ.રાજાભાઈ ભેમાભાઈ આલ - ભાઈ
દેવાભાઈ ભેમાભાઈ આલ - ભાઈ
દાંનાભાઈ ભેમાભાઈ આલ - ભાઈ
ભાથીભાઈ વશરામભાઈ આલ - ભત્રીજા
તેજાભાઈ રાજાભાઈ આલ - ભત્રીજા
રાંણાભાઈ દેવાભાઈ આલ - ભત્રીજા
ઈશ્વરભાઈ દાંનાભાઈ આલ - ભત્રીજા
ભરત હિરાવંશી (સાહિત્યકાર) - પૌત્ર
સમસ્ત આલ પરિવાર - ચોરા પરબડી

મુ.પો.ચોરા પરબડી, તા.ડીસા, જિ.બનાસકાંઠા